કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
માંડવી તાલુકાના સિરવા, મેરાઉ, ગોધરા, મોટા લાયજા, ભીરસરા, બાડા, જનકપર, બાયડ, પદમપર, કાઠરા, દુર્ગાપુર, રાયણ, કોડાય, ડોણ, રતાડીયા, તલવાણા, નાની ખાખર, મસ્કા, ગુંદીયાળી, બિદડા, વાડા, ભાડાઈ, ફરાદી, પુનડી, જખણીયા, આસંબીયા, પીપરી, ભાડીયા, તથા આસપાસના વિસ્તારોમાં સકર્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલિ અભિનંદન, જાહેર ખબર માટે સંપર્ક કરો
અમરભાઈ વાઢાઃ 98790 14187
કલ્યાણ કોમ્પલેક્ષ, એસ.ટી. રોડ, માંડવી-કચ્છ.

ગાંધીધામ (પૂર્વ કચ્છ) ભૂજ (પશ્ચિમ કચ્છ)થી પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક તથા ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક કિંમત રૂા. ૨.૦૦/-
ગેસ બચાવો-દેશસેવામાં જોડાવો : ગભરાવો નહીં-ખોટી અફવાઓથી બચો
Website : www.kutchuday.com
E-mail : kutchuday@gmail.com
તા.૦૬ જૂન, ૨૦૨૬ શનિવાર
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
# કચ્છ ઉદય
33 વર્ષથી અપનમ રહેતું કચ્છનું એક માત્ર અડિખમ સાંધ્ય દૈનિક

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
અંજાર તાલુકાના ભીમાસર, વરસામેડી, લાખાપર, સતાપર, દુધઈ, મોટા લોહારીયા, સીનુગ્રા, ખંભરા, ચંદીયા, નાગલપર, મેઘપર બોરીચી, તુણા વંઢી, રામપર, બીટા વલાડીયા, ટપ્પર, સંઘડ, માથક,વીરા વલાડીયા, રતનાલ, કોટડા(ચક્કાર),આંબાપર તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલિ, અભિનંદન જાહેરખબર માટે સંપર્ક કરો
ચેતન રાવલ : 98790 14192
નગરપાલિકા કોમ્પલેક્ષ, મામલતદાર કચેરીની સામે, અંજાર-કચ્છ

◆અંક નંબર : ૦૧૬◆વર્ષ : 33 ◆પાના - ૧૪ ◆ મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH-184-2019-2021 ◆RNI No. 54972/94◆ સંવત ૨૦૮૨ ◆ જેઠ વદ - ૬ ◆ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ◆ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

# મધ્યપૂર્વમાં તંગદીલી : અમેરિકા-ઈરાન ફરી આમનેસામને

## ઈરાનની રડાર સિસ્ટમ અમેરીકાના નિશાને, અમેરીકાએ કર્યો ભીષણ બોમ્બમારો : ઈરાને તેલ-ગેસની સપ્લાય સંપૂર્ણ ઠપ્પ કરવાની આપી ચેતવણી : ઈરાને કર્યો વળતો પ્રહાર : યુએસના એરબેઝ પર છોડી બેલેસ્ટીક મિસાઈલ

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : મિડલ ઈસ્ટ (મધ્ય પૂર્વ) માં ચાલી રહેલો તણાવ હવે વધુ વિસ્ફોટક સપાટીએ પહોંચી ગયો છે. સ્ટ્રેટ ઓફ હોર્મુઝ નજીક અમેરિકા અને ઈરાનની સેનાઓ વચ્ચે સીધો સૈન્ય સંઘર્ષ શરૂ થયો હોવાના અહેવાલો સામે આવ્યા છે. ઈરાન દ્વારા કરવામાં આવેલા ડ્રોન હુમલા અને ફાયરિંગના જવાબમાં અમેરિકન સેનાએ આક્રમક વળતો પ્રહાર કરીને ઈરાનના સૈન્ય ઠેકાણાઓને નિશાન બનાવ્યા છે, જેના કારણે બંને દેશો વચ્ચે ચાલી રહેલી સીઝફાયર (યુદ્ધવિરામ) ની મંત્રણાઓ પર જોખમ ઊભું થયું છે.ઈરાનની અર્ધ-સરકારી ન્યૂઝ એજન્સી 'મેહર' ના જણાવ્યા અનુસાર, હોર્મુઝ પ્રદેશ નજીક અમેરિકન નૌકાદળના જહાજોની શંકાસ્પદ હિલચાલ જોવા મળતા ઈરાને 'ચેતવણી' ના ભાગરૂપે અંધાધૂંધ ફાયરિંગ કર્યું હતું. આ ફાયરિંગ વ્યૂહાત્મક બંદર શહેર 'બંદર અબ્બાસ' ના દરિયાકાંઠાથી થોડે દૂર



આવેલા લારેક દ્વીપ નજીક કરવામાં આવ્યું હતું.

બીજી તરફ, અમેરિકન અધિકારીઓએ દાવો કર્યો છે કે ઈરાને હોર્મુઝ તરફ અનેક એટેક ડ્રોન લોન્ચ કર્યા હતા. યુએસ સેન્ટ્રલ કમાન્ડે સત્તાવાર નિવેદનમાં જણાવ્યું કે, પ્રાદેશિક દરિયાઈ વાહનોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને અમેરિકન સેનાએ ઈરાનના ૪ હુમલાખોર ડ્રોનને હવામાં જ તોડી પાડ્યા છે. એટલું જ નહીં, ભવિષ્યના હુમલા અટકાવવા માટે આત્મરક્ષામાં અમેરિકાએ ગોરુક અને કેશમ દ્વીપ પર સ્થિત ઈરાની તટીય દેખરેખ રડાર સાઈટ્સ પર બોમ્બમારો કરીને તેને તબાહ કરી દીધી છે. જોકે, ઈરાની મીડિયાએ બંદર અબ્બાસ પર હુમલાના દાવાને પાયાવિહોણો ગણાવ્યો છે.આ સૈન્ય અથડામણની થોડી જ ક્ષણો પહેલા અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે એક ટીવી ઈન્ટરવ્યુમાં દાવો કર્યો હતો કે લાંબા સંઘર્ષના કારણે ઈરાનની સૈન્ય તાકાત નબળી પડી છે અને હવે તેની પાસે માત્ર ૨૧% થી ૨૨% જેટલી જ મિસાઈલો બચી છે. કુવૈતના

અનુસંધાન પાના નં.૪ પર

## કોકરોચ જનતા પાર્ટીના સ્થાપક અમેરિકાથી દિલ્હી પહોંચ્યા : વિરોધ પ્રદર્શનને પોલીસની લીલીઝંડી





નવી દીલ્હી :મેડિકલ પ્રવેશ પરીક્ષા 'NEET' ના પેપર લીક અને દેશની શિક્ષણ વ્યવસ્થામાં કથિત ગેરરીતિઓના મુદ્દે રાજધાની દિલ્હીમાં મોટું આંદોલન શરૂ થવા જઈ રહ્યું છે. દિલ્હી પોલીસે 'કોકરોચ જનતા પાર્ટી' ને જંતર-મંતર પર શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શન કરવાની સત્તાવાર મંજૂરી આપી દીધી છે. આ પહેલા પ્રદર્શન પર રોક લગાવવાની માંગ કરતી અરજી પર દિલ્હી હાઈકોર્ટે તાત્કાલિક સુનાવણી કરવાનો ઈનકાર કરી દીધો હતો, જેના કારણે હવે આ પ્રદર્શનના માર્ગમાં તમામ કાનૂની અવરોધો દૂર થઈ ગયા છે.આ વિરોધ પ્રદર્શનનું નેતૃત્વ કરી રહેલા 'કોકરોચ જનતા પાર્ટી' ના સ્થાપક અભિજિત દીપકે શનિવારે સવારે જ અમેરિકાના બોસ્ટનથી નવી દિલ્હી એરપોર્ટ પર ઉતર્યા છે. ભારત પહોંચતાની સાથે જ તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ઠ' પર પોતાના સમર્થકોને ખાસ અપીલ કરી છે. તેમણે લખ્યું કે, "લેન્ડિંગ થઈ ગયું છે. જંતર-મંતર પર આપ સૌને મળવાની આતુરતાથી રાહ જોઈ રહ્યો છું. સાથે પુસ્તક અને આપણો તિરંગો લાવવાનું ભૂલતા નહીં!

અનુસંધાન પાના નં.૪ પર

## US સાથે જુલાઈમાં વેપાર કરાર પર હસ્તાક્ષરની શક્યતા : પીયૂષ ગોયલ

નવી દીલ્હી : કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલેએ શુક્રવારે જણાવ્યું કે ભારત અને અમેરિકા વચ્ચેના દ્વિપક્ષીય વેપાર કરારના પ્રથમ તબક્કા પર આગામી જુલાઈ મહિનાના મધ્ય સુધીમાં હસ્તાક્ષર થવાની શક્યતા છે.ગોયલે જણાવ્યું હતું કે ૨થી ૪ જૂન દરમિયાન બંને દેશો વચ્ચે ખૂબ જ સકારાત્મક અને વ્યાપક ચર્ચાવિચારણા થઈ હતી.અમેરિકાના વેપાર વિભાગના વિવિધ અધિકારીઓની ટીમ નવી દિલ્હી આવી હતી અને તેમણે પણ તેમની સાથે બેઠક કરી હતી. આગામી મહિનાના મધ્ય સુધીમાં દ્વિપ ક્ષીય વેપાર કરારના પ્રથમ તબક્કાને અમલમાં મૂકવાની



સ્થિતિમાં હોઈશું. આ કરાર ભારતને તેના સ્પર્ધક દેશોની સરખામણીએ વિશેષ વેપાર લાભ આપશે. આ મહિનાના અંત સુધીમાં અમેરિકાનું ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ પણ ભારતની મુલાકાત લઈ શકે છે. અમેરિકાના પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે ગુરુવારે કહ્યું હતું કે ભારત અને અમેરિકા ટૂંક સમયમાં વેપાર કરારને અંતિમ સ્વરૂપ આપશે.

## પાકીસ્તાન પર ભારતનો જળપ્રહાર : સિંધુજળ મુદ્દે મોટો ફટકો

### જમ્મુ-કાશ્મીર ભારતનો અભિન્ન હિસ્સો છે અને સ્વિસ રાજદૂત અથવા અન્ય કોઈ પણ રાજદૂત ત્યાં મુલાકાત લઈ શકે છે

નવી દિલ્હી : ચિનાબ અને બિયાસ નદી પર બે પ્રોજેક્ટની પાકિસ્તાનને કરેલી ટીકાને ફગાવી દેતા ભારતે શુક્રવારે ફરી એકવાર સ્પષ્ટ કર્યું હતું કે પાકિસ્તાન સંપૂર્ણપણે સીમાપારના આતંકવાદને સમર્થન આપવાનું બંધ નહીં કરે ત્યાં સુધી સિંધુ જળ સંધિ સ્થગિત રહેશે.ચિનાબ-બિયાસ લિંક ટનલ પ્રોજેક્ટ અને સલાલ ડેમમાંથી સિલ્ટ કાઢવાની યોજનાઓ દ્વારા ભારત પાણીનો એક હથિયાર તરીકે ઉપયોગ કરી રહ્યું હોવાના પાકિસ્તાનના આક્ષેપ પછી ભારતના વિદેશ મંત્રાલયે આ પ્રતિક્રિયા આપી હતી. નવી દિલ્હીમાં સાપ્તાહિક મીડિયા બ્રીફિંગમાં વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે અમે સિંધુ જળ સંધિને સ્થગિત કરી છે અને પાકિસ્તાન સંપૂર્ણપણે સીમાપારનો આતંકવાદ બંધ ન કરે ત્યાં સુધી તે સ્થગિત જ રહેશે. જમ્મુ-કાશ્મીરમાં સ્વીસ રાજદૂતની મુલાકાત અંગે પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે આપેલા નિવેદન અંગેના એક સવાલના જવાબમાં જયસ્વાલે જણાવ્યું હતું કે સ્વિસ રાજદૂતે જમ્મુ-કાશ્મીરની મુલાકાત લીધી હતી અને ત્યાં અનેક બેઠકો યોજી હતી. જમ્મુ-કાશ્મીર ભારતનો અભિન્ન હિસ્સો છે અને સ્વિસ રાજદૂત અથવા અન્ય કોઈ પણ રાજદૂત ત્યાં મુલાકાત લઈ શકે છે. ગયા મહિને ભારતે સિંધુ જળ સંધિ અંગે કોર્ટ ઓફ આર્બિટ્રેશનના એક ચુકાદાને ફગાવી દઈને આ આ કોર્ટ ગેરકાયદે રીતે રચવામાં આવી હોવાનો વળતો પ્રહાર કર્યો હતો.આ મુદ્દે મીડિયાના સવાલનો જવાબ આપતા વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ જણાવ્યું હતું કે ૧૫ મે, ૨૦૨૬ના રોજ આ ગેરકાયદેસર રીતે રચાયેલી અદાલતે સિંધુ જળ સંધિના અર્થઘટન અને મહત્તમ જળસંગ્રહ ક્ષમતા સંબંધિત

અનુસંધાન પાના નં.૪ પર

## મધ્યપ્રદેશ કોંગ્રેસમાં મોટો હોબાળો

નવીદિલ્હી :: મધ્યપ્રદેશ કોંગ્રેસ અત્યારે એક ઐતિહાસિક બદલાવ અને 'કમલનાથ-દિગ્વિજય યુગ'ના અંતની સાક્ષી બની રહી છે. પ્રદેશ રાજકારણમાં 'ટીમ રાહુલ' ની એન્ટ્રી સાથે એક નવી પેઢીના હાથમાં કમાન સોંપાઈ રહી છે. આગામી રાજ્યસભા ચૂંટણી માટે ઉમેદવાર તરીકે મીનાક્ષી નટરાજન) ના નામની જાહેરાત માત્ર એક સામાન્ય નિર્ણય નથી, પરંતુ તે કોંગ્રેસની જૂની પરંપરાગત રાજનીતિ પર યુ-ટર્ન હોવાની મહોર લગાવે છે.૨૦૨૩ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપે શિવરાજ સિંહ ચૌહાણની 'લાડલી બહેના' યોજનાના દમ પર મોટી જીત મેળવી અને કોઈપણ આંતરિક વિખવાદ વગર સત્તા મોહન યાદવને સોંપી દીધી હતી. બીજી તરફ કોંગ્રેસમા જૂની વિરૂદ્ધ નવી પેઢીનો જંગ ચાલતો રહ્યો. હવે રાહુલ ગાંધીએ કડક નિર્ણયો લેતા સ્માં પૂરી રીતે નવી પેઢીને આગળ વધારવાનો પ્લાન બનાવ્યો છે.

આદિવાસી નેતા ઉમંગ સિંઘારને નેતા વિપક્ષ બનાવવા, જીતુ પટવારીને પ્રદેશ પ્રમુખની ખુરશી

અનુસંધાન પાના નં.૪ પર

## તમિલનાડુના રાજકારણમાં નવો ધડાકો

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : તમિલનાડુના રાજકારણમાં એક બહુ મોટો ઉલટફેર જોવા મળ્યો છે. તમિલનાડુ ભાજપના પૂર્વ પ્રદેશ પ્રમુખ કે. અન્નામલાઈએ શુક્રવારે સત્તાવાર રીતે ભારતીય જનતા પાર્ટીના પ્રાથમિક સભ્યપદેથી રાજીનામું આપી દીધું છે. ભાજપ છોડ્યાની સાથે જ તેમણે પોતાના નવા રાજકીય આંદોલન 'ઈધુ નમ્મા ઈયક્કમ' (આ આપણું આંદોલન છે) ની જાહેરાત કરી છે, જેને જનતા તરફથી અભૂતપૂર્વ અને રેકોર્ડબ્રેક પ્રતિસાદ મળ્યો છે. આ નવા અભિયાનની શરૂઆતના માત્ર ૧૦ કલાકની અંદર જ ૧૦ લાખથી વધુ લોકો સભ્ય તરીકે નોંધણી કરાવી ચૂક્યા છે.પોતાના નવા આંદોલનની આ અસાધારણ સફળતા

અનુસંધાન પાના નં.૪ પર

## પેટ્રોલથી ૨૦ રૂપિયા સસ્તુઃ માર્કેટમાં આવ્યું નવું "ઈંધણ"

નવી દિલ્હી : દેશભરમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં માત્ર ૧૦ દિવસમાં ચાર ગણો વધારો થયો છે, જેના કારણે સામાન્ય માણસના ખિસ્સા પર મોટો બોજ પડ્યો છે. પેટ્રોલ અને ડીઝલના વધતા ભાવને કારણે રોજિદા વસ્તુઓના ભાવમાં પણ વધારો થયો છે. આ દરમિયાન, સરકારે કેટલીક રાહતની જાહેરાત કરી છે. જ્યારે પેટ્રોલ અને




ડીઝલના ભાવમાં ઘટાડો થયો નથી, તો દિલ્હીમાં મુસાફરી કરવી એટલી મોંઘી નહીં થાય.

અનુસંધાન પાના નં.૪ પર

## રાજ્યસભાના ઉમેદવારો જાહેર થતા જ હવે કેન્દ્રીય મંત્રીમંડળમાં ફેરફારની ચર્ચા



### બે કેન્દ્રીય મંત્રીઓને ફરી રાજ્યસભાની ટિકીટ નહી : મોદી કેબીનેટમાં નવા ચહેરા આવશે!

### રવનીતસિંહ બિટ્ટુ અને જ્યોર્જ કુરીયનને ભાજપે ઉપલા ગૃહમાં રિપીટ ન કર્યા : અગાઉ બે કેન્દ્રીય મંત્રીઓને સંગઠનમાં જવાબદારી સોંપાતા તેઓના સ્થાન પણ ખાલી પડશે : જૂનના મધ્યમાં ફેરફાર શક્ય

(એજન્સી દ્વારા)

નવી દિલ્હી : આગામી તા.૧૮ના રોજ યોજનારી રાજ્યસભાની ચુંટણીમાં ઉમેદવારોના નામ જાહેર થતા જ તેની સાથે કેન્દ્રીય કેબીનેટમાં ફેરફાર અંગે પણ સંકેતો મળવા લાગ્યા છે અને માનવામાં આવે છે કે તા.૧૦ જૂન આસપાસ મોદી સરકારના મોટા ફેરફાર થશે. રાજ્યસભાના ઉમેદવારોની યાદીમાં બે કેન્દ્રીય મંત્રીઓ રવનીતસિંહ બિટ્ટુ તથા જ્યોર્જ કુરિયનને ભાજપે ફરી ટિકિટ આપી નથી.

આથી તેઓ હવે કેન્દ્રીય મંત્રીમંડળમાં નહી હોય તે નિશ્ચિત બનવા લાગ્યુ છે. આ ઉપરાંત હાલમાં જ ભાજપે જે સંગઠનમાં ફેરફાર કર્યા તેમાં બે કેન્દ્રીય મંત્રીઓ પંકજ ચૌધરીને ઉતરપ્રદેશ ભાજપના પ્રમુખ બનાવાયા છે. જયારે હર્ષ મલ્હોત્રાને દિલ્હી ભાજપની જવાબદારી સોંપાઈ છે.

આમ સંગઠનમાં જતા આ બંને મંત્રીઓ પણ રાજીનામા આપશે તે નિશ્ચિત છે. આમ અત્યારથી જ ચાર સ્થાન ખાલી થઈ જશે તે ચર્ચા છે. ૨૦૨૨માં આવી જ રીતે આરસીપી સિંઘ અને નકવીને રાજ્યસભામાં રીપીટ ન કરાયા તે બાદ તેઓને મંત્રીમંડળ પણ છોડવુ પડયુ હતું.

મોદી સરકાર તેની ત્રીજી ટર્મના બે વર્ષ ૧૦ જૂનના રોજ પુરા કરી રહી છે અને ૨૦૨૯ની ચુંટણી પુર્વે હવે તથા આગામી સમયમાં યોજાનારી ધારાસભાઓની ચુંટણી સમયે કેન્દ્રીય મંત્રીમંડળમાં રાજયોના પ્રતિનિધિત્વમાં ફેરફાર થશે તે નિશ્ચિત છે અને તેમાં હાલના જે નવા રાજયસભાના સાંસદો ચુંટાશે તેમાંથી પણ કોઈને તક મળી શકે છે.ખાસ કરીને હજુ ભાજપે કર્ણાટક અને ઝારખંડના ઉમેદવાર જાહેર કરવાનું બાકી છે અને તે બંને રાજયોમાં ભાજપ કોને ટિકીટ આપે છે તેના પર નજર છે. બીજી તરફ લાંબા સમયથી કેન્દ્રીય મંત્રીમંડળમાં ફેરફાર અંગે અને ખાસ કરીને નાણામંત્રાલયમાં ફેરફાર થશે તેવી ચર્ચા છે.

હાલ જે ઈરાન યુદ્ધને કારણે અર્થતંત્ર સામે પડકારો સર્જાયા છે તેમાં હવે કોઈ કેરિયર અર્થશાીને નાણામંત્રાલય સોંપાય તો પણ આશ્ચર્ય થશે નહી તો બીજી તરફ હાલના વ્યાપાર મંત્રી પિયુષ ગોયલનું નામ પણ નાણામંત્રાલય માટે ચર્ચામાં છે.

## પંજાબમાં કરૂણાંતિક : ૧ જ પરીવારના ૯નું અકસ્માતમાં મોત

### અસ્થિવિસર્જન કરવા જઈ રહેલા પરીવારને જ રસ્તામાં કાળ આંબી ગયો

અમૃતસર : પંજાબમાં એક ભયંકર કરૂણાંતીકા સર્જાવવા પામી ગઈ છે. અહીના મુઝફરનગરનો એક પરીવાર તેમના પરીવારના સદગતના અસ્થિવિસર્જન કરવા જઈ રહ્યા હતા તે વખતે પુરપાટ ઝડપે આવતી ટ્રકે તેમની ગાડીને ટકકર મારી હતી અને આ અથડામણ એટલી ભીષણ હતી કે કારમાં સવાર નવ લોકો એક જ પરીવારના હતા તે તમામના કરૂણ મૃત્યુ નિપજી જવા પામ્યા છે.

## હિમાચલ પ્રદેશમાં ૫.૦ ની તીવ્રતાનો ભૂકંપ

શિમલ : હિમાચલ પ્રદેશના કાંગડા, ચંબા અને આસપાસના જિલ્લાઓમાં શુક્રવારે રાત્રે ૫.૦ની તીવ્રતાનો ભૂકંપ અનુભવાયો. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ભૂકંપનું કેન્દ્ર કાંગડામાં ધાર ગોદોઈ નજીક હતું અને તે ધર્મશાળાથી લગભગ ૪૦ કિલોમીટર દૂર કાંગડા-ચંબા સરહદ નજીક આવ્યો હતો. ભૂકંપની ઊંડાઈ ૫ કિલોમીટર હતી. ગભરાયેલા લોકો પોતાના ઘરોમાંથી બહાર દોડી આવ્યા હતા. ધર્મશાળા, શિમલા અને ચંબા સહિત અનેક વિસ્તારોમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા.

## તિકડમ !

– દેવેન વ્યાસ



પ્રજાનું લોહી પીએ છે તો તને બ્લડ પ્રેશર તો રહેશે જ ને ?

## મણિપુરમાં ફરી હિંસા

ઈમ્ફાલ : દેશના ઉત્તર-પૂર્વ રાજ્ય મણિપુરમાં આશરે ત્રણ વર્ષથી ચાલી રહેલી અટકવાનું નામ નથી લઈ રહી. અહીંના કાંગપોકપી જિલ્લાના એક ગામમાં સશસ્ત્ર ટોળાએ કરેલાં હુમલામાં એક મહિલા સહિત ત્રણ લોકોના મોત નિપજ્યાં હતાં. વહેલી પરોઢે આશરે ૪ વાગે થયેલાં આ હુમલામાં લોઈબોલ ખુલન ગામના સાત ઘરોને આગ ચાંપી દેવાઈ હતી. ઘટનાની માહિતી આપતાં સ્થાનિક અધિકારીઓએ જણાવ્યું હતું કે, આ હુમલામાં બે હરીફ જૂથો વચ્ચે કેટલીક મિનિટો સુધી સામસામે ગોળીબાર થયો હતો જેમાં ત્રણ લોકોના સ્થળ પર જ મોત નિપજ્યાં હતાં.

## યુએસ શેરબજારમાં તબાહીઃ એક કલાકમાં રૂ.૧૯૦ લાખ કરોડનું ધોવાણ

નવી દિલ્હી : શુક્રવારે યુએસ શેરબજાર એટલું બધું બરબાદ થઈ ગયું કે બે રોકાણકારોએ માત્ર એક કલાકમાં ઈર ટ્રિલિયન અથવા આશરે રૂ.૧૯૦ લાખ કરોડનું નુકસાન કર્યું. ૨૦૨૬ માં વોલ સ્ટ્રીટ પર આ સૌથી મોટો ઘટાડો હતો. ઈરાન-યુએસ યુદ્ધ વચ્ચે જાહેર થયેલા યુએસ જોબ માર્કેટ ડેટાની રોકાણકારો પર એટલી અસર પડી કે વિશ્વનું સૌથી મોટું શેરબજાર હચમચી ગયું, અને આ ઘટાડો ઝડપથી રક્તપાતમાં ફેરવાઈ ગયો. વોલ સ્ટ્રીટના ત્રણેય એક્સચેન્જ - ડાઉ જોન્સ ઈન્ડસ્ટ્રિયલ એવરેજ, જીશ્ ૫૦૦ અને દ્ઘકજદ્ઘંકૂ - માં ભારે વેચવાલી જોવા મળી.

યુએસ જોબ માર્કેટ ડેટા અપેક્ષા કરતાં વધુ મજબૂત હતો, જે રોકાણકારોને સંકેત આપે છે કે ફેડરલ રિઝર્વ વ્યાજ દર ઊંચા રાખશે. આ સમાચારે રોકાણકારોના સેન્ટિમેન્ટ પર એટલી અસર કરી કે તેઓએ આક્રમક રીતે વેચાણ શરૂ કર્યું,.

## કેદારનાથ યાત્રા સ્થગિત

રુદ્રપ્રયાગ : સતત વરસાદના કારણે ભૂસ્ખલનની આશંકાથી કેદારનાથ યાત્રા શુક્રવારે બપોરે ૧ વાગ્યે રોકી દેવામાં આવી હતી. હવામાનને જોઈને શનિવારે સવારે યાત્રા શરૂ કરી દેવાશે. આ દરમિયાન મોટી સંખ્યામાં યાત્રીઓને વિભિન્ન પડાવોમાં રોકી દેવામાં આવ્યા છે.વરસાદથી કેદારનાથ પગપાળા માર્ગ પર ભૂસ્ખલન અને પહાડો પર પથ્થર પડવાનો ખતરો વધી ગયો હતો. શુક્રવારે કેદારનાથ માર્ગ પર ચીરબાસા હેલીપેડની નજીક પહાડી પરથી પથ્થર પડવા લાગતા તેનાથી એક ઘોડા સંચાલકનું મોત થયું હતું.

## મોરબી-હળવદ હાઈવે પર લોહીની નદીઓ વહી

### કાર અકસ્માતમાં AAP ના તાલુકા પંચાયતના સદસ્ય સહિત ૫ લોકોના મોત

ગાંધીનગર : મોરબી-હળવદ હાઈવે પર ચરાડવા ગામ પાસે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. ડમ્પર પાછળ કાર ઘુસી જતાં ૫ લોકોનાં કમકમાટીભર્યા મોત નિપજ્યા છે. કિયા ગાડીમાં ૭ લોકો સવાર હતા. ૨ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં હોસ્પિટલ ખસેડાયા છે. આ તમામ લોકો એક બીજા અકસ્માતમાં ઈજા પામેલા વ્યક્તિને સારવાર માટે લઈ




જતાં હતાં, ત્યારે હોસ્પિટલ લઈ જતી વખતે અકસ્માત નડ્યો હતો.અકસ્માતના ભયાનક દ્રશ્યો કેમેરામાં કેદ થયા છે. બુલડોઝરની મદદથી કારના પતરા તોડીને કારમાં સવાર તમામને બહાર કાઢ્યા હતા. અકસ્માતમાં મોતને ભેટનાર પ્રેમજીભાઈ દઢેયા આમ આદમી પાર્ટીના રણછોડગઢ તાલુકા પંચાયતના સદસ્ય હતા.પ્રાપ્ત માહિતી અનુસાર, રણછોડગઢ ગામના

અનુસંધાન પાના નં.૪ પર

## ઉચ્ચ અધિકારીઓ ધ્યાને ન લે..!

# પૂર્વ કચ્છમાં રણવાટે દારૂના નેટવર્કમાં પ્રાઈવેટ ગુંડાઓથી તોડબાજીનો છાનો ખેલ કરનાર ખાખીધારી કોણ?

**પૂર્વ કચ્છના રણ વિસ્તારમાં ગેરકાયદે પ્રવૃત્તિઓ અંગે ઉઠતી ચર્ચાઓની ઉચ્ચસ્તરીય તપાસ થાય તો ઘણું બધુ બહાર આવેશ : રણવાટે આવતા દારૂના જથ્થામાં હપ્રા આપનારાઓને છુટ, ન આપનારાઓની સામે વાહનોમાં ખાનગી માથાભારે તત્વોથી ફાયરીંગ કરાવી અને હેરાન-પેરશાન કરવામા આવતા હોવાની ચર્ચા, કંઈ જ ન મળે તો સબંધીત મથકે દારૂના કેસમાં ફીટ કરાવી દેવાતા હોવાની ઉઠી છે ચર્ચા**

ગાંધીધામ : પૂર્વ કચ્છના રણ વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી દારૂના જથ્થાઓ ઝડપાવાની અનેક ઘટનાઓ સામે આવી રહી છે. સરહદી અને સંવેદનશીલ વિસ્તારમાં પોલીસ દ્વારા કરવામાં આવતી કાર્યવાહી નિઃસંદેહ સરાહનીય છે. જોકે બીજી તરફ સ્થાનિક સ્તરે કેટલીક ચિંતાજનક ચર્ચાઓ પણ ચાલી રહી છે, જેને લઈને નિષ્પક્ષ અને ઉચ્ચસ્તરીય તપાસની જરૂરિયાત ઉભી થઈ છે. જાણકાર વર્તુળોમાં એવી ચર્ચા થઈ રહી છે કે આડેસર અને આસપાસના રણ વિસ્તારમાં રાત્રિના સમયે કેટલીક શંકાસ્પદ ગતિવિધિઓ ચાલી રહી છે. ચર્ચા મુજબ અમુક અજાણ્યા શખ્સો દ્વારા વાહનોનો પીછો કરવો, વાહનચાલકોને રોકવા પ્રયાસો કરવા અને કાયદેસરની સત્તા વગર દબાણ ઉભું કરવાની ફરિયાદો અનૌપચારિક રીતે સામે આવી રહી છે. જોકે આ દાવાઓની સત્તાવાર પુષ્ટિ થઈ નથી. સ્થાનિક સ્તરે એવી પણ માંગ ઉઠી રહી છે કે રાત્રિના સમયે રણ વિસ્તારમાં પેટ્રોલિંગ કરતી તમામ સરકારી ટીમો, અધિકૃત વાહનો અને સંકળાયેલા કર્મચારીઓની કામગીરીની સમીક્ષા કરવામાં આવે. જો કોઈ વ્યક્તિ અથવા જૂથ કાયદાની બહાર રહીને કાર્યવાહી કરતું હોય તો તેની સામે કડક કાયદેસરની કાર્યવાહી થવી જોઈએ. ચર્ચાઓમાં એવી આશંકા પણ વ્યક્ત થઈ રહી છે કે કાયદેસર વાહનચાલકો અથવા વેપારીઓને કોઈ પ્રકારની હેરાનગતિનો સામનો કરવો પડતો હોય તો તેની પણ તપાસ થવી જોઈએ. કારણ કે સરહદી વિસ્તારમાં સુરક્ષા જાળવવી જેટલી જરૂરી છે, એટલું જ જરૂરી છે કે નિર્દોષ નાગરિકોને કોઈ અન્યાય ન થાય.જાહેર હિતમાં રાજ્યના ગૃહ વિભાગ, કચ્છ જિલ્લા વહીવટીતંત્ર તથા ઉચ્ચ પોલીસ અધિકારીઓએ સમગ્ર મામલે તથ્ય આધારિત તપાસ હાથ ધરી હકીકત બહાર લાવવી જોઈએ. જરૂર પડે તો સંબંધિત વિસ્તારોમાં પેટ્રોલિંગ કરનારા અમુક બની બેઠેલાઓની કામગીરી, વાહનોની અવરજવર, ડ્યુટી રેકોર્ડ તથા અન્ય ઉપલબ્ધ વિગતોની સમીક્ષા પણ કરવી જોઈએ.સરહદી કચ્છમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સૌની જવાબદારી છે. જો કોઈ પ્રકારની ગેરરીતિ, સત્તાનો દુરુપયોગ અથવા અસામાજિક તત્વોની સંડોવણી હોય તો તેના સામે સમયસર કાર્યવાહી થવી જરૂરી છે. સાથે સાથે નિર્દોષ લોકોમાં વિશ્વાસ જળવાઈ રહે અને કાયદાનું શાસન વધુ મજબૂત બને તે માટે સમગ્ર મામલે પારદર્શક તપાસ જરૂરી બની રહી છે.

**વહીવટદાર રાજુ-પ્રકાશના મોબાઈલ કબ્જે કરો, તેમના લોકેશન ટ્રેસ કરો, તો રણવાટે દારૂના હેરફેરના નેટવર્કમાં સિક્કાની બીજીબાજુ પણ આવશે બહાર**

## મોટી ખેડોઇ ગમે બાંધણી તથા હાથ ભરત તાલીમ વર્ગનું ઉદ્દઘાટન



ગાંધીધામ : ગાંધીધામ કોલેજીએટ બોર્ડ દ્વારા દીનદયાલ પોર્ટ કૌશલ વિકાસ યોજના અંતર્ગત અંજાર તાલુકાના મોટી ખેડોઈ ગામે મહિલાઓને સ્વ નિર્ભર બનાવવાના હેતુથી ભરત કામ તથા બાંધણીના તાલીમ વર્ગનું ઉદઘાટન ઊજાસ મહિલા સંઘઠનના સી. ઈ. ઓ. રીનાબેન રબારીના હસ્તે દીપ પ્રગટાવીને કરવામા આવ્યું હતું. તેમણે તાલીમ બાદ મહિલાઓને પગભર અને આત્મ નિર્ભર થવા ઉજાસ મહિલા સંઘઠનના સહયોગની ખાત્રી આપી હતી જ્યારે ગાંધીધામ કોલેજીએટ બોર્ડના સી એસ આરના પ્રોજેક્ટ હેડ શ્રી કે વેંકટેશ્વરલુ એ જણાવ્યું હતું કે આ પ્રોગ્રામનો હેતુ મહિલાઓના સન્માન અને જીવન ધોરણ ઊંચું લાવવાનો છે, આ માટે તેઓએ દીનદયાલ પોર્ટ ઓથોરીટીનો આભાર વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે આ પ્રોગ્રામ માટે એમના સી એસ આર કાર્યક્રમ અંતર્ગત ભંડોળ ફાળવવામાં આવેલ છે. નીમીશાબા યુવરાજ સિંહ જાડેજાએ આવકાર પ્રવચન કર્યું હતું. આ પ્રોગ્રામમાં ખેડોઈના સરપંચ સંગીતાબેન આહીર તથા ઊપસરપંચ જયદીપસિંહ વિક્રમસિંહ જાડેજા તથા ધર્માગનાબા સોઢાનો સાથ સહકાર મળ્યો હતો. ત્યાર બાદ ખંભરા ગામે હાથ ધરાયેલ બે માસના મડ વર્ક તાલીમ વર્ગના સમાપન સમારોહનું આયોજન કરવામા આવ્યું હતું જે અંતર્ગત તાલીમાર્થીઓને પ્રમાણપત્ર ગામના આગેવાન લાધુભાઈ જીવરામ રાઠોડના હસ્તે આપવામાં આવ્યા હતાં. દરમિયાન આ તાલીમ વર્ગના ઉદઘાટન પ્રસંગે ખંભરા પ્રાથમિક શાળાના આચાર્ય ઊર્મિલાબેન ગઢવીના માર્ગદર્શન હેઠડ યોજાયેલ ત્રણ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લેનાર ૨૦ બાલિકાઓને દીનદયાલ પોર્ટ ઓથોરીટીના પ્રથમ મહિલા નિશા સિંઘ દ્વારા જાહેર કરેલ ઈનામની રૂપિયા ૩૦,૦૦૦ ની રકમ વિતરિત કરવામા આવી હતી. આયોજન વ્યવસ્થા પ્રોજેક્ટ ઓફિસર નયનાબેન ભટ્ટ એ સંભાડયાં હતાં તો આભાર વિધિ નેહાબેન તરુણ રાઠોડ એ કરી હતી. ખંભરા ગામ ના બિંદિયાબેન જીગ્નેશ રાઠોડ, સંજના દીક્ષિત પરમાર, રીટાબા મહેન્દ્રસિંહ જાડેજા તેમજ ડાહીબેન રાયમલ વરચંદ આહિરે જહેમત ઉઠાવી હતી. પ્રશિક્ષક તરીકે ની સેવા હેમાબેન સંદીપ રાઠોડ તથા નીતિશા બેન ગોયલ એ આપી હતી.

## હ્યુમીનિટીઝ સ્ટ્રીમમાં ઉત્કૃષ્ટ સિદ્ધિ મેળવી ગૌરવ વધારતી અનન્યા શુક્લ



ગાંધીધામ - કચ્છઉદય : અહીની દિલ્હી પબ્લિક સ્કૂલની વિદ્યાર્થિની અનન્યા વિશાલ શુક્લએ ધોરણ ૧૨માં હ્યુમીનીટી સ્ટ્રીમમાં ૯૩.૪ ટકા સાથે સર્વોચ્ચ સ્થાન પ્રાપ્ત કરી અને શાળાનું ગૌરવ વધાર્યું છે. તેમની આ સિદ્ધિ માટે અભિનંદન મળી રહયા છે.

## માધાપરની વિદ્યાર્થિનીએ ફિનસ્વિમિંગ સ્પર્ધામાં રાષ્ટ્રીયકક્ષાએ મેડલ મેળવ્યા



ભુજ - કચ્છ ઉદય : ૯મી રાષ્ટ્રીય કક્ષાની ફિન સ્વિમિંગ ચેમ્પિયનશિપનુ કેમ્પલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ પણજી (ગોઆ) ખાતે તા.૨૮/૫થી ૩૧/૫ ચાર દિવસ આયોજન કરાયું હતું. તેમાં ભારતના ૨૦ થી પણ વધુ રાજ્યોના ૫૦૦થી પણ વધારે સ્પર્ધકોએ ભાગ લીધો હતો. ધોરણ ૧૨ સાયન્સ મા અભ્યાસ કરતી હિમધી ગિરીશભાઈ ચૌહાણે રાષ્ટ્રીયકક્ષાની ફિનસ્વિમિંગ સ્પર્ધામાં ભાગ લઈ ૫૦ મીટર, ૧૦૦ મીટર, ૨૦૦ મીટર ત્રણેય સ્પર્ધામા બીજો નંબર અને ૪૦૦મીટર ફિન સ્વિમિંગ સ્પર્ધામાં તૃતીય નંબર જયારે ૫૦ બાય ૪ રીલેમા બીજો અને ૧૦૦બાય ૪ રીલેમાં તૃતીય નંબર મેળવી વિજેતા થઈ હતી. રાષ્ટ્રીયકક્ષાએ ચાર સિલ્વર મેડલ અને બે બ્રોન્ઝ મેડલ મેળવી વિજેતા થવા બદલ કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ રાષ્ટ્રીય મહાસભાના પ્રમુખ 'સમાજ રત્ન' વિનોદભાઈ સોલંકી અને કેળવણી મંડળના પ્રમુખ ડો. મનોજભાઈ સોલંકીએ શુભેચ્છા પાઠવી હતી.

ઉલ્લેખનીય છે કે તાજેતરમાં અમદાવાદ મધ્યે તા. ૨૩ અને ૨૪ મે ૨૦૨૬ના એસએફઆઈ સિનિયર (ઓપન વિભાગ ) રાજ્ય કક્ષાની સ્વિમિંગ સ્પર્ધામા નેશનલ મેડાલિસ્ટ ખેલાડીઓ સાથે પણ હિમઘી ચૌહાણે ભાગ લઈ ૧૫૦૦ મીટર ફ્રી સ્ટાઈલ સ્પર્ધામા બ્રોન્ઝ અને રીલેમાં પણ બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો. તેમને ઠેર ઠેર થી અભિનંદન મળી રહ્યા છે.

## ભુજીયા ડુંગરની તળેટીમાં વિજ્ઞાનનો સૂર્યોદય

# 2.57 લાખથી વધુ લોકોએ લીધી ભુજ રીજનલ સાયન્સ સેન્ટરની મુલાકાત

**ભારતની સૌથી મોટી પબ્લિક સ્પેસ ઓબ્ઝર્વેટરી અને ૨૪ ઈંચના ટેલિસ્કોપ સાથે કચ્છીમાડુઓ માટે આકાશ દર્શનનું અનોખું કેન્દ્ર બન્યું વિજ્ઞાન ધામ**

ભુજ - કચ્છઉદય : ગુજરાતમાં વિજ્ઞાન પ્રત્યે જાગૃતિ વધારવા માટે સ્થાપિત કરાયેલા ચાર પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્રો આજે રાજ્યભરમાં આકર્ષણનું કેન્દ્ર બન્યા છે, જેમાં આપણા સરહદી જિલ્લા કચ્છમાં આવેલું ભુજ રીજનલ સાયન્સ સેન્ટર અનોખો રેકોર્ડ સર્જીને કચ્છી વાચકો અને વિજ્ઞાનપ્રેમીઓ માટે ગૌરવનું કેન્દ્ર બન્યું છે. ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી દ્વારા સ્થાપિત રાજ્યના ચારેય કેન્દ્રોમાં થઈને કુલ ૨૫.૬૪ લાખથી વધુ મુલાકાતીઓ નોંધાયા છે, જેમાં ભુજના આધુનિક વિજ્ઞાન કેન્દ્રે સરહદના અંતરિયાળ વિસ્તારો સુધી વિજ્ઞાનની જ્યોત પ્રજ્વલિત કરવામાં અભૂતપૂર્વ સફળતા મેળવી છે. ભુજીયા ડુંગરની રમણીય તળેટીમાં સ્થિત આ કેન્દ્ર માત્ર બે-અઢી વર્ષના ટૂંકા ગાળામાં જ કચ્છી જનમાનસ અને ખાસ કરીને વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અભિગમ વિકસાવવાનું એક સબળ માધ્યમ સાબિત થયું છે. ૨૮ ઓગસ્ટ, ૨૦૨૨ના રોજ શરૂ થયેલા ભુજ રીજનલ સાયન્સ સેન્ટરની અત્યાર સુધીમાં ૨.૫૭ લાખથી વધુ ઉત્સુક મુલાકાતીઓએ મુલાકાત લઈ વિજ્ઞાનના અજાયબીભર્યા વિશ્વનો રોમાંચ અનુભવ્યો છે. કચ્છ જિલ્લાની ભૌગોલિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને આ કેન્દ્ર અંતરિયાળ ગામડાંઓ સુધી પહોંચ્યું છે, જેના ભાગરૂપે ૧,૧૦૦થી વધુ શાળાઓના ૧.૩૭ લાખથી વધુ વિદ્યાર્થીઓ અહીં જ્ઞાન સાથે ગમ્મત મેળવી ચૂક્યા છે. આ કેન્દ્રની સૌથી મોટી વિશેષતા એ છે કે અહીં ૨૫ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ ભારતની સૌથી મોટી જાહેર સ્પેસ ઓબ્ઝર્વેટરી કાર્યરત કરવામાં આવી છે. આ સ્પેસ ઓબ્ઝર્વેટરીમાં સ્થાપિત કરાયેલા શક્તિશાળી ૨૪ ઈંચના ટેલિસ્કોપની મદદથી અત્યાર સુધીમાં ૩,૫૦૦થી વધુ નાગરિકો અને ખગોળપ્રેમીઓએ બ્રહ્માંડના રહસ્યો અને અવકાશી નક્ષત્રોને નજીકથી નિહાળવાનો અદભુત લહાવો લીધો છે, જે સમગ્ર કચ્છ માટે એક ઐતિહાસિક સિદ્ધિ સમાન છે. આ સાયન્સ સેન્ટર માત્ર પુસ્તકીય જ્ઞાન આપવાને બદલે અનુભવ આધારિત શિક્ષણ પર ભાર મૂકે છે. કેન્દ્રમાં મુલાકાતીઓ માટે વિશેષ રૂપે ૬ થીમ આધારિત અદ્યતન ગેલેરીઓ, અત્યાધુનિક ૩ડી થિયેટર તેમજ દરિયાઈ દુનિયાનો રોમાંચક અનુભવ કરાવતા મરીન અને સબમરીન સિમ્યુલેટર જેવી આકર્ષક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ ઉપરાંત, વેકેશન દરમિયાન યોજાયેલી સમર વર્કશોપમાં કચ્છના ૨,૫૦૦થી વધુ બાળકોએ ભાગ લીધો હતો, જેમાં તેઓને ફન વિથ ફિઝિક્સ, એસ્ટ્રોનોમી, મેન્ટલ મેથ્સ અને ઓરિગામી જેવી રચનાત્મક પ્રવૃત્તિઓનું જીવંત માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આમ, પાટણ, ભાવનગર અને રાજકોટની સાથોસાથ ભુજનું આ કેન્દ્ર પણ ફ્યુચર ટેક્નોલોજી અને નવીનતાનું પ્રેરણાપીઠ બન્યું છે. સરહદી વિસ્તારના યુવાનોમાં વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ મજબૂત કરીને નવી પેઢીને વૈશ્વિક સ્તરે સ્પર્ધા કરવા માટે સક્ષમ બનાવવામાં ભુજ રીજનલ સાયન્સ સેન્ટર આજે એક મજબૂત આધાર સ્તંભ તરીકે ઉભરી આવ્યું છે.

## માનવજ્યોત દ્વારા વિશ્વ પર્યાવરણ દિને તુલસીરોપા, કાપડની થેલી, કુંડા-ચકલી ઘર વિતરણ કરાયા



ભુજ - કચ્છઉદય : માનવજ્યોત સંસ્થા ભુજ દ્વારા વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે ભુજના જયુબીલી ગ્રાઉન્ડ, વાણીયાવાડ, શાક માર્કેટ તથા ભીડ ગેટ વિસ્તારમાં આવતા જતા રાહદારીઓને તુલસીરોપા તથા કાપડની થેલી, કુંડા-ચકલીઘર વિતરણ કરાયા હતા તેમજ લોકોને વધુમાં વધુ વૃક્ષો વાવીને ઉછેરવા તથા તેનું જતન કરવા અપીલ કરાઈ હતી. માનવજ્યોતના પ્રબોધ મુનવરે જણાવ્યું હતું કે, ગરમી અને તાપમાં થતો સખત વધારો માનવ સર્જીત છે. વધારેમાં વધારે વૃક્ષો વાવીને તેને ઉછેરશું તો ગરમી-તાપમાંથી મુક્તિ મેળવી શકશું. વધુને વધુ વૃક્ષો વાવો... વરસાદ લાવોનાં નારાઓ બોલાવવામાં આવેલ. લોક જાગૃતિ રુપે લોકોને વધુમાં વધુ વૃક્ષો વાવી તેને ઉછેરી તેનું જતન કરવા અપીલ કરવામાં આવેલ. માનવજ્યોતનું હરતું-ફરતું વાહન શહેરના જુદા-જુદા વિસ્તારોમાં ફરી વળ્યું હતું. અને લોકોને નિઃશુલ્ક તુલસી રોપાઓનું વિતરણ કરવામાં આવેલ. કચ્છ જિલ્લા ભાજપ મંત્રી રાજેશ પલણ, લોહાણા મહિલા મંડળ ભુજના એડવાઈઝર મમતાબેન ઠક્કરની ઉપસ્થિતિમાં વિવિધ રોપાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. પ્રબોધ મુનવર, પૃથ્વીરાજસિંહ જાડેજા, સહદેવસિંહ જાડેજા, અરવિંદ ઠક્કર, આનંદ રાયસોની, ગોવિંદ પાટીદાર, કનૈયાલાલ અબોટી, નીતિન ઠક્કર, ભુપેન્દ્ર બાબરીયા, રફીક બાવા, ભરતભાઈ વી. સોનીએ જુદા-જુદા વિસ્તારોમાં વિતરણ વ્યવસ્થા સંભાળી હતી.

## બજારભાવ

| | | | | | |
|---|---|---|---|---|---|
| **ભુજ માર્કેટ યાર્ડ** | | અજમો | ૧૬૨૬-૨૦૦૦ | દુધી | ૩-૧૦ |
| **૧૦૦ કિલોના ભાવ** | | ગોવાર | ૧૦૬૦-૧૦૮૦ | આદુ | ૯૦-૧૨૦ |
| ગોવાર | ૫૪૦૦-૫૫૫૦ | તલ સફેદ | ૨૦૫૦-૨૨૮૦ | કારેલા | ૧૦-૧૫ |
| ચણા | ૫૦૦૦-૫૨૦૦ | જુવાર | ૯૦૦-૯૦૧ | શક્કરિયા | ૧૫-૨૫ |
| **ભુજ માર્કેટ યાર્ડ** | | **ભુજ માર્કેટ યાર્ડ** | | ચોળા ડોલર | ૧૦-૨૨ |
| **૪૦ કિલોના ભાવ** | | **(૧ કે.જી.ના જથ્થાબંધ ભાવ)** | | ગીલોડા | ૨૦-૩૦ |
| એરંડા | ૨૫૨૦-૨૫૪૫ | ડુંગળી | ૧૨-૨૪ | મરચા સીમલા | ૬૦-૭૦ |
| રાયડો | ૨૫૦૦-૨૬૭૦ | બટેટા | ૧૦-૧૩ | ગોવાર દેશી | ૧૫-૫૦ |
| ઈશબગુલ | ૨૫૦૦-૪૪૫૦ | ટમેટા | ૧૭-૩૦ | ગીસોડા | ૧૨-૨૫ |
| ખાધાજીરૂ | ૫૪૦૦-૭૨૦૦ | લીલી ડુંગળી | ૩૦-૪૦ | ગેલકા | ૧૦-૨૦ |
| તલ કાળા | ૩૮૦૦-૫૯૦૦ | મરચા | ૧૫-૪૦ | પરવળ | ૪૦-૫૫ |
| તલી | ૩૮૦૦-૪૪૧૩ | મરચી | ૩૦-૫૦ | સરગવો | ૧૫-૨૫ |
| **અંજાર માર્કેટ યાર્ડ** | | રીંગણા કાળા | ૫-૧૦ | કોળુ | ૪-૮ |
| **૧૦૦ કિલોના ભાવ** | | રીંગણા બાજરીયા | ૪-૧૫ | બીટ | ૨૦-૩૫ |
| ગોવાર | ૫૩૬૦-૫૪૮૦ | કોબી દેશી | ૫-૧૦ | **ભુજ ફ્રુટ બજાર** | |
| વરિયાળી | ૭૫૨૫ | કોબી | ૧૦-૧૫ | કેળા કાચા | ૧૦-૧૫ |
| કાળા તલ | ૮૮૦૦-૧૭૦૦૦ | ફુલાવર | ૧૫-૨૫ | કેળા પાકા | ૧૮-૨૫ |
| **અંજાર માર્કેટ યાર્ડ** | | ફુલાવર દેશી | ૨૦-૩૫ | પપૈયા કાચા | ૩-૧૦ |
| **૪૦ કિલોના ભાવ** | | વટાણા | ૭૦-૧૧૦ | પપૈયા પાકા | ૧૦-૧૫ |
| એરંડા | ૨૫૩૦-૨૫૯૯ | ધાણા | ૪૦-૫૫ | જામફળ | ૪૦-૫૦ |
| જીરૂ | ૬૦૦૦-૭૫૦૦ | ભીંડા | ૧૫-૨૫ | ચીકુ | ૧૫-૨૫ |
| તલ | ૨૮૨૯-૪૯૦૦ | કાકડી કાળી | ૬-૧૩ | શક્કરટેટી | ૨૦-૫૦ |
| **રાપર માર્કેટ યાર્ડ** | | કાકડી સફેદ | ૫-૧૨ | ફણસી | ૧૦૦-૧૨૦ |
| જીરૂ | ૨૮૬૩-૩૫૧૫ | કાકડી ખીરા | ૧૦-૨૮ | દાડમ | ૨૦-૪૫ |
| ગોવાર | ૧૦૫૦ | પાલક | ૮-૧૩ | કલીંગર | ૧૦-૧૫ |
| ઈશબગુલ | ૯૧૧ | લસણ સુકું | ૭૫-૧૫૦ | કાચી કેરી | ૫-૧૩ |
| **ભચાઉ માર્કેટ યાર્ડ** | | લીંબુ | ૩૦-૫૦ | કેસર કેરી | ૨૦-૭૦ |
| એરંડા | ૧૨૫૦-૧૨૯૧ | પીત્તાઈ ગાજર કેશરી | ૧૦-૨૫ | રાજાપુરી કેરી | ૧૫-૨૫ |
| સાખજીરૂ | ૩૩૦૧-૩૫૬૭ | | | | |

કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા



દિલીપભાઈ આર.ગોર
શાસકપક્ષના નેતા
મુંદરા નગરપાલિકા
મુંદરા-કચ્છ.

કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા

સત્યના પર્યાય સમાન કચ્છીજનોની અસ્મિતાના દર્પણ એવા જાગૃત લોકપ્રહરી કચ્છ ઉદયને ૩૩મા વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે ખૂબ ખૂબ શુભેચ્છા...

શ્રી પાઠ હનુમાન મંદિર સમિતિ
માધાપર, તા. ભુજ-કચ્છ.

કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા

Shree Laxmi Bakery – Live Cake Shop
શ્રી લક્ષ્મી બેકરી
લાઈવ કેક શોપ
99799 28460, 96877 20750
Opp. New Bus Station, Junavash, Madhapar
Tal. Bhuj-Kutch.

કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા




કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા

સરહદી કચ્છ જિલ્લાની સાંપ્રત સમસ્યાઓને વાચા આપી સાચા અર્થમાં ''સરહદના સંત્રી''ની ભૂમિકા ભજવતા કચ્છી માડુઓના પોતીકા સાંધ્યદૈનિક

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
ને ૩૩માં વર્ષમાં પ્રવેશ નિમિત્તે ખૂબ ખૂબ શુભેચ્છા...

એક શુભેચ્છક - AS




સરહદી કચ્છ જિલ્લાની સાંપ્રત સમસ્યાઓને વાચા આપી સાચા અર્થમાં ''સરહદના સંત્રી''ની ભૂમિકા ભજવતા કચ્છી માડુઓના પોતીકા સાંધ્યદૈનિક

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
ને ૩૩માં વર્ષમાં પ્રવેશ નિમિત્તે

ખૂબ ખૂબ શુભેચ્છા...

ઓધવ ભકત



# ગેરકાયદેસર પ્રવૃત્તિઓ કરનારા કોઈપણ ચમરબંધીને છોડવામાં નહીં આવે : આઇજી ચિરાગ કોરડીયા

## મોરબી જિલ્લાનો હવે 'કચ્છ બોર્ડર રેન્જ' માં સમાવેશ થતાં આઈજીએ સંભાળ્યો વધારાનો કાર્યભાર







ભુજ - કચ્છઉદય : મોરબી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને વધુ મજબૂત બનાવવાની દિશામાં મોટો વહીવટી બદલાવ કરવામાં આવ્યો છે. રાજ્યના ગૃહ વિભાગ દ્વારા તાજેતરમાં બહાર પાડવામાં આવેલા એક મહત્વપૂર્ણ જાહેરનામા અન્વયે મોરબી જિલ્લાની વહીવટી સીમાઓમાં મોટો ફેરફાર થયો છે. અત્યાર સુધી રાજકોટ રેન્જ હેઠળ આવતા મોરબી જિલ્લાનો સમાવેશ હવે 'કચ્છ બોર્ડર રેન્જ' માં કરી દેવામાં આવ્યો છે. આ નવા વહીવટી માળખાના અમલીકરણ સાથે જ કચ્છ બોર્ડર રેન્જના આઈજી ચિરાગ કોરડીયાએ આજે વિધિવત રીતે મોરબી જિલ્લાનો વધારાનો કાર્યભાર સંભાળી લીધો છે. ચાર્જ સંભાળતાની સાથે જ એક્શન મોડમાં આવેલા આઈજીએ જિલ્લાના તમામ ઉચ્ચ પોલીસ અધિકારીઓ સાથે એક અત્યંત મહત્વની અને લાંબી સમીક્ષા બેઠક યોજી હતી, જેમાં જિલ્લાની સુરક્ષા વ્યવસ્થા અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. કાર્યભાર સંભાળ્યા બાદ યોજાયેલી પત્રકાર પરિષદને સંબોધતા આઈજી ચિરાગ કોરડીયાએ ગૃહ વિભાગના નવા વહીવટી માળખાની વિગતો આપતા જણાવ્યું હતું કે, સરકારી જાહેરનામા અનુસાર મોરબીનો સમાવેશ હવે સત્તાવાર રીતે બોર્ડર રેન્જમાં થઈ ચૂક્યો છે, જ્યારે આ જ બદલાવ અંતર્ગત બનાસકાંઠા રેન્જમાં પાટણ અને વાવ-થરાદ વિસ્તારનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ નવા નકશા અને જવાબદારી અંતર્ગત આજે મોરબી જિલ્લાનો ચાર્જ સંભાળીને તમામ વિભાગીય અધિકારીઓ સાથે પ્રથમ બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉચ્ચ સ્તરીય બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય છેલ્લા ચારથી છ મહિનાના સમયગાળા દરમિયાન જિલ્લામાં બનેલા નાના-મોટા તમામ ગુનાઓની ઝીણવટભરી સમીક્ષા કરવાનો છે, જેથી આગામી સમયની રણનીતિ ઘડી શકાય.

તેમણે પત્રકારો સમક્ષ વહીવટી પ્રાથમિકતાઓ સ્પષ્ટ કરતા ઉમેર્યું હતું કે, જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને વધુ સુદ્રઢ અને લોકાભિમુખ બનાવવી એ તેમની મુખ્ય પ્રાથમિકતા રહેશે. આ ઉપરાંત સ્થાનિક નાગરિકો દ્વારા રોજબરોજના જીવનમાં સામનો કરવી પડતી ટ્રાફિકની સમસ્યાઓ તેમજ અન્ય સ્થાનિક પ્રશ્નો અંગે પણ બેઠકમાં વિસ્તૃત ચર્ચા વિચારણા કરવામાં આવી છે. આગામી દિવસોમાં આ તમામ જનસમસ્યાઓનું યોગ્ય આયોજન કરીને તેનું કાયમી નિરાકરણ લાવવામાં આવશે. આ તકે તેમણે સ્થાનિક પોલીસ તંત્રની પીઠ થાબડતા જણાવ્યું હતું કે, મોરબી પોલીસની ટીમ જિલ્લા પોલીસ વડાના નેતૃત્વમાં ખૂબ જ પ્રશંસનીય અને સરાહનીય કામગીરી કરી રહી છે અને આ ગતિને વધુ તેજ બનાવવામાં આવશે. મોરબી જિલ્લામાં ચિંતાજનક રીતે વધી રહેલા ડ્રગ્સના દૂષણ અને ગેરકાયદેસર ખનન એટલે કે ખનિજ માફિયાઓની પ્રવૃત્તિઓ અંગે પૂછાયેલા આકરા પ્રશ્નોના જવાબમાં આઈજીએ અત્યંત મક્કમતાપૂર્વક અને કડક શબ્દોમાં ચેતવણી આપી હતી. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે, યુવાધનને બરબાદ કરતા ડ્રગ્સના દૂષણને જડમૂળમાંથી નાબૂદ કરવા માટે અમારી સમગ્ર પોલીસ ટીમ સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે. આ સાથે જ સરકારી સંપત્તિની ચોરી કરતા ખનિજ માફિયાઓ સામે પણ અત્યાર સુધી જે કડક કાર્યવાહી ચાલી રહી છે, તેને આગામી દિવસોમાં વધુ વેગવંતી અને આક્રમક બનાવવામાં આવશે. કાયદાનું ઉલ્લંઘન કરનારા કોઈપણ ચમરબંધીને ક્યારેય છોડવામાં નહીં આવે અને તેમની સામે કાયદાકીય પાસાંઓ હેઠળ કડકમાં કડક પગલાં ભરવામાં આવશે. પોલીસ અને પ્રજા વચ્ચેનો સમન્વય વધારવાના આશયથી આઈજી ચિરાગ કોરડીયાએ મોરબી અને કચ્છની જનતાને પોલીસ પ્રશાસનને પૂરતો સહકાર આપવા માટે ખાસ અપીલ કરી છે. તેમણે ખાસ કરીને કૉલેજના યુવાનો, વિદ્યાર્થીઓ અને સમાજના જવાબદાર અગ્રણીઓને આહવાન કર્યું છે કે, જો તેમના વિસ્તારમાં કે આસપાસ ક્યાંય પણ ડ્રગ્સનું વેચાણ, હેરાફેરી કે અન્ય કોઈ પણ પ્રકારની અસામાજિક પ્રવૃત્તિઓ થતી હોવાનું ધ્યાનમાં આવે તો નાગરિક તરીકેની ફરજ સમજી તાત્કાલિક પોલીસનો સંપર્ક કરવો. જનતા કોઈ પણ ડર વગર સીધો સંવાદ કરી શકે તે માટે તેમણે મોટો નિર્ણય લેતા પોતાનો અંગત મોબાઈલ નંબર ૯૯૭૮૪ ૦૮૫૭૧ જાહેર કર્યો છે. તેમણે ખાતરી આપી છે કે કોઈપણ નાગરિક કોઈ પણ પ્રકારના સંકોચ વિના ગમે ત્યારે તેમનો અથવા અન્ય ઉચ્ચ અધિકારીઓનો સંપર્ક કરી માહિતી આપી શકે છે, માહિતી આપનારની ઓળખ ગુપ્ત રાખવામાં આવશે.

## 'બોર્ડર પર જવા રોજ એન્ટ્રીની જરૂર નથી' તેવી ઉશ્કેરણી કરી

# સોલાર પાર્કની કોટડા ચેકપોસ્ટ પર બીએસએફ અને પોલીસ સાથે ઘર્ષણ કરનારા ટોળા સામે ફોજદારી

**આરઈ પાર્કમાં પ્રવેશ માટે દરરોજ એન્ટ્રી કરાતી હોઈ સ્થાનીકોએ ઈન્કાર કરી ગેરકાયદે અંદર ઘૂસવાની કરી પેરવી : સરહદી વિસ્તારમાં સુરક્ષા માટે બીએસએફના જવાનો આકરા તાપમાં ફરજ બજાવતા હોવા છતાં સુચના ન માની**

### સરહદી સુરક્ષાની દ્રષ્ટીએ મામલો ચિંતાજનક

ભુજ : ખાવડા વિસ્તારમાં આંતરરાષ્ટ્રીય બોર્ડર આવેલી છે. બોર્ડરો ખાલી ન રહે તે માટે અહીં સોલારપાર્ક બનાવી બોર્ડરને ધમધમતી કરવામાં આવી છે. આ વિસ્તારમાં પ્રવેશ માટે ખુબ કડક નિયમો છે. ઉચ્ચ અધિકારીઓને પણ ચેકિંગ કરાવવું પડે છે. અહીં કામ કરતા સ્થાનિકના શ્રમિકો દ્વારા સુરક્ષાના નિયમોનું ઉલ્લંઘન કરીને ગેરકાયદે સોલારપાર્ક બોર્ડરમાં પ્રવેશ કરવામાં આવ્યો હતો. ફરજ બજાવતા બીએસએફના જવાનો, પોલીસ અને સુરક્ષા કર્મીઓ સાથે ઝઘડો કરવામાં આવ્યો હતો. આ ઘટના સરહદી સુરક્ષાની દ્રષ્ટીએ ચિંતાજનક બની છે. જે રીતે પશ્ચિમ કચ્છના ગામડાઓમાં એક બાદ એક આવી ઘટનાઓ સામે આવી રહી છે, તે સામાજિક દ્રષ્ટીએ પણ હિતાવહ નથી. તંત્ર દ્વારા કડક કામગીરી કરવામાં આવે તે જરૂરી બની રહ્યું છે.

ભુજ - કચ્છઉદય : તાલુકાના ખાવડા વિસ્તારમાં આવેલા સોલાર પાર્કની કોટડા ચેકપોસ્ટ પર ફરજ પરના પોલીસ અને બીએસએફ સ્ટાફ સાથે ગેરવર્તણૂક કરી, કાયદેસરની ફરજમાં રૂકાવટ ઉભી કરવા બદલ ૧૦ શખ્સો સામે નામજોગ ખાવડા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે. ઘટનાની વિગત મુજબ, ગત તારીખ ૦૩/૦૬/૨૦૨૬ના રોજ સવારના સમયે કોટડા ચેકપોસ્ટ પર આર.ઈ. પાર્ક બોર્ડરમાં જવા માટે લોકોની એન્ટ્રીની કામગીરી ચાલી રહી હતી. આ દરમિયાન, ટોળામાં રહેલા કેટલાક લોકોએ એન્ટ્રી કરાવવાને બદલે હોબાળો મચાવવાનું શરૂ કર્યું હતું. ઉશ્કેરાયેલા ટોળાએ એવી દલીલ કરી હતી કે તેઓ સ્થાનિક છે અને તેમને બોર્ડર પર જવા માટે રોજ એન્ટ્રી કરાવવાની જરૂર નથી. ત્યારબાદ આશરે ૨૦૦ જેટલા લોકોએ પોલીસ અને બીએસએફ સ્ટાફની સૂચનાનું ઉલ્લંઘન કરી વગર એન્ટ્રીએ બોર્ડર તરફ આગળ વધવાનો પ્રયાસ કર્યો હતો. સ્થળ પર હાજર સ્ટાફ દ્વારા સમજાવટના પ્રયત્નો કરવા છતાં ટોળાએ ઉગ્ર બોલાચાલી કરી ફરજમાં અવરોધ ઉભો કર્યો હતો અને અમુક શખ્સોએ આ સમગ્ર ઘટનાનો વીડિયો પણ ઉતાર્યો હતો, જે પાછળથી ઈન્સ્ટાગ્રામ પર વાયરલ થયો હતો. વાયરલ વીડિયોના આધારે તપાસ કરતા આ હરકતમાં સામેલ ૧૦ જેટલા ઈસમોની ઓળખ કરવામાં આવી હતી. જેમાં ઢંઢીના સોયબ મુકીમ સમા, મોટા દિનારાના મજીદ મામદ સમા, મોટા બાંધાના ભશીર આમદ સમા, મોટા દિનારાના કયુમ પચાણ સમા, ઢંઢીના ઈમરાન રમજાન સમા, મોટા દિનારાના અસરફ અલાના સમા, મોટા બાંધાના શકુર જરાર સમા, ઢંઢીના હાધી રમજાન સમા તથા વહાબ હુસેન સમા અને જુણાના નાલે મીઠા સમાનો સમાવેશ થાય છે. આ મામલે એ.એસ.આઈ. મેઘરાજભાઈ ગઢવીની ફરિયાદના આધારે ખાવડા પોલીસે તમામ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી અટકાયતી પગલા ભર્યા હતા.

# ગાંધીધામમાં એસીબીની સફળ ટ્રેપ : ખાનગી વ્હિકલ ફિટનેસ સર્ટિફિકેટ માટે લાંચ લેતો કર્મચારી ઝડપાયો

ગાંધીધામ - કચ્છઉદય : ગાંધીધામ નજીક મીઠીરોહર સ્થિત અભિષેક ઓટોમેટેડ વ્હિકલ ફિટનેસ ટેસ્ટિંગ સ્ટેશનમાં એન્ટી કરપ્શન બ્યુરો (એસીબી)ની ટીમે એક સફળ ડીકોય ટ્રેપ ગોઠવીને લાંચ લેતા કર્મચારીને રંગેહાથ ઝડપી પાડ્યો છે.



**મીઠીરોહરના ટેસ્ટિંગ સ્ટેશન પર ગેરકાયદેસર વસૂલાતના નેટવર્કનો પર્દાફાશ : એસીબીએ ડીકોય ઓપરેશન હાથ ધરી આરોપીની ધરપકડ કરી વધુ તપાસ આદરી**

પૂર્વ કચ્છ એસીબીની ટીમે ખાનગી બાતમીના આધારે આ સમગ્ર કાર્યવાહી હાથ ધરી હતી, જેમાં મોટા વાહનોના ફિટનેસ સર્ટિફિકેટ અને રીપાસિંગની કામગીરી માટે અરજદારો પાસેથી નિયત ફી ઉપરાંત વધારાના નાણાં વસૂલવામાં આવતા હોવાનું સામે આવ્યું હતું. આ કેસમાં એસીબીએ વચેટિયા કે કર્મચારી તરીકે કામ કરતા આરોપી વિક્રમસિંહ મનદ્રુપ સિંહ જાટની અટકાયત કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ ચકચારી ઘટનાની વિગત એવી છે કે, મીઠીરોહર ખાતે આવેલા વ્હિકલ ફિટનેસ ટેસ્ટિંગ સ્ટેશન પર આવતા વાહનચાલકો અને અરજદારો પાસેથી ફિટનેસ સર્ટિફિકેટ તેમજ રીપાસિંગ પ્રક્રિયા માટે સરકારે નક્કી કરેલી ઓનલાઈન ફી ઉપરાંત મોટી રકમની ગેરકાયદેસર વસૂલાત કરવામાં આવતી હોવાની ફરિયાદો ઉઠી હતી. ખાનગી સૂત્રો પાસેથી મળેલી સચોટ બાતમીના આધારે પૂર્વ કચ્છ એસીબીના પોલીસ ઈન્સ્પેક્ટર એચ.વી. ચૌધરીના માર્ગદર્શન હેઠળ એક વિશેષ ટીમ તૈયાર કરવામાં આવી હતી. આ ટીમે ટેસ્ટિંગ સ્ટેશન પર એક મનઘડત અરજદાર (ડીકોયર) મોકલીને છટકું ગોઠવ્યું હતું. ડીકોય ઓપરેશન દરમિયાન આરોપી વિક્રમસિંહ જાટ દ્વારા એક મોટા વાહનના ફિટનેસ સર્ટિફિકેટ માટે કાયદેસરની ઓનલાઈન ફી સિવાય વધારાના રૂા. ૨૨૫૦ ની લાંચની માંગણી કરવામાં આવી હતી. ફરિયાદીએ આ રકમ જેવી આરોપીને સુપરત કરી કે તરત જ વોચમાં ગોઠવાયેલી એસીબીની ટીમે ત્રાટકીને આરોપીને લાંચની રકમ સાથે રંગેહાથ દબોચી લીધો હતો. પ્રાથમિક તપાસમાં અને ગુપ્ત બાતમીના આધારે એવું પણ બહાર આવ્યું છે કે, આ સેન્ટર પર અલગ-અલગ વાહનોના ફિટનેસ તેમજ અન્ય કામો માટે અરજદારો પાસેથી રૂા. ૧૦૦૦ થી લઈને રૂા. ૧૦,૦૦૦ સુધીની ગેરકાયદેસર રકમ પડાવવામાં આવતી હતી. એસીબીની ટીમે ઝડપાયેલા આરોપી વિક્રમસિંહ વિરુદ્ધ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ (એન્ટી કરપ્શન એક્ટ)ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી તેની ધરપકડ કરી છે. આ ગેરકાયદે વસૂલાતના નેટવર્કમાં અન્ય કયા અધિકારીઓ કે કર્મચારીઓની સંડોવણી છે તે દિશામાં એસીબી દ્વારા આગળની ઝીણવટભરી તપાસ ચલાવવામાં આવી રહી છે.

# અંજારમાં મહિલાના ઘરે ઘુસી ધમકી અને મારામારીનો ગુનો નોંધાયો

અજાર - કચ્છઉદય : અંજાર પોલીસ મથકમાં એક મહિલાની ફરિયાદના આધારે ઘર ઘુસી મારામારી, ધમકી અને ગાળાગાળી કરવાના આરોપસર ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસમાં નોંધાયેલી ફરિયાદ મુજબ અંજાર તાલુકાના નાની ખોખરા ગામ વિસ્તારમાં રહેતી ફરિયાદી મહિલાના ઘરે આરોપી શખ્સ ગેરકાયદેસર રીતે પ્રવેશ્યો હતો. આ દરમિયાન આરોપીએ ફરિયાદી સાથે ઉશ્કેરણીજનક વર્તન કરી ગાળાગાળી કરી હતી તેમજ મહિલાને પકડીને મારામારી કરી જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. ફરિયાદમાં વધુમાં જણાવાયું છે કે આરોપીએ મહિલાના ગળાના ભાગે હાથ નાખી ઝપાઝપી કરી હતી, જેના કારણે મહિલાને માનસિક તથા શારીરિક ત્રાસ સહન કરવો પડ્યો હતો. બનાવ બાદ પીડિતાએ અંજાર પોલીસનો સંપર્ક કરી કાયદેસરની કાર્યવાહી કરવાની માંગણી કરી હતી. પોલીસે ફરિયાદના આધારે ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં ઘટનાના સંજોગો, બંને પક્ષો વચ્ચેના સંબંધો તેમજ બનાવ પાછળના કારણોની તપાસ કરવામાં આવી રહી છે. અંજાર પોલીસ દ્વારા આરોપી સામે જરૂરી કાયદેસરની કાર્યવાહી આગળ ધપાવવામાં આવી રહી છે.

# ભુજમાં આરટીઓ ઇન્સ્પેક્ટર દ્વારા સત્તાનો દુરૂપયોગ અને મારપીટ કરાયાની ફરિયાદ




**રજૂઆતકર્તાએ ખોટી રીતે કતારમાં આગળ જવાનો પ્રયાસ કરી હાથાપાઈ કરી હતી : આરટીઓ ઈન્સ્પેક્ટર શ્રી પટેલ**

ભુજ - કચ્છઉદય : સરકારી પદ અને સત્તાના નશામાં ચૂર થઈને કાયદાના રક્ષકો જ જ્યારે ભક્ષક બને ત્યારે પ્રજા ક્યાં જાય તેવો એક ગંભીર કિસ્સો ભુજ શહેરમાં સામે આવ્યો છે. ભુજ નજીક માધાપર હાઈવે પર આવેલા સીએનજી પંપ ખાતે વાહનની કતારમાં ઉભા રહેવા જેવી સામાન્ય બાબતે થયેલી તકરારમાં એક આરટીઓ ઈન્સ્પેક્ટર દ્વારા પોતાની સત્તાનો ઘોર દુરુપયોગ કરવામાં આવ્યો હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. આ વિવાદમાં આરટીઓ ઈન્સ્પેક્ટર કે.વી. પટેલ દ્વારા કાયદો હાથમાં લઈને એક સામાન્ય નાગરિક સાથે જાહેર સ્થળે મારપીટ કરવામાં આવી હોવાની ચોંકાવનારી વિગતો બહાર આવી છે. આ સમગ્ર મામલે ભોગ બનનાર નાગરિક દ્વારા રાજ્યના વાહન વ્યવહાર કમિશનર, કચ્છ જિલ્લા કલેક્ટર અને પૂર્વ કચ્છ પોલીસ અધિક્ષક સમક્ષ પુરાવાઓ સાથે લેખિતમાં એક વિસ્તૃત અને ગંભીર ફરિયાદ દાખલ કરવામાં આવતા વહીવટી આલમમાં ભારે ખળભળાટ મચી ગયો છે. આ ચકચારી ઘટનાની પ્રાપ્ત વિગતો અનુસાર, મૂળ ઢોરી ગામના વતની અને અરજદાર રામજી અરજણભાઈ ગાગલ નામના નાગરિકે ઉચ્ચ કક્ષાએ કરેલી લેખિત રજૂઆતમાં જણાવ્યું છે કે, ગત તારીખ ૨૬ મે ના રોજ તેઓ પોતાના વાહનમાં સીએનજી ગેસ પુરાવવા માટે માધાપર હાઈવે પર સ્થિત સીએનજી પંપ ખાતે ગયા હતા. તે સમયે પંપ પર વાહનોની લાંબી લાઇન હોવાથી તેઓ નિયમબદ્ધ રીતે પોતાની કતારમાં ઉભા હતા. આ દરમિયાન આરટીઓ ઈન્સ્પેક્ટર કે.વી. પટેલ સત્તાવાર સરકારી ગણવેશને બદલે અજાણ્યા સિવિલ કપડાંમાં ત્યાં આવી પહોંચ્યા હતા. તેમણે કતારના નિયમોનો સરેઆમ ભંગ કરીને પોતાનું વાહન લાઇન તોડીને બળજબરીપૂર્વક આગળ લેવા માટે અન્ય ચાલકો તેમજ અરજદાર પર દબાણ લાવવાનું શરૂ કર્યું હતું. રામજીભાઈએ આ પ્રકારે નિયમ વિરુદ્ધ વાહન આગળ ઘુસાડવાનો નમ્રતાપૂર્વક વિરોધ કર્યો હતો અને પોતાની કતાર જાળવી રાખી હતી.એક સામાન્ય નાગરિક દ્વારા પોતાનો વિરોધ કરવામાં આવતા જ સત્તાના નશામાં રાચતા આરટીઓ ઈન્સ્પેક્ટર કે.વી. પટેલ એકદમ ઉશ્કેરાઈ ગયા હતા. તેમણે પોતાની ઓળખ કે હોદ્દાની ગરિમા ભૂલીને જાહેર સ્થળે જ અરજદાર રામજીભાઈ સાથે અત્યંત અભદ્ર ભાષામાં ગાળાગાળી શરૂ કરી દીધી હતી. વિવાદ એટલો વધી ગયો હતો કે ઈન્સ્પેક્ટર કે.વી. પટેલે કાયદો અને વ્યવસ્થાના લીરેલીરા ઉડાડતા નાગરિક પર હાથ ઉપાડી લીધો હતો અને જાહેરમાં જ લાફા ઝીંકી દીધા હતા. આટલેથી જ આ સરકારી અધિકારીનો અહંકાર સંતોષાયો ન હતો. મારપીટ કર્યા બાદ તેમણે પોતે આરટીઓ ઈન્સ્પેક્ટર હોવાની રોફભેર ઓળખ આપી હતી અને પોતાની સત્તાનો દુરુપયોગ કરીને વ્યક્તિગત અદાવત રાખી તેમજ અરજદારને પાઠ ભણાવવાના બદઈરાદાથી સ્થળ પર જ રૂપિયા ૮,૦૦૦ નો તોતિંગ મેમો ફાડી આપ્યો હતો. આમ, સરકારી કલમનો ઉપયોગ તેમણે કાયદાના પાલન માટે નહીં પરંતુ પોતાની અંગત અદાવત અને ખુન્નસ કાઢવા માટે કર્યો હોવાનો આક્ષેપ ફરિયાદમાં કરાયો છે.રાજ્યના ઉચ્ચ અધિકારીઓને મોકલવામાં આવેલી આ લેખિત ફરિયાદમાં ભોગ બનનારે ન્યાયની ગુહાર લગાવી છે. સદનસીબે આ સમગ્ર શરમજનક અને ગેરકાયદેસર ઘટના સીએનજી પંપ પર લાગેલા સીસીટીવી કેમેરામાં આબેહૂબ કેદ થઈ ગઈ છે. અરજદાર રામજીભાઈ ગાગલે માત્ર મૌખિક આક્ષેપો કરવાને બદલે સીએનજી પંપના સીસીટીવી ફૂટેજની સીડી અને આરટીઓ ઈન્સ્પેક્ટર કે.વી. પટેલ દ્વારા વ્યક્તિગત અદાવતમાં ફાડી આપવામાં આવેલા રૂપિયા ૮,૦૦૦ ના મેમોની નકલ સહિતના તમામ સજ્જડ અને પાકા પુરાવાઓ લેખિત ફરિયાદની સાથે રજૂ કર્યા છે.આ સચોટ પુરાવાઓના આધારે અરજદારે ઉચ્ચ કક્ષાએ ઉગ્ર માંગણી કરી છે કે, સત્તાના નશામાં અંધ બનીને કાયદો હાથમાં લેનારા, જાહેર જનતા સાથે મારપીટ કરનારા અને સરકારી પદનો દુરુપયોગ કરીને ખોટો મેમો ફાડનારા આરટીઓ ઈન્સ્પેક્ટર કે.વી. પટેલને તાત્કાલિક અસરથી નોકરીમાંથી સસ્પેન્ડ કરવામાં આવે. આ સાથે જ તેમની સામે જાહેર સ્થળે મારપીટ કરવા બદલ કડક ફોજદારી ગુનો દાખલ કરવામાં આવે અને સરકારી નિયમોના ઉલ્લંઘન બદલ ખાતાકીય તપાસ શરૂ કરીને દાખલારૂપ કડક પગલાં ભરવામાં આવે જેથી ભવિષ્યમાં કોઈ અધિકારી જનતા સાથે આવું ગેરવર્તન ન કરી શકે. આ બાબતે આરટીઓ ઈન્સ્પેક્ટર કે.વી. પટેલે જણાવ્યું હતું કે, રજૂઆતકર્તાના આક્ષેપ કોઈ તથ્ય નથી. હકીકતમાં રજૂઆતકર્તાએ ખોટી રીતે લાઈનમાં પોતાની ગાડી નાખી કતારમાં આગળ થવાનો પ્રયાસ કર્યો હતો. જેને અટકાવતાં તેમણે ઉદ્ધતાઈ ભર્યું વર્તન કરી હાથાપાઈ કરી હતી. ઘટના સ્થળના સીસીટીવી ફુટેજમાં સ્પષ્ટ જણાઈ આવે છે કે, રજૂઆતકર્તાએ બળજબરી પૂર્વક કતારમાં આગળ જવાનો પ્રયાસ કર્યો હતો.

# વરસામેડી ગામે યુવકનું સારવાર દરમિયાન મોત

અંજાર - કચ્છઉદય : અંજાર તાલુકાના વરસામેડી ગામના રહેવાસી ૩૧ વર્ષીય યુવકનું સારવાર દરમિયાન મોત નિપજતા અંજાર પોલીસે અકસ્માત મોત (એ.ડી.)નો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પ્રાપ્ત વિગતો મુજબ વરસામેડીના રેશમનગર વિસ્તારમાં રહેતા ચેતન વિજય યાદવ છેલ્લા બે દિવસથી બીમાર હોવાને કારણે સારવાર માટે પ્રથમ અંજાર સરકારી હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા હતા. ત્યાં પ્રાથમિક સારવાર આપવામાં આવ્યા બાદ તેમની તબિયત વધુ નાજુક બનતા વધુ સારવાર અર્થે ભુજ સ્થિત જી.કે. જનરલ હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા હતા. ભુજની જી.કે. જનરલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન ડોક્ટરોએ તપાસ કરતાં ચેતન યાદવનું મોત થયાનું જાહેર કર્યું હતું. મૃતદેહને હોસ્પિટલના પી.એમ. રૂમમાં ખસેડવામાં આવ્યો હતો. ઘટનાની જાણ હોસ્પિટલ તંત્ર દ્વારા પોલીસને કરવામાં આવતા અંજાર પોલીસ સ્ટેશનમાં અકસ્માત મોતનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે. પોલીસે મૃતકના મોતનું ચોક્કસ કારણ જાણવા માટે જરૂરી કાનૂની કાર્યવાહી હાથ ધરી છે. પોસ્ટમોર્ટમ સહિતની કાર્યવાહી પૂર્ણ થયા બાદ મામલાની નોંધ લેવામાં આવી છે અને અંજાર પોલીસ દ્વારા આગળની તપાસ કરવામાં આવી રહી છે.

# ભુજના પ્રમુખ સ્વામીનગરમાં કાર અડી જતા કાર ચાલક યુવાનને માર મરાયો

ભુજ - કચ્છઉદય : શહેરના પ્રમુખસ્વામીનગર વિસ્તારમાં પાર્કિંગના મામલે થયેલી સામાન્ય બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા કાર ચાલક વિદ્યાર્થીને માર મારવામાં આવ્યો હોવાની ઘટના સામે આવી છે. આ અંગે ભુજ શહેર એ ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાયા બાદ પોલીસે તપાસ હાથ ધરી છે. ફરિયાદી વિદ્યાર્થી જયદેવ બિપીનભાઈ ઠક્કર જે મેડિકલ કોલેજની લાઈબ્રેરીમાં અભ્યાસ કરવા જઈ રહ્યા હતા, તેમણે ફરિયાદમાં જણાવ્યું છે કે ગત તા. ૦૪/૦૬/૨૦૨૬ ના રાત્રિના સમયે જ્યારે તેઓ પોતાની કાર લઈને પ્રમુખસ્વામી નગરના મુખ્ય રસ્તા પરથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે રસ્તામાં બે ફોર-વ્હીલર ગાડીઓ અડચણરૂપ પાર્ક કરેલી હતી. વિદ્યાર્થીએ ખૂબ જ સાવધાનીપૂર્વક પોતાની કાર બે ગાડીઓની વચ્ચેથી પસાર કરવાનો પ્રયાસ કર્યો હતો, તે દરમિયાન તેમની કાર એક ફોર-વ્હીલરને નહિવત અડી ગઈ હતી. આ બાબતનું મનદુ:ખ રાખીને મુકેશભાઈ પટેલ તથા તેમની પુત્રીએ કારના કાચ અને બોનેટ પર હાથ પછાડ્યા હતા. ફરિયાદ મુજબ, જ્યારે ફરીયાદીએ કારનો દરવાજો ખોલ્યો ત્યારે આરોપીઓએ તેમને નીચે ખેંચીને ગાળો આપી હતી અને માર મારવાનું શરૂ કર્યું હતું. ત્યારબાદ શશિકાંત પટેલ, અશોક પટેલ અને અન્ય ચાર મહિલાઓ ત્યાં આવી પહોંચ્યા હતા અને મુઢ માર મારી ઈજાઓ પહોંચાડી હતી તથા તેમના કપડાં પણ ફાડી નાખ્યા હતા. નજીકમાં જ રહેતા ફરિયાદીના માતા-પિતા ઘટનાસ્થળે દોડી આવતા તેમનો બચાવ થયો હતો. ઘટના બાદ ઈજાઓ થતાં યુવાનને મેડિસ્ટાર હોસ્પિટલ ખાતે સારવાર અર્થે દાખલ કરાયો હતો. આ મામલે ભુજ શહેર એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે.

# નખત્રાણા તાલુકા સંકલન બેઠકમાં પ્રિ-મોન્સુન કામગીરીનો પ્રશ્ન ઉઠયો




નખત્રાણા - કચ્છઉદય : પ્રાંત કચેરી ખાતે તાલુકા સંકલન સમિતિની બેઠક પ્રાંત અધિકારી ઉત્કર્ષ ઉજ્જવલના પ્રમુખ સ્થાને મળી હતી. મામલતદાર રાકેશભાઈ પટેલે તમામ સભ્યો, અધિકારીને આવકાર્યા હતા.

તાલુકા પંચાયતના પ્રમુખ ભારતીબેન નીતિન ગોસ્વામી તથા નખત્રાણા નગરપાલિકાના પ્રમુખ વસંતભાઈ વેલજીભાઈ વાઘેલાની ઉપસ્થિતિમાં મળેલ બેઠકમાં આગામી ચોમાસાને ધ્યાને લઈ દરેક કચેરીમાંથી સંલગ્ન પ્રિ-મોન્સુનની કામગીરીના અહેવાલો મંગાવવામાં આવ્યા હતા. પાલરધુના, કાળિયો ધ્રો, ફોટ મહાદેવ, મથલ, નિરોણા, દેવપર સહિતના આવેલા ડેમો પર પોલીસ બંદોબસ્ત ગોઠવવા ઉપરાંત ભયસૂચક સાઈન બોર્ડ મુકવા, નખત્રાણા બસ સ્ટેશન પાસે બંને વોકળા ભરપુર આવે છે, ત્યાં ચોમાસામાં ટ્રાફિકજામ થાય છે તેની ચર્ચા, અગાઉ ચોમાસામાં ગામો ડૂબમાં ગયા હોય અથવા નુકશાન થયા હોય તેની માહિતી, પ્રિ-મોન્સુનને લઈ પીજીવીસીએલ દ્વારા કઈ કઈ કામગીરી થઈ તેનો રિપોર્ટ, ચોમાસા પહેલા સિંચાઈના ડેમોના મરામત - રિપેરીંગ થવા સહિતના પ્રશ્નો ઉઠ્યા હતા. નખત્રાણા શહેરમાં અમુક જગ્યાએ ક્ષાર - કાંયાવાળુ દુષિત પાણી આવે છે, વિરાણીમાં નર્મદાના અપુરતા પાણી મળે છે, જયારે ધામાય, મુરૂ, ઉગેડી, દેશલપર ગુંતલી સહિતના ગામોમાં પાણીનો પોકાર ઉઠ્યો છે ત્યાં તાકીદે પાણી પહોંચાડવા, ઢોરોથી આમારા રસ્તો ૩ કિ.મી.નો રિપેરીંગ કરવા, ઉખેડા - બિટ્ટા રસ્તાનું કામ બંધ છે, જે ગણેશ કન્ટ્રકશન કંપની કામ આપ્યું છે પણ કામ ન કરતાં બ્લેક લિસ્ટમાં મુકવા, વથાણથી નખત્રાણા બસ સ્ટેશન સુધી સીસી રોડ તાકીદે બનાવવા સહિતના પ્રશ્નો બેઠકમાં ઉઠ્યા હતા. ડીવાયએસપી બી.બી. ભંગોરા, મામલતદાર રાકેશ પટેલ, ટીડીઓ આર.સી. સોની, દિલેર સિંધી, મીત પાટડિયા, નરેશ ભાનુશાલી, પીઆઈ અલ્પેશ પટેલ, શાન્તાબેન ચુડાસમા, ગૌતમભાઈ ચૌધરી, શિવજીભાઈ પાયણ સહિત વિવિધ કચેરીના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.


કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ — કચ્છ ઉદય

સરહદી કચ્છ જિલ્લાની સાંપ્રત સમસ્યાઓને વાંચા આપી સાચા અર્થમાં સરહદના સંત્રીની ભૂમીકા ભજવતા કચ્છી માડુઓના પોતિકા સાંધ્ય દૈનિક **કચ્છઉદય**ને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે ખુબ ખુબ શુભેચ્છા...

**P.M. ENTERPRISE**



PGVCL — પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમીટેડ, વિભાગીય કચેરી, ભીમાસર અને રાપર - કચ્છ. — PGVCL

**જાહેર વિજ્ઞપ્તી**

આથી અમારા માનવંતા વીજ-ગ્રાહકોને જણાવવાનું કે, ભીમાસર અને રાપર પેટા-વિભાગીય કચેરીમાં નીચે જણાવેલ ફિડરો જરૂરી સમારકામ માટે નીચે જણાવ્યા પ્રમાણે તારીખના રોજ બંધ રહેશે. કામ પુર્ણ થયે અન્ય કોઈપણ જાતની સુચના આપ્યા વગર વિજ-પુરવઠો પુનઃચાલુ કરી દેવામાં આવશે, જેની નોંધ લેવા વિનંતી.

| ૧૧ કેવી ફિડર નું નામ/પેટા-વિભાગીય કચેરીનું નામ | તારીખ | બંધ રહેનાર વિસ્તાર |
|---|---|---|
| ૧૧ કેવી ફતેગઢ (જેજીવાય) /ભીમાસર | તા- ૦૮.૦૬.૨૦૨૬ સવારે ૮ થી સાંજે ૫ | ફતેહગઢ, માંજુવાસ, દેવીસર ખાંડેક અને ફીડરમાં આવતો તમામ વિસ્તાર |
| ૧૧ કેવી હિંગળાજ (એજી) / ભીમાસર | તા- ૦૮.૦૬.૨૦૨૬ સવારે ૮ થી સાંજે ૫ | હિગળાજ (એજી) ફીડરમાં આવતો તમામ વિસ્તાર |
| ૧૧ કેવી બાદરગઢ (જેજીવાય) / રાપર | તા- ૦૮.૦૬.૨૦૨૬ સવારે ૮ થી સાંજે ૫ | પાલનપર, ખારાકૂવા, નિલપર, પગીવાંઢ, રાકની વાંઢ અને ફીડરમાં આવતો તમામ વિસ્તાર |
| ૧૧ કેવી પાલનપર (એજી), ૧૧ કેવી નીલપર (એજી), ૧૧ કેવી ચિત્રોડ (એજી), ૧૧ કેવી સુવઈ (એજી) /રાપર. | તા- ૦૮.૦૬.૨૦૨૬ સવારે ૮ થી બપોરે ૫ | પાલનપર (એજી), નીલપર (એજી), ચિત્રોડ (એજી), તથા સુવઈ (એજી) ફીડરમાં આવતો તમામ વિસ્તાર |

અરજદાર પોતાની ફરિયાદ અમારી કંપનીના ટોલફ્રી નંબર - ૧૮૦૦૨૩૩૧૫૫૩૩૩ તથા ભીમાસર અને રાપર પેટાવિભાગીય કચેરીના કમ્પ્લેઈન્ટ કોલ સેન્ટરનંબર ૯૯૨૫૨૧૩૩૭૫, ૯૬૮૭૬૩૩૬૭૬ પર દર્જ કરાવી (જણાવી) શકે છે.

**કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, પીજીવીસીએલ, ભચાઉ**

# ગાંધીધામના વિકાસને ગતિ આપતા વીજ પ્રશ્નોના ઉકેલ માટે ગાંધીધામ ચેમ્બર - પીજીવીસીએલ વચ્ચે રચનાત્મક સંવાદ



## વ્યાપાર, ઉદ્યોગ અને જનહિતના પ્રશ્નોને લઈ અધિકારીઓએ આપ્યા હકારાત્મક પ્રતિસાદ; અન્ડરગ્રાઉન્ડ કેબલિંગથી સ્માર્ટ મીટર તેમજ સબ ડીવીઝન સુધીના મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા હાથ ધરાઈ

ગાંધીધામ : પૂર્વ કચ્છના ઝડપી શહેરી અને ઔદ્યોગિક વિકાસ વચ્ચે વીજ પુરવઠા સંબંધિત પ્રશ્નો, પડકારો અને ભવિષ્યલક્ષી આયોજન અંગે સીધો અને રચનાત્મક સંવાદ સ્થાપિત કરવાના ઉદ્દેશ્ય સાથે ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ચેમ્બર ભવન ખાતે પીજીવીસીએલના ઉચ્ચ અધિકારીઓ સાથે વિશેષ સંવાદ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. વેપાર, ઉદ્યોગ, સામાજિક સંસ્થાઓ, વિવિધ સંગઠનોના પ્રતિનિધિઓ, ચેમ્બરના હોદ્દેદારો, કારોબારી સભ્યો તથા આગેવાનોની ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં વીજ વ્યવસ્થાને લગતા અનેક મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ખુલ્લી અને હકારાત્મક ચર્ચા થઈ હતી.

કાર્યક્રમના પ્રારંભે ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી તેજા કાનગડે પીજીવીસીએલના કોર્પોરેટ ઓફિસ (ટેક) રાજકોટના ચીફ એન્જિનિયર (ઈન્ચાર્જ) શ્રી એ.એસ. ચૌધરી, ગાંધીધામ ડિવિઝનના ઈન્ચાર્જ એક્ઝિક્યુટિવ એન્જિનિયર કે.એ. ઓઝા, અંજારના ડેપ્યુટી એન્જિનિયર શ્રી એન.કે. શ્રીમાળી, ભચાઉ ડિવિઝનના ઈન્ચાર્જ એક્ઝિક્યુટિવ એન્જિનિયર શ્રી જે.એ. જુણેજા, અંજાર સર્કલના ડેપ્યુટી એન્જિનિયર એન.કે.શ્રીમાળી, આદિપુર સબ- ડિવિઝનના ડેપ્યુટી એન્જિનિયર એચ.એમ. પટેલ, રામબાગ ઓફિસના જુનિયર એન્જિનિયર એ.એસ. રંગવાણી સહિત તમામ અધિકારીઓનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. સ્વાગત વક્તવ્ય દરમિયાન પ્રમુખ તેજા કાનગડે જણાવ્યું હતું કે, ગાંધીધામ-આદિપુર સંકુલ આજે ગુજરાતના સૌથી ઝડપથી વિકસતા શહેરી અને ઔદ્યોગિક વિસ્તારોમાં સ્થાન ધરાવે છે. વધતી વસતિ, વિસ્તરતા રહેણાંક વિસ્તારો અને સતત વિસ્તરતા વેપાર-ઉદ્યોગોને ધ્યાનમાં લેતા ગુણવત્તાસભર અને અવરોધમુક્ત વીજ પુરવઠો સમયની જરૂરિયાત બની ગયો છે. તેમણે અન્ડરગ્રાઉન્ડ કેબલિંગ, સ્માર્ટ મીટર સ્થાપન, વીજ વિક્ષેપ ઘટાડવા અને ગ્રાહકલક્ષી સેવાઓ વધુ કાર્યક્ષમ બનાવવા માટે પીજીવીસીએલ દ્વારા હાથ ધરાયેલા પ્રયાસોની પ્રશંસા કરી હતી. સાથે ગાંધીધામ ખાતે સંપૂર્ણ સજ્જ અર્બન સબ-ડિવિઝનની લાંબા સમયથી ચાલી રહેલી માંગને પ્રાથમિકતાના ધોરણે મંજૂરી આપવા રજૂઆત કરતાં જણાવ્યું હતું કે, તેનાથી નાગરિકો, વેપારીઓ, ઉદ્યોગકારો અને વિભાગને પણ સીધો લાભ થશે તથા ફરિયાદોના ઝડપી નિરાકરણ માટે નવી દિશા ખુલશે.

ચેમ્બરના ઉપપ્રમુખ દીપક પારેખે મીઠી રોહર વિસ્તારમાં વારંવાર થતા વીજ વિક્ષેપનો મુદ્દો ઉઠાવતા જણાવ્યું હતું કે, આ વિસ્તાર મુખ્યત્વે કોમર્શિયલ ઝોન છે અને દિવસ દરમિયાન અનેક વખત વીજ પુરવઠો ખોરવાતા વેપારિક પ્રવૃત્તિઓ પર સીધી અસર થાય છે. તેમણે ભવિષ્યમાં ફોલ્ટ ન સર્જાય તેવું આગોતરું આયોજન કરવા અને વિક્ષેપમુક્ત વીજ વ્યવસ્થા ઊભી કરવા આગ્રહ વ્યક્ત કર્યો હતો. માનદ મંત્રી મહેશ તીર્થાણીએ જણાવ્યું હતું કે, સમગ્ર ગુજરાતમાં ગાંધીધામ એક એવું શહેર છે જ્યાં એકસાથે અનેક વિકાસલક્ષી પ્રોજેક્ટો કાર્યાન્વિત થઈ રહ્યા છે. આવી સ્થિતિમાં નાગરિકો, વેપારીઓ અને સંસ્થાઓએ પણ જવાબદાર ભાગીદાર તરીકે સહયોગ આપવો જરૂરી છે. તેમણે સ્માર્ટ મીટરને લઈને સમાજમાં પ્રવર્તતી ગેરસમજો દૂર કરવાની જરૂરિયાત ઉપર ભાર મૂકતાં જણાવ્યું હતું કે ચેમ્બરના હોદ્દેદારો પોતે પહેલ કરીને આ અભિયાનમાં જોડાશે જેથી સમાજમાં સકારાત્મક સંદેશ પહોંચે. મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન તેજસ શેઠે વરસાદી મોસમ નજીક હોવાથી અન્ડરગ્રાઉન્ડ કેબલિંગના "મહ પ્રાથમિક કાર્યો તાત્કાલિક પૂર્ણ કરવા ઉપર ભાર મૂક્યો હતો. તેમણે મહાનગરપાલિકા અને પીજીવીસીએલ વચ્ચે સતતસંકલન જળવાઈ રહે તેવી અપેક્ષા વ્યક્ત કરી હતી. ચેમ્બરના સહમંત્રી જતિન અગ્રવાલ, પારસમલ ન્હાટા, હરીશ માહેશ્વરી, રશ્મીકાંત મહેતા, રાજુભાઈ ચંદનાણી, તેમજ લક્ષ્મણભાઈ આહિર અને રામકરણ તિવારીએ વિવિધ રચનાત્મક સૂચનો રજુ કર્યા હતા.પ્રશ્નોત્તરી સત્ર દરમિયાન કોર્પોરેટ ઓફિસ ટેક) રાજકોટના ચીફ એન્જિનિયર (ઈન્ચાર્જ શ્રી એ.એસ. ચૌધરીએ ઉપસ્થિત તમામ પ્રશ્નોના વિસ્તૃત અને હકારાત્મક જવાબો આપ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, વેપાર અને ઉદ્યોગોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને એચ.ટી. કનેક્શન પ્રક્રિયાને વધુ ઝડપી બનાવવામાં આવી રહી છે અને માંગ મુજબ ત્વરિત સેવાઓ ઉપલબ્ધ કરાવવા વિભાગ પ્રતિબદ્ધ છે. અન્ડરગ્રાઉન્ડ કેબલિંગને સહિયારા સંકલનનો પ્રોજેક્ટ ગણાવતા તેમણે જણાવ્યું હતું કે, પીજીવીસીએલ, ગેટકો અને મહાનગરપાલિકા વચ્ચે નિયમિત રિવ્યૂ મીટિંગો યોજાઈ રહી છે અને વરસાદી મોસમ પૂર્વે પ્રાથમિકતાના ધોરણે મહત્વના કાર્યો પૂર્ણ કરવાનો પ્રયાસ કરવામાં આવશે. શ્રી ચૌધરીએ જણાવ્યું હતું કે, અન્ડરગ્રાઉન્ડ કેબલિંગ પ્રોજેક્ટ માટે આશરે ૧૮ મહિનાનો સમયગાળો નિર્ધારિત છે, તેમ છતાં કોઈ કારણસર વિલંબ સર્જાય તો પણ માર્ચ-૨૦૭ સુધીમાં સમગ્ર કામગીરી પૂર્ણ કરી કાર્યરત કરવામાં આવશે. તેમણે નવી ટેક્નોલોજી આધારિત ટ્રાન્સફોર્મર ડિસ્ટ્રિબ્યુશન બોક્સની માહિતી આપતાં જણાવ્યું હતું કે, સમય સાથે વીજ વ્યવસ્થામાં આધુનિકતા લાવવી અનિવાર્ય છે. સ્માર્ટ મીટર અંગે તેમણે સ્પષ્ટતા કરી હતી કે તે, ગ્રાહકોને વાસ્તવિક વીજ વપરાશની પારદર્શક માહિતી આપતું અત્યંત ઉપયોગી સાધન છે અને તેને લઈને સમાજમાં રહેલી શંકાઓ દૂર કરવાની જરૂર છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, હવે વ્હોટ્સએપ મારફતે પણ ફરિયાદો નોંધાવવાની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે, જેથી ગ્રાહકોને વધુ સરળતા અને ઝડપી સેવા મળી રહેશે. કચ્છની આગવી વિકાસયાત્રા, ગાંધીધામ સંકુલની પ્રગતિ અને ગાંધીધામ ચેમ્બર દ્વારા કરવામાં આવતા રચનાત્મક પ્રયાસોની પ્રશંસા કરતાં તેમણે જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્યમાં આ પ્રકારનો મહત્વપૂર્ણ પ્રોજેક્ટ સૌપ્રથમ ગાંધીધામને મળ્યો છે તે સમગ્ર વિસ્તાર માટે ગૌરવની બાબત છે. તેમણે ખાસ ઉલ્લેખ સાથે ઉમેર્યું હતું કે, આવી બેઠકો સંઘર્ષ માટે નહીં પરંતુ સમસ્યાઓના સમાધાન માટે હોય છે અને ગાંધીધામ ચેમ્બર દ્વારા સર્જાયેલું હકારાત્મક વાતાવરણ વિકાસલક્ષી અભિગમનું ઉત્તમ ઉદાહરણ છે. કાર્યક્રમના અંતે ઉપસ્થિત તમામ વેપારીઓ, ઉદ્યોગકારો, સામાજિક આગેવાનો તથા અધિકારીઓએ સંવાદ અને સહકારની ભાવના સાથે ગાંધીધામ તથા પૂર્વ કચ્છની વીજ વ્યવસ્થાને વધુ સુદ્રઢ, આધુનિક અને ગ્રાહકલક્ષી બનાવવા માટે સંયુક્ત પ્રયાસો ચાલુ રાખવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. આ કાર્યક્રમમાં પીજીવીસીએલના અન્ય તમામ અધિકારીશ્રીઓ સાથે ચેમ્બરના હોદ્દેદારો પૈકી પ્રમુખશ્રી તેજા કાનગડ, ઉપ પ્રમુખશ્રી દીપક પારેખ, માનદ મંત્રી મહેશ તીર્થાણી, સહમંત્રી જતિન અગ્રવાલ, ખજાનચી કૈલેશ ગોર, કારોબારી સભ્યો અને વ્યાપાર ઉદ્યોગ સાથે જોડાયેલા સર્વશ્રી લક્ષ્મણભાઈ આહીર, તેજસ શેઠ, હરીશ માહેશ્વરી, કમલેશ રામચંદાણી, રાજુ ચંદનાણી, દિનેશ ગોયલ, રશમીકાંત મહેતા, શરદ ઠક્કર, જગદીશ ન્હાટા, ડેનુ કપાનીયા, અનિમેષ મોદી, રામકરણ તિવારી, જગદીશ પટેલ, રાજીવ ચાવલા, રાકેશ કુમાર જૈન સહિતનાઓ જોડાયા હતા તેવું અખબારી યાદીના માધ્યમથી માનદ મંત્રી મહેશ તીર્થાણી એ જણાવેલ.

## સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 7 | | | 2 | | | | 6 | |
| 6 | | 3 | 4 | 8 | | | 5 | 2 |
| 2 | | | 1 | | | | | |
| | | 5 | 8 | 4 | 2 | | | |
| | | | | | | | | |
| | | | 7 | 5 | 3 | 4 | | |
| | | | | | 9 | | | 8 |
| 5 | 6 | | | 7 | 4 | 2 | | 1 |
| | 9 | | | 6 | | | | 4 |

**અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.**

**(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.**

**(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.**

**(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો**

**(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.**

**ગઈકાલનો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 9 | 7 | 2 | 8 | 6 | 5 | 4 | 3 |
| 8 | 2 | 4 | 5 | 9 | 3 | 7 | 1 | 6 |
| 3 | 6 | 5 | 7 | 1 | 4 | 9 | 8 | 2 |
| 5 | 7 | 3 | 6 | 2 | 1 | 8 | 9 | 4 |
| 4 | 8 | 6 | 3 | 7 | 9 | 1 | 2 | 5 |
| 2 | 1 | 9 | 8 | 4 | 5 | 3 | 6 | 7 |
| 6 | 5 | 1 | 9 | 3 | 2 | 4 | 7 | 8 |
| 7 | 4 | 2 | 1 | 5 | 8 | 6 | 3 | 9 |
| 9 | 3 | 8 | 4 | 6 | 7 | 2 | 5 | 1 |

# અવસાન નોંધ

**આદિપુર** : ગં.સ્વ. જયાબેન પંચાલ (ઉમરાણિયા) (ઉ.વ. ૭૨) તે સ્વ. કનૈયાલાલ અંબાલાલ ઉમરાણિયાના પત્ની, સ્વ. તારાબેન દેવકરણ પિત્રોડાના પુત્રી, સ્વ. ગૌરીબેન રમણીકભાઈ ઉમરાણિયાના દેરાણી, સ્વ. હિનાબેન, જિતેન્દ્રભાઈ, દિનાબેનના માતા, ક્રિષ્નાબેન અને ભરતભાઈ આથાના સાસુ, પ્રકાશભાઈ અને ગીતાબેનના કાકી, નંદુબેનના કાકીજી સાસુ, અનિશા, શ્રેષ્ઠ, રેયાંશ (રાધે)ના નાની, સાગર પિત્રોડાના નાનીજી સાસુ, તૃપ્તિ, જાનવી, હર્ષ, ભાવિન, અસ્મિતાના દાદી, કરણ પઢારિયા અને નેહલ સમેરવાલના દાદીજી સાસુ તા. ૪-૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૬-૬ના શનિવારે સાંજે ૫થી ૬ ઝૂલેલાલ મંદિર, ૯ વાળી, આદિપુર ખાતે.

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય

કચ્છ જિલ્લામાં સર્વે ગ્રાહકો મિત્રોને જણાવવાનું કે કચ્છ ઉદય સાંધ્ય દૈનિકમાં મરણનોંધ બપોરે ૧૨.૦૦ વાગ્યા સુધી સ્વીકારવામાં આવશે.

અવસાન નોંધ માટે મરણનો દાખલો, આધાર પુરાવો, ગામ પંચાયતનો લેટર, તથા કાઉન્સીલરનો લેટર હશે તો અવસાન નોંધ સ્વીકારવામાં આવશે.

સંપર્ક : પ્લોટ નં.૨૮૭, સેક્ટર-૧/એ, ગાંધીધામ

**અંજાર** : મૂળ મુંદરાના લીનાબેન (ટોટીબેન) ધીરજસિંહ પલેજા (ઉ.વ. ૮૫) તે સ્વ. ધીરજસિંહ વાલજીભાઈ પલેજાના પત્ની, સ્વ. ગોદાવરીબેન વલ્લભદાસ ખટાઉ (મુંદરા)ના પુત્રી, સ્વ. બાબુભાઈ, સ્વ. દમયંતીબેનના બહેન, સંદીપભાઈ, ભરતભાઈ, નિર્મલભાઈ (પપ્પુભાઈ)ના માતા, હિનાબેન સંદીપભાઈ (મસ્કત), માયાબેન ભરતભાઈના સાસુ, જિમ્મી, બિજલ, શિવાંગી, હેન્સીના દાદી તા. ૪-૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૬-૬ના શનિવારે સાંજે ૪:૩૦થી ૫:૩૦ ભાટિયા મહાજન કોમ્યુનિટી હોલ, ટેલિફોન એક્સચેંજની પાછળ, અંજાર ખાતે.

**મેઘપર બોરીચી** : ગુ.ક્ષ. કડિયા રાજેશભાઈ વાઢેર તે ગં.સ્વ. રંજનબેન દિલીપભાઈ વાઢેરના પુત્ર, તૃપ્તિબેનના પતિ, તનિષા, રીતિશાના પિતા, દીપ્તિબેનના ભાઈ, કુંજનભાઈ ચોટલિયાના સાળા તા. ૩-૬ના અવસાન પામ્યા છે. બેસણું તા. ૬-૬ના સાંજે ૫થી ૬ ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજવાડી, બસ સ્ટેન્ડની સામે, આદિપુર ખાતે.

**ભુજ** : વડનગરા નાગર મૃદુલાબેન (ઉ.વ. ૮૬) (નિવૃત્ત શિક્ષિકા) તે સ્વ. જયંતભાઈ સુરેન્દ્રરાય અંતાણીના પત્ની, સુજાતા, આશુતોષ, અર્પણ, જ્વલંતના માતા, સ્વ. પુષ્કળબેન તથા પ્રેમિલાબેન સુરેન્દ્રરાય અંતાણીના પુત્રવધૂ, સ્વ. શારદાબેન (ગયણીબેન) વસંતરાય વૈષ્ણવના પુત્રી, સ્વ. પ્રતિભાબેન શશિકાન્ત ઠક્કર, સોહિણીબેન જયેશભાઈ હાથી, વર્ષાબેન યશેષભાઈ ધોળકિયા, ઈલાબેન હર્ષબિન્દુભાઈ વૈષ્ણવ, જયેશભાઈ, સ્વ. અવનીન્દ્રભાઈ, ભૂષણભાઈ, અસિતભાઈના ભાભી, નિશાબેન, અંજનાબેન, સ્વ. પૂર્ણિમાબેનના જેઠાણી, સ્વ. કનકમણિબેન, સ્વ. તરંગિણીબેન વૈષ્ણવના નણંદ, સ્વ. જિતેન્દ્રરાય (જુગલભાઈ), સ્વ. ઈન્દુમતિબેન (અનિલાબેન) મધુકાન્ત વોરા, સ્વ. ગુણસુંદરીબેન કેશવકાન્ત વોરા, ભાસ્કરરાય વૈષ્ણવના બહેન, મુકેશભાઈ સનતભાઈ માંકડ (જામનગર), કુંજલબેન, આનંદીબેન, પૂજાબેનના સાસુ, પ્રાપ્તિબેન ઝલકભાઈ છાયાના નાની, કૃપાબેન, ખુશીબેનના દાદી તા. ૪-૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૬-૬ના શનિવારે સાંજે ૫:૩૦થી ૬:૩૦ હાટકેશ કોમ્પ્લેક્સ, ભુજ ખાતે.

**ભુજ** : મારૂ કંસારા સોની મહેન્દ્રભાઈ (ઉ.વ. ૬૦) તે સ્વ. ગૌરીબેન શિવલાલ બિજલાણીના પુત્ર, ગોપીબેનના પતિ, સ્વ. સોની નર્મદાબેન વિશનજી જેઠાલાલ કટ્ટા (નખત્રાણા)ના જમાઈ, ગં.સ્વ. આશાબેન ચંદુભાઈ (નારાણપર), સ્વ. અતુલના ભાઈ, સ્વ. હરિલાલ વેલજી, સ્વ. વિશનજી વેલજીના ભત્રીજા, સ્વ. નંદલાલ, દયારામભાઈ, દિલીપભાઈ, પ્રફુલ્લભાઈ, ભરતભાઈ, ધીરજભાઈ, હર્ષદભાઈ, રસીલાબેન, કમળાબેન, મીતાબેનના કાકાઈ ભાઈ, કલ્પેશ, બ્રિજેશ, હિરેન, જ્યોતિ સચિન કટ્ટા (મુંદરા)ના મામા, રમેશભાઈ, વિનુભાઈ, સ્વ. આનંદ, વિવેક, પ્રીતના કાકા, અનિલભાઈ, મહેશભાઈ, સ્વ. બાબુભાઈ, બટુકભાઈ, સ્વ. ભાઈલાલ, ધનસુખ, નયન, સુરેશ, ગીતા મધુકાંત (અંજાર), જયશ્રી અરવિંદ (માનકૂવા)ના બનેવી, ઉમંગ, હર્ષ, દીપેશ, પ્રીત, ચાંદની જય સાકરિયા (અંજાર)ના ફુવા તા. ૪-૬ના અવસાન પામ્યા છે. બંને પક્ષનું ઉઠમણું તા. ૬-૬ના સાંજે ૪થી ૫ બિલેશ્વર મહાદેવ મંદિર, ભુજ ખાતે.

**ખીરસરા (તા. નખત્રાણા)** : હીરબાઈ વેલજીભાઈ તુલસીદાસ સુથાર (ઉ.વ. ૭૭) તે સ્વ. વેલજી તુલસીદાસના પત્ની, સ્વ. મુરજી લધા સુથાર (રસલિયા)ના પુત્રી, રમેશભાઈ, દમયંતીબેન નવીનભાઈ (વિરાણી મોટી), પુષ્પાબેન ભવાનભાઈ (હમલા મંજલ), નયનાબેન કિરણભાઈ (દહીંસરા), રાજેશના માતા, કલ્પનાબેન રમેશભાઈ, લીલાબેન રાજેશના સાસુ, ઉર્વશી (હૈદરાબાદ), દર્શના, જિતેન્દ્રના દાદી, આર્દ્રિકા, કાશ્વીના પરદાદી તા. ૩-૬ના અવસાન પામ્યા છે. બંને પક્ષનું બેસણું તા. ૬-૬ના સવારે ૯થી સાંજે ૫ સુધી નિવાસસ્થાને ખીરસરા ખાતે.

# રાપરમાં અધિક માસ નિમિતે વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન





ગાંધીધામ - કચ્છઉદય : હાલ ચાલી રહેલ પવિત્ર અને પાવન અધિક માસ નિમિત્તે રાપર શહેરના એકતા નગર ખાતે આવેલ નિલકંઠ મહાદેવના મંદિર ખાતે પુજારી જગદીશગીરી ગૌસ્વામીની ઉપસ્થિતમાં અધિક માસ દરમ્યાન દરરોજ જુદા જુદા ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. એકતાનગર મહિલા મંડળના હિરૂબેન મસુરીયા, વસંતીબેન ઠક્કર, મજુબેન ઠક્કર, લતાબેન ગોર, વર્ષાબેન ગોસ્વામી, ઈલાબેન દરજી, પ્રેમિલાબેન સાધુ, મણીબેન ઠક્કર, રંભાબેન ગોર, ગીતાબેન વિગેરે ઉપસ્થિત રહ્યા હતા. દરરોજ વહેલી સવારે ધાર્મિક કાર્યક્રમો, ભજન, સત્સંગ, પ્રસાદ, આરતી વિગેરેનું આયોજન કરવામાં આવે છે. સાંજે પણ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

# ભુજ આરટીઓ દ્વારા નોન ટ્રાન્સપોર્ટ વાહનોના સીપીઆઈ કરાવવા કેમ્પનું આયોજન

ભુજ - કચ્છઉદય : પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી ભુજ દ્વારા જૂન માસના નોન ટ્રાન્સપોર્ટ વાહનોના સીપીઆઈ કરાવવા માટે કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે, જે અંતર્ગત ૧૮ જૂનના રોજ નલિયા ખાતે સવારે ૧૦:૩૦ થી બપોરે ૧૨ કલાક સુધી, દયાપર ખાતે બપોરે ૧ થી ૨ કલાકે અને નખત્રાણા ખાતે બપોરે ૩ થી સાંજે ૪:૩૦ કલાકે કેમ્પ યોજાશે. આ કેમ્પમાં સ્થળ પર જ નોન ટ્રાન્સપોર્ટ વાહનોની સીપીઆઈની કામગીરી કરી આપવામાં આવશે તેમજ ભુજ કચેરીમાં પણ આ કામગીરી કરી આપવામાં આવશે તેવું ઈન્ચાર્જ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી ભુજની યાદીમાં જણાવાયું છે.

## કચ્છ નોંધ

**પેરાડાઇઝ ફાઉન્ડેશન**

● શિક્ષણ ક્ષેત્રે સમાજસેવાનું અનોખું ઉદાહરણ પૂરું પાડતી પેરાડાઇઝ ફાઉન્ડેશન દ્વારા જરૂરિયાતમંદ બાળકોને શૈક્ષણિક સહાય પૂરી પાડવાના હેતુથી આયોજિત "બુક ડોનેશન ડ્રાઈવ"ના બીજા તબક્કાનું આયોજન આગામી રવિવાર, તા.૭ જૂન, ૨૦૨૬ના રોજ સવારે ૧૧:૦૦ વાગ્યે સેન્સેઈ માર્શલ આર્ટ એકેડમી, જી.ઈ.બી. ઓફિસ સામે, આદિપુર ખાતે કરવામાં આવ્યું છે.

**નવચેતન ભગવાન મહાવીર માનવ કલ્યાણ કેન્દ્ર**

● છેલ્લા ૧૬ વર્ષથી સ્વ. ચેતન મહેતાની સ્મૃતિમાં કાર્યરત જૈન સેવા સંસ્થા નવચેતન ભગવાન મહાવીર માનવ કલ્યાણ કેન્દ્ર દ્વારા દાતા મંજરીબેન સોની - દુબઈના સહયોગથી તા.૭-૬ના વિવિધ સેવા કાર્યો કરાશે, જેમાં પ્રથમ ચરણમાં ગૌવંશને લીલાચારાનું નિરણ, શ્વાનોને દૂધ-રોટલી, પક્ષીને ચણ અને બીજા ચરણમાં ૩૦૦ લીટર છાશનું વિતરણ કરાશે. આ ઉપરાંત શ્રમજીવી પરિવારો અને દર્દીઓને કેસર કેરીનું વિતરણ કરાશે તેવું પ્રમુખ વી.જી. મહેતા અને પ્રોજેક્ટ ચેરમેન હિરેન દોશીની યાદીમાં જણાવાયું છે.

# "નંદ ઘેર આનંદ ભયો"ના જયઘોષ સાથે ગુંજ્યું ચીકસોલી

## વ્રજપ્રભા ગ્રંથ પારાયણમાં શ્રીકૃષ્ણ જન્મોત્સવની ભવ્ય ઉજવણી : ભક્તિરસમાં તરબોળ બન્યા હજારો રસિકજનો : વ્રજ ગૌશાળા અને ગોવર્ધન નંદીશાળા માટે રૂ. ૨૧ લાખના અનુદાનની જાહેરાત



અંજાર - કચ્છઉદય : બરસાના નજીક આવેલા ચીકસોલી ખાતે ચાલી રહેલા શ્રીમદ્ વ્રજપ્રભા ગ્રંથ પારાયણમાં ચોથા દિવસે ભગવાન શ્રીકૃષ્ણના પ્રાગટ્ય મહોત્સવની ભવ્ય અને ભાવવિભોર કરી દે તેવી ઉજવણી કરવામાં આવી હતી. ભજન, કીર્તન, પદગાન, ધૂન અને "નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયાલાલ કી"ના ગગનભેદી જયઘોષ વચ્ચે સમગ્ર કથામંડપ કૃષ્ણમય બની ગયો હતો. ઉપસ્થિત રસિકજનો ભક્તિરસના સાગરમાં ડૂબકી લગાવતા કૃષ્ણભક્તિના રંગે રંગાઈ ગયા હતા.કાર્યક્રમની શરૂઆત મંગલાચરણ સાથે થઈ હતી. કથાના મનોરથી કર્માબેન રણછોડભાઈ રાધુભાઈ રાવત પરિવાર દ્વારા પોથીપૂજન, અર્ચન અને ગુરુપૂજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભક્તિ અને શ્રદ્ધાનું અનોખું વાતાવરણ સર્જાયું હતું. કથા શરૂ થતાં પહેલાં રમેશભાઈ બાપાના પરિવારની બાળાએ દસ ભોમના મુખાગ્રનું સુંદર અને મનમોહક ધ્યાન રજૂ કરીને ઉપસ્થિત શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા.પારાયણના વક્તા પૂજ્ય ત્રિકમદાસજી મહારાજે શ્રીકૃષ્ણ જન્મોત્સવના પ્રસંગનું ભાવસભર અને રસાળ વર્ણન કરતાં જણાવ્યું હતું કે જ્યારે પૃથ્વી પર પાપ, અધર્મ અને અત્યાચારની સીમા વટાવી જાય છે ત્યારે ભગવાન ધર્મની પુનઃસ્થાપના અને ભક્તોના રક્ષણ માટે અવતાર ધારણ કરે છે. સત્ય અને ધર્મની સ્થાપના માટે ભગવાને વિવિધ યુગોમાં અનેક અવતારો ધારણ કર્યા છે અને શ્રીકૃષ્ણ અવતાર તેનું શ્રેષ્ઠ ઉદાહરણ છે.

મહારાજશ્રીએ માતા દેવકી અને વાસુદેવજીના પવિત્ર લગ્નપ્રસંગથી લઈને કંસને પોતાના મૃત્યુ અંગે થયેલી આકાશવાણી, દેવકી-વાસુદેવના સંતાનોની કારાગૃહમાં થયેલી કરૂણ હત્યા, નારદજી અને કંસ વચ્ચેનો સંવાદ, યોગમાયાના અલૌકિક ચમત્કારો, બલભદ્રજીના જન્મોત્સવ અને ભગવાન શ્રીકૃષ્ણના કારાગૃહમાં થયેલા દિવ્ય પ્રાગટ્ય સુધીના પ્રસંગોનું જીવંત અને હૃદયસ્પર્શી વર્ણન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે વાસુદેવજી ત્રિકાળજ્ઞાની અને ધર્મનિષ્ઠ હતા, જ્યારે કંસના આસપાસ રહેલા દુષ્ટ સલાહકારોની અસરથી તેનું મન વધુ ક્રૂર અને અધર્મી બનતું ગયું હતું. દુષ્ટોની સંગત મનુષ્યને વિનાશ તરફ દોરી જાય છે, જ્યારે સંતો અને સદગુરુઓના વચનો જીવનને પ્રકાશમય બનાવી દે છે. ભગવાનની લીલા અને ગતિ અત્યંત ગુઢ છે, જેને માત્ર ભક્તિ અને સમર્પણથી જ અનુભવી શકાય છે.શ્રીકૃષ્ણના જન્મનો પ્રસંગ આવતાં જ સમગ્ર કથામંડપમાં આનંદ અને ઉત્સાહની લહેર ફરી વળી હતી. "નંદ ઘેર આનંદ ભયો"ના જયઘોષો સાથે ભક્તોએ તાળીઓના ગડગડાટ વચ્ચે ભગવાનના પ્રાગટ્યને વધાવી લીધું હતું. પૂજ્ય ત્રિકમદાસજી મહારાજ અને પૂજ્ય ભગવાનદાસજી મહારાજે ભજનો, પદો અને ધૂનની રમઝટ બોલાવી સમગ્ર વાતાવરણને ભક્તિમય બનાવી દીધું હતું. ઠેરઠેરથી કરવામાં આવેલી પુષ્પ વર્ષાએ જન્મોત્સવના ઉત્સવને વધુ દિવ્ય અને ભવ્ય બનાવ્યો હતો. કથાના અંતે મહારાજશ્રીએ જણાવ્યું હતું કે સદગુરુના આશીર્વાદ અને વચનોથી જીવનનું કલ્યાણ થાય છે. સંતોના હૃદયમાં ભગવાન પ્રત્યે અખંડ પ્રેમ અને પૂર્ણ સમર્પણ રહેલું હોય છે. જે વ્યક્તિ સંતો અને સદગુરુઓના માર્ગદર્શનને સ્વીકારે છે તેનું જીવન ધન્ય બની જાય છે.આ પ્રસંગે કથાના મનોરથી કર્માબેન રણછોડભાઈ રાધુભાઈ રાવત પરિવાર દ્વારા પૂજ્ય ત્રિકમદાસજી મહારાજના માર્ગદર્શન હેઠળ સંચાલિત નાગલપર સ્થિત વ્રજ ગૌશાળા અને ગોવર્ધન નંદીશાળા માટે રૂ. ૨૧ લાખના અનુદાનની જાહેરાત કરવામાં આવી હતી. આ જાહેરાત થતાં જ સમગ્ર કથામંડપ તાળીઓના ગડગડાટથી ગુંજી ઉઠ્યો હતો. ઉપસ્થિત ભક્તજનો અને રસિકજનોએ ગૌસેવાના આ મહાન કાર્યને ધર્મ, કરુણા અને સંસ્કૃતિની સેવા ગણાવી દાતાશ્રી પરિવારના સેવાભાવને બિરદાવ્યો હતો. ચીકસોલી ખાતે ચાલી રહેલા શ્રીમદ્ વ્રજપ્રભા ગ્રંથ પારાયણમાં દરરોજ ભક્તિ, જ્ઞાન અને સંસ્કારની ગંગા વહેતી જોવા મળી રહી છે. શ્રીકૃષ્ણ જન્મોત્સવની આ ભવ્ય ઉજવણી ભક્તોના હૃદયમાં લાંબા સમય સુધી અવિસ્મરણીય સ્મૃતિ બની રહેશે.

# પોસ્ટ ઓફિસોમાં પાસબુક પ્રિન્ટર અને મની કલેક્શન મશીન લગાડવા અંજાર વિકાસ સમિતિની માંગ

અંજાર - કચ્છઉદય : અંજાર વિકાસ સમિતિ દ્વારા કચ્છ અને સમગ્ર ગુજરાતની પોસ્ટ ઓફિસોમાં એટીએમની સાથે પાસબુક પ્રિન્ટર અને મની કલેક્શન મશીનની સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે સંબંધિત સત્તાધીશો સમક્ષ ભારપૂર્વક માંગ કરવામાં આવી છે. આ સંદર્ભે સમિતિના પ્રમુખ મહેન્દ્રભાઈ કોટકે ગુજરાત રાજ્યના પોસ્ટ માસ્ટર જનરલ (અમદાવાદ), કચ્છના સાંસદ વિનોદભાઈ ચાવડા, જિલ્લા કલેક્ટર, રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને રાજ્યપાલ આચાર્ય દેવવ્રતને પત્ર પાઠવી રજૂઆત કરી છે. પત્રમાં જણાવવામાં આવ્યું છે કે કચ્છ સહિત સમગ્ર ગુજરાતના પોસ્ટ વિભાગમાં લાંબા સમયથી મંજૂર થયેલા મહેકમ સામે લગભગ પચાસ ટકા જેટલા સ્ટાફની ભારે અછત પ્રવર્તી રહી છે. સ્ટાફની આ ઘટની સીધી નકારાત્મક અસર વહીવટી કામગીરી અને ગ્રાહકોને મળતી સેવાઓ પર પડી રહી છે. આવી પરિસ્થિતિમાં સ્ટાફની અછતને પહોંચી વળવા અને સમયસર ઝડપી કામગીરી કરવા માટે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ અનિવાર્ય બન્યો છે. પોસ્ટ ઓફિસ પરિસરોમાં નાણાં ઉપાડવા માટે એટીએમની વ્યવસ્થા ઉપલબ્ધ છે જ, પરંતુ તેની સાથે આધુનિક પાસબુક પ્રિન્ટર અને મની કલેક્શન મશીન પણ લગાડવામાં આવે તો લોકોને મહત્તમ સંતોષ મળશે અને પોસ્ટલ સેવાઓ વધુ બહેતર બનશે તેવી વિનંતી અંજાર વિકાસ સમિતિ દ્વારા કરવામાં આવી છે.

# ગાંધીધામમાં અગ્રવાલ સમાજ દ્વારા સ્ટ્રીટ ફેસ્ટિવલ અને વોકાથોનનું આયોજન

ગાંધીધામ - કચ્છઉદય : અગ્રવાલ યુવા સંઘ અને અગ્રવાલ મહિલા સંગઠન, શ્રી અગ્રવાલ સમાજ, ગાંધીધામના સંયુક્ત ઉપક્રમે આગામી સમયમાં એક રોમાંચક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આનંદ, ફિટનેસ, મિત્રતા અને ઉત્સવના અનોખા સંગમ સમાન સ્ટ્રીટ ફેસ્ટિવલ ૩.૦ વોકાથોનનું આયોજન આગામી ૭મી જૂન, રવિવારના રોજ કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ તમામ સામાન્ય જનતા માટે ખુલ્લો રાખવામાં આવ્યો છે, જેથી શહેરના તમામ નાગરિકો આ ઉત્સાહભર્યા માહોલનો હિસ્સો બની શકશે.

આ ભવ્ય આયોજન ગાંધીધામના જાણીતા રોટરી ફોરેસ્ટ ખાતે સવારે ૫:૩૦ વાગ્યાથી શરૂ થશે. આ પ્રસંગે સહભાગી થનારા તમામ લોકો માટે એક ખાસ ડ્રેસ કોડ પણ નક્કી કરવામાં આવ્યો છે, જેમાં સ્વેચ્છાએ જોડાનાર નાગરિકો બ્લેક ટી-શર્ટ અને બ્લુ અથવા બ્લેક ટ્રેક પહેરીને આવી શકશે. કાર્યક્રમને વધુ રસપ્રદ બનાવવા માટે વોકાથોનની સાથે સાથે મનોરંજક રમતોના સ્ટોલ્સ અને સ્વાદિષ્ટ વાનગીઓથી સભર ફૂડ સ્ટોલ્સ પણ રાખવામાં આવ્યા છે. આ ઉપરાંત, વિવિધ સ્પર્ધાઓ અને આકર્ષણો સાથે વિજેતાઓ માટે રોમાંચક ઈનામો પણ રાખવામાં આવ્યા છે.આ સમગ્ર કાર્યક્રમના મુખ્ય પ્રાયોજક તરીકે એસઆરજીપ્લાય એન્ડ બોર્ડ્સ સેવા આપી રહ્યા છે, જ્યારે સહ-પ્રાયોજક તરીકે રુદ્રાક્ષ ગ્રુપ, શાહ ગ્રુપ અને સાંવરિયા ગ્રુપ જોડાયા છે. કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રોજેક્ટ કન્વીનર્સ આનંદ અગ્રવાલ, સંદીપ ગોયલ, પ્રીતિ ગોયલ અને ભાવુક્તા ગર્ગ તેમજ અગ્રવાલ સમાજના પ્રમુખ સમીર ગર્ગ, યુવા પ્રમુખ દેવેન્દ્ર ગોયલ અને મહિલા પ્રમુખ કિરણ ગોયલના માર્ગદર્શન હેઠળ ભારે જહેમત ઉઠાવવામાં આવી રહી છે. આ આયોજનમાં જોડાવા માટે ડિજિટલ રજીસ્ટ્રેશનની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. સંસ્થા દ્વારા શહેરના તમામ લોકોને 'સાથે ચાલો, ફિટ રહો અને સાથે મળીને ઉત્સવ ઉજવો'ના સંદેશ સાથે આ અનોખા મહોત્સવમાં મોટી સંખ્યામાં ઉમટી પડવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે તેવું અગ્રવાલ સમાજના મીડિયા પ્રભારી અશોકભાઈ મિત્તલની યાદીમાં જણાવાયું છે.

## રત્નકણિકા

**જો તમારામાં બીજાઓની રાજ જોવાની આદત છે તો તમે જરૂર પાછળ રહી જશો.- ઇબ્નેનૂર**

## પંચાગ

**કનકચંદ્ર સી. વ્યાસ**

વિક્રમ સં. ૨૦૮૨, શા. શાકે. ૧૯૪૮, પા. ૬એ-૧૩૯૫, મુ. જિલ્હેજ-૧૪૪૮, જૈન વીર સં.-૨૫૫૨, કચ્છી સં. ૨૦૮૨, અધિક જયેષ્ઠ વદ-૬ પંચક (પ્રારંભ સવારે ૧૦:૦૪ ક.થી) તા.૬ જૂન ૨૦૨૬, શનિવાર, પારસી તા.૨૬, મુસ્લિમ તા.૨૦, શ્રવણ નક્ષત્ર, ઐન્દ્ર યોગ, ગર કરણ, સૂ.ઉ.૬:૦૫, સૂ.અ.૭:૩૩

આજનો દિવસ સામાન્ય છે.આજે જન્મેલા બાળકની રાશી મકર (ખ જ), સાંજે ૭:૦૪ ક. પછી જન્મેલા બાળકની રાશી કુંભ (ગ શ સ ષ) છે.

## આપની આવતી કાલ કેવી જશે...?

**કનકચંદ્ર સી. વ્યાસ**

**મેષ** : વિરોધીઓને કારણે કાર્યમાં રૂકાવટ આવે. આરોગ્ય અંગે સાવચેતી રાખવી.

**વૃષભ** : ધંધાકીય ક્ષેત્રે સફળતાની તક પ્રાપ્ત થાય. અટકેલા કાર્યો આગળ વધે.

**મિથુન** : ધીરજના ફળ મીઠા મળે. વાણી સંયમ જાળવવો હિતાવહ.

**કર્ક** : જાહેરક્ષેત્રને લગતા કાર્યમાં સફળતા મળે. મનની મુરાદ પૂરી થાય.

**સિંહ** : આર્થિક સમસ્યાનો ઉકેલ મળે. કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં સફળતા મળે.

**કન્યા** : મનની મનમાં રહી જાય. વ્યર્થ ક્રોધ અનુભવાય.

**તુલા** : પુરૂષાર્થથી શુભ ફળ પ્રાપ્ત કરી શકશો. લાભની તક સાંપડે.

**વૃશ્ચિક** : કૌટુંબિક પ્રશ્નો ગુંચવાય. કાર્યમાં અવરોધ થતો જણાય.

**ધન** : વ્યર્થ વાદ-વિવાદના ભોગ બનવું પડે. આર્થિક સમસ્યા રહે.

**મકર** : અગત્યની મુલાકાત સફળ નીવડે. રોકાયેલા નાણાં છૂટા થાય.

**કુંભ** : મન પ્રફુલિત રહે. કાર્યબોજમાં વધારો થાય.

**મીન** : આર્થિક લાભની તક મળે. પરિશ્રમનું શુભ ફળ પ્રાપ્ત કરી શકશો.

હમેશાં વાસણ ઢાંકીને રસોઈ બનાવો : તો પણ ૨૦ ટકા જેટલા ગેસની થશે બચત

# દિલ્હી ભયાનક અગ્નિકાંડમાંથી કચ્છ બોધપાઠ લે : કલેક્ટર સરપ્રાઈઝ સર્વે હાથ ધરે



ઔદ્યોગિક દ્રષ્ટિએ કચ્છ જિલ્લો ઝડપથી વિકસી રહ્યો છે. ગાંધીધામ, આદિપુર, અંજાર, મુન્દ્રા, ભુજ સહિતના વિસ્તારોમાં હોટલો, ગેસ્ટહાઉસ, ટેરેસ રેસ્ટોરન્ટ, ગાર્ડન રેસ્ટોરન્ટ અને વિવિધ કોમર્શિયલ સંકુલોની સંખ્યા સતત વધી રહી છે. ત્યારે પ્રશ્ન એ ઊભો થાય છે કે શું આ તમામ સ્થળોએ ફાયર સેફ્ટી, ઇમરજન્સી એક્ઝિટ, બિલ્ડિંગ પરવાનગીઓ અને અન્ય સુરક્ષા નિયમોનું કડક પાલન થઈ રહ્યું છે કે નહીં? : દુર્ઘટના બનવાની રાહ જોવાના બદલે દિલ્હી કેસમાંથી શબક મેળવી આગોતરી ઝુબેશરૂપ કાર્યવાહી હાથ ધરવી ઘટે

દિલ્હીની હોટલમાં ૬ રૂમની મંજુરી હતી, ૨૦ રૂમ ખડકી દેવાયા, કોની બલિહારી? ફાયર વિભાગની ટીમને નવ વાગ્યે કોલ ગયો, ૧૧ વાગ્યે ઘટનાસ્થળે પહોચી? સમયસર પહોચી ગઈ હોત તો મૃતકાંક ઓછો હોત.! ગાંધીધામ સંકુલમાં પણ જયારે જયારે કોઈ મોટી ઘટના બને છે ત્યારે ઈઆરસી–ઈમરજન્સી સેન્ટર માત્ર અને માત્ર શોભાનું ગાઠીયો જ થાય છે પુરવાર : કલેકટરશ્રીએ આ બાબતે પણ જાત સમીક્ષાઓ કરવી જોઈએ શરૂ : તમામ પ્રાંત અધિકારીઓને આદેશ આપી–ટીમો બનાવી હોટેલો, ગેસ્ટહાઉસ, ટેરેસ ગાર્ડન સહીતનાઓ પર ત્રાટકવું જોઈએ

**ખાટલે મોટી ખોટ** : દિલ્હીમાં ૨૧ને ભડથું કરી દેનાર ભયાવહ આગ કાંડ બાદ કચ્છમાં પણ ફાયર એનઓસી, ઈરમજન્સી એકઝીટ, મંજુરી કરતા વધુ બાંધકામ અને બચાવ વ્યવસ્થાની વાસ્તવિક સ્થિતીની થઈ રહી છે નજરઅંદાજી? દુર્ઘટના બનશે તે વખતે કોણ લેશે જવાબદારી? સેફ્ટી ઓડીટ અભિયાન કેમ ન ચલાવાય?

## કચ્છ માટે ખાસ ચિંતાના ક્ષેત્રો

ગાંધીધામ : ગાંધીધામ-આદિપુરના બહુમાળી કોમર્શિયલ સંકુલો, મુન્દ્રા અને કંડલા બંદર વિસ્તાર, ભુજની હોસ્પિટલો, હાઈવે પર આવેલી હોટલો અને રેસ્ટોરન્ટો, ટેરેસ-ગાર્ડન રેસ્ટોરન્ટો, લગ્ન વાડીઓ, ગોડાઉન અને ઔદ્યોગિક એસ્ટેટોમાં તાત્કાલિક સર્વે હાથ ધરવાની જરૂર છે. દિલ્હીની ઘટના એ સાબિત કરે છે કે આગ લાગ્યા પછીની કાર્યવાહી કરતાં આગ ન લાગે અને જાનહાનિ ન થાય તે માટેની પૂર્વ તૈયારીઓ વધુ મહત્વની છે. કચ્છમાં જિલ્લા કલેક્ટરના નેતૃત્વ હેઠળ બહુવિભાગીય "સેફ્ટી ઓડિટ અભિયાન" શરૂ કરવામાં આવે તો ભવિષ્યમાં મોટી દુર્ઘટનાઓ અટકાવી શકાય અને હજારો લોકોના જીવ સુરક્ષિત રાખી શકાય.

ગાંધીધામ : દિલ્હીમાં તાજેતરમાં સર્જાયેલી ભયાનક આગની ઘટનામાં ૨૧થી વધુ નિર્દોષ લોકોના કરૂણ મોત થયા હતા. આ ઘટનાએ સમગ્ર દેશને હચમચાવી દીધો છે અને સાથે જ હોટલ, ગેસ્ટહાઉસ, રેસ્ટોરન્ટ તથા અન્ય જાહેર સ્થળોએ ફાયર સેફ્ટી અને બિલ્ડિંગ નિયમોના અમલ અંગે ગંભીર પ્રશ્નો ઉભા કર્યા છે. દિલ્હીની ઘટનામાં જે હોટલને માત્ર છ રૂમની મંજૂરી હતી ત્યાં ગેરકાયદેસર રીતે ૨૦ રૂમો ઉભા કરી દેવામાં આવ્યા હોવાના તથ્યો સામે આવ્યા છે, જે પ્રશાસકીય દેખરેખ અને નિયમોના અમલ અંગે ચિંતાજનક સ્થિતિ દર્શાવે છે.ઔદ્યોગિક દ્રષ્ટિએ કચ્છ જિલ્લો ઝડપથી વિકસી રહ્યો છે. ગાંધીધામ, આદિપુર, અંજાર, મુન્દ્રા, ભુજ સહિતના વિસ્તારોમાં હોટલો, ગેસ્ટહાઉસ, ટેરેસ રેસ્ટોરન્ટ, ગાર્ડન રેસ્ટોરન્ટ અને વિવિધ કોમર્શિયલ સંકુલોની સંખ્યા સતત વધી રહી છે. ત્યારે પ્રશ્ન એ ઊભો થાય છે કે શું આ તમામ સ્થળોએ ફાયર સેફ્ટી, ઈમરજન્સી એક્ઝિટ, બિલ્ડિંગ પરવાનગીઓ અને અન્ય સુરક્ષા નિયમોનું કડક પાલન થઈ રહ્યું છે કે નહીં?દિલ્હીની દુર્ઘટનામાં આગ લાગ્યા બાદ ફાયર સેફ્ટી ટીમને સમયસર પહોંચવામાં થયેલા વિલંબને કારણે જાનહાનિ વધી હોવાનું પણ સામે આવ્યું છે. કચ્છમાં પણ અનેક વખત મોટી આગની ઘટનાઓ દરમિયાન ઈમરજન્સી પ્રતિસાદ વ્યવસ્થાની મર્યાદાઓ ચર્ચામાં આવી ચૂકી છે. ખાસ કરીને ગાંધીધામ વિસ્તારમાં કાર્યરત ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટર અને અન્ય બચાવ દળોને વધુ સજ્જ અને કાર્યક્ષમ બનાવવાની જરૂરિયાત અનુભવાઈ રહી છે.જિલ્લા કલેક્ટરે સમગ્ર કચ્છમાં પ્રાંત અધિકારીઓ, નગરપાલિકા, મહાનગરપાલિકા, ફાયર વિભાગ અને સંબંધિત તંત્રના અધિકારીઓની સંયુક્ત ટીમો બનાવી સરપ્રાઈઝ ચેકિંગ અને સર્વે હાથ ધરવો જોઈએ. હોટલો, ગેસ્ટહાઉસ, રેસ્ટોરન્ટ, ટેરેસ અને ગાર્ડન રેસ્ટોરન્ટ સહિતના સ્થળોએ મંજૂરી મુજબની જ કામગીરી ચાલી રહી છે કે કેમ, ફાયર એનઓસી માન્ય છે કે નહીં, ઈમરજન્સી વ્યવસ્થાઓ કાર્યરત છે કે નહીં અને લોકોની સુરક્ષા સાથે કોઈ પ્રકારનો ખેલવાડ તો થતો નથી ને તેની સઘન તપાસ થવી જરૂરી છે.જ્યાં નિયમોના અમલમાં કચાશ જોવા મળે અથવા લોકોના જીવ જોખમમાં મુકાતા હોય તેવા એકમો સામે તાત્કાલિક સીલ મારવાની અને કડક કાયદેસરની કાર્યવાહી કરવાની જરૂર છે. કોઈ દુર્ઘટના સર્જાય અને નિર્દોષ લોકોના જીવ જાય તેની રાહ જોવાને બદલે પૂર્વ સાવચેતીના ભાગરૂપે કડક અમલવારી કરવી સમયની માંગ છે.જાહેર જીવનના પ્રતિનિધિઓ, ચૂંટાયેલા સભ્યો અને સામાજિક આગેવાનોએ પણ આ મુદ્દે ગંભીરતા દાખવવી જોઈએ. દુર્ઘટના સર્જાયા બાદ માત્ર સ્થળ મુલાકાતો અને સમીક્ષાઓ પૂરતી નથી, પરંતુ આવી સંભાવિત જોખમી જગ્યાઓની અગાઉથી મુલાકાત લઈ તંત્રને જરૂરી સૂચનો અને દબાણ દ્વારા સુરક્ષા વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરાવવી વધુ જરૂરી બની રહે છે.દિલ્હીની કરૂણ ઘટના સમગ્ર દેશ માટે ચેતવણીરૂપ છે. કચ્છ જેવા ઝડપથી વિકસતા અને ઔદ્યોગિક રીતે મહત્વના જિલ્લામાં લોકોના જીવન અને સુરક્ષા સાથે કોઈપણ પ્રકારનો સમાધાન ન થાય તે માટે તંત્રે તાત્કાલિક વ્યાપક અભિયાન હાથ ધરી નિયમોના અમલની વાસ્તવિક સ્થિતિની સમીક્ષા કરવી જોઈએ. લોકોના જીવનું રક્ષણ એ જ દરેક તંત્રની પ્રથમ અને સર્વોચ્ચ જવાબદારી છે.

## કયા કયા સરકારી વિભાગોએ કઈ-કઈ આદરવી ઘટે તાત્કાલીક કાર્યવાહી?

ગાંધીધામ : દિલ્હીમાં બનેલી ભયાનક આગની દુર્ઘટના માત્ર એક શહેરની ઘટના નથી, પરંતુ સમગ્ર દેશના શહેરી અને ઔદ્યોગિક વિસ્તારો માટે ચેતવણી સમાન છે. કચ્છ જેવા ઝડપ થી વિકસતા જિલ્લામાં હોટલો, ગેસ્ટહાઉસ, હોસ્પિટલો, શોપિંગ કોમ્પ્લેક્સ, ઔદ્યોગિક એકમો, ટેરેસ રેસ્ટોરન્ટ, ગાર્ડન રેસ્ટોરન્ટ અને બહુમાળી ઈમારતોની સંખ્યા સતત વધી રહી છે. ત્યારે દિલ્હી જેવી દુર્ઘટના અહીં ન બને તે માટે વિવિધ સરકારી વિભાગોએ તાત્કાલિક સંયુક્ત તપાસ અભિયાન હાથ ધરવાની જરૂરિયાત ઊભી થઈ છે.

**૧.જિલ્લા કલેક્ટર કચેરી** : જિલ્લા કલેક્ટર સમગ્ર અભિયાનના નોડલ અધિકારી તરીકે વિવિધ વિભાગોની સંયુક્ત ટીમો બનાવી શકે. છેલ્લા પાંચ વર્ષમાં આપવામાં આવેલી પરવાનગીઓ, એનઓસી અને બાંધકામ મંજૂરીઓનું ઓડિટ કરાવવું જોઈએ. જાહેર ઉપયોગની તમામ ઈમારતોનું જોખમ મૂલ્યાંકન પણ કરાવવું જરૂરી છે. **૨.ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસ :** ફાયર વિભાગે હોટલો, ગેસ્ટહાઉસ, હોસ્પિટલો, મોલ, સિનેમા, ટેરેસ રેસ્ટોરન્ટ અને કોમર્શિયલ કોમ્પ્લેક્સમાં અચાનક ચેકિંગ હાથ ધરવું જોઈએ. ફાયર એનઓસી માન્ય છે કે નહીં, ફાયર એક્સ્ટિંગ્વિશર કાર્યરત છે કે નહીં, સ્પ્રિંકલર સિસ્ટમ, સ્મોક ડિટેક્ટર, ફાયર એલાર્મ, ઈમરજન્સી એક્ઝિટ અને ફાયર વોટર ટેન્ક જેવી સુવિધાઓ વાસ્તવમાં કાર્યરત છે કે નહીં તેની ચકાસણી કરવી જોઈએ. **૩.નગરપાલિકા અને મહાનગરપાલિકા :** બિલ્ડિંગ યુઝ પરમિશન અને ઓક્યુપન્સી સર્ટિફિકેટની સમીક્ષા કરવી જોઈએ. મંજૂરી કરતાં વધુ માળ, વધારાના રૂમો અથવા ગેરકાયદે બાંધકામ તો નથી ને તેની તપાસ કરવી જોઈએ. પાર્કિંગ વિસ્તારોમાં ગેરકાયદે કબજો અથવા ઈમરજન્સી માર્ગો બંધ કરાયા હોય તો તાત્કાલિક કાર્યવાહી કરવી જોઈએ.શહેરી વિકાસ અને માર્ગ-મકાન વિભાગ બહુમાળી ઈમારતો અને જાહેર ઉપયોગની ઈમારતોમાં સ્ટ્રક્ચરલ સેફ્ટી ઓડિટ કરાવવી જોઈએ. ઈમારતોની મજબૂતાઈ, ઈમરજન્સી સીડીઓ અને બહાર નીકળવાના માર્ગો નિયમ મુજબ છે કે નહીં તેની તપાસ જરૂરી છે. **૪. પોલીસ વિભાગ :** આપત્તિ સમયે ભીડ નિયંત્રણ, ઈમરજન્સી એક્સેસ રૂટ અને બચાવ કામગીરીમાં અવરોધરૂપ પરિસ્થિતિઓનું મૂલ્યાંકન કરવું જોઈએ. હોટલો અને ગેસ્ટહાઉસોમાં ફરજિયાત મહેમાન નોંધણી અને સુરક્ષા નિયમોનું પાલન થાય છે કે નહીં તેની પણ તપાસ કરવી જોઈએ.**૫ .આરોગ્ય વિભાગ** હોસ્પિટલો, નર્સિંગ હોમ અને ખાનગી આરોગ્ય સંસ્થાઓમાં ફાયર સેફ્ટી ઓડિટ કરવી જોઈએ. ઓક્સિજન પ્લાન્ટ, ઈમરજન્સી પાવર બેકઅપ, દર્દીઓને સ્થળાંતર કરવાની વ્યવસ્થા અને આગ સમયે બચાવ પ્રોટોકોલની ચકાસણી જરૂરી છે. **૬. વીજ વિભાગ** ઓવરલોડ વીજ કનેક્શન, ગેરકાયદે વાયરિંગ, જૂની ઈલેક્ટ્રિકલ સિસ્ટમ અને ફોલ્ટી ટ્રાન્સફોર્મર જેવી આગનું કારણ બની શકે તેવી વ્યવસ્થાઓનું નિરીક્ષણ કરવું જોઈએ. કોમર્શિયલ એકમોમાં ઈલેક્ટ્રિકલ સેફ્ટી ઓડિટ ફરજિયાત બનાવવી જોઈએ. **૭.શ્રમ અને કારખાના નિરીક્ષણ વિભાગ :** ઔદ્યોગિક એકમો, ગોડાઉન અને ફેક્ટરીઓમાં ફાયર સેફ્ટી તથા કામદારોની સુરક્ષા અંગેના નિયમોનું પાલન થાય છે કે નહીં તેની તપાસ કરવી જોઈએ. ખાસ કરીને કેમિકલ, પેટ્રોકેમિકલ અને જ્વલનશીલ પદાર્થો સાથે સંકળાયેલા ઉદ્યોગો પર વિશેષ ધ્યાન આપવું જરૂરી છે. **૮.પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ** : કેમિકલ સ્ટોરેજ, જોખમી કચરો અને જ્વલનશીલ પદાર્થોના સંગ્રહની સ્થિતિની સમીક્ષા કરવી જોઈએ. આગની સ્થિતિમાં પર્યાવરણ અને જનજીવન પર થતી અસરનું મૂલ્યાંકન પણ જરૂરી છે. **૯. જીડીએમએ અને આપત્તિ વ્યવસ્થાપન તંત્ર :** મોક ડ્રિલ, ઈમરજન્સી રિસ્પોન્સ પ્લાન અને વિવિધ વિભાગો વચ્ચે સંકલન વ્યવસ્થા કેટલી અસરકારક છે તેની ચકાસણી કરવી જોઈએ. જિલ્લાવ્યાપી ફાયર અને બચાવ અભ્યાસ યોજવા જોઈએ.

## ભુજની મેન્ટલ હોસ્પિટલમાં હેડ કલાર્કે ૧.૭૭ કરોડની કરી ઉચાપત

**૨૦૧૭ થી કૌભાંડને અંજામ અપાયો : સરકારી રૂપિયા પોતાના સ્વાર્થ માટે અંગત ખાતાઓમાં જમા કરાવાયા : ઓડીટમાં હકિકતો ખૂલ્યા બાદ ગુનો દાખલ કરાયો : હજુ પણ બીલોની તપાસ ચાલુ હોવાથી ઉચાપતનો આંક વધે તેવી શક્યતા**

ભુજ - કચ્છઉદય : શહેરના કેમ્પ એરીયામાં આવેલી માનસિક આરોગ્યની હોસ્પિટલના હેડ કલાર્કે ૧.૭૭ કરોડની ઉચાપત કરી છે. આ મામલે આરોગ્ય વિભાગની તપાસ બાદ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. સીવીલ સર્જન ડો. કિશોરકુમાર રોયે આ બાબતે બી ડીવીઝન પોલીસમાં નોંધાવેલી ફરિયાદ પ્રમાણે ગાંધીનગરની વડી કચેરી દ્વારા ૨૦૧૭ થી ૨૦૨૬ દરમ્યાન થયેલી નાણાકીય લેવડદેવડનું ઓડીટ કરવામાં આવ્યું હતું. જેમાં ડી.જી. નાકરાણી નામના આઈસીઆઈસીઆઈ બેંકના ખાતામાં ૨૦૨૧ થી ૨૦૨૬ દરમ્યાન જિલ્લા તિજોરી કચેરી દ્વારા ૧,૧૫,૬૨,૭૧૧ જમા કરાવાયા હતા. આ ખાતામાં અન્ય ટ્રાન્ઝેકશન મારફતે ૯.૫૨ લાખ પણ જમા થયા હતા. કુલ્લ આ ખાતામાં ૧,૨૫,૧૫,૬૬૨ રૂપિયા જમા થયા હતા. જિલ્લા તિજોરી કચેરી દ્વારા સીવીલ સર્જનની કચેરીને જુદા જુદા હેડ હેઠળ અપાયેલા નાણા ખાનગી બેંકમાં જમા થયા હતા, જેથી શંકા જતા તપાસ કરવામાં આવી અને પોલીસને અરજી આપવામાં આવી હતી. આ બેંક ખાતું કૈલાસનગરમાં રહેતા મીતેશ ધીરજલાલ ચુડાસમાના આધારકાર્ડ સહીતના દસ્તાવેજો પર ખોલવામાં આવ્યું હતું. આ બેંક ખાતાના હિસાબો તપાસતા વધુ એક શંકાસ્પદ ખાતું ધ્યાને આવ્યું હતું. જેમાં ભુજની વિવિધ ખાનગી હોસ્પિટલોએ ચેક અને અન્ય માધ્યમથી ૫૧,૬૫,૯૨૮ રૂપિયા જમા કરાવ્યા હતા. બેંક ખાતું ખોલાવવા માટે સીવીલ સર્જન કચેરીના વહીવટી અધિકારીએ બેંકને પત્ર લખ્યો હતો. જેમાં આપેલો મોબાઈલ નંબર બલભદ્રસિંહ જાડેજાનો હતો. આ બલભદ્રસિંહ ખેંગારજી જાડેજા મેન્ટલ હોસ્પિટલમાં હેડ કલાર્ક તરીકે નોકરી કરે છે. તેના દ્વારા ઉચાપત કરવામાં આવી છે. વાહન અકસ્માત યોજના હેઠળ જે ખાનગી હોસ્પિટલના બીલો જી.કે. માં રજુ કરવામાં આવે છે તેનું પેમેન્ટ જિલ્લા તિજોરી કચેરી દ્વારા કરવામાં આવે છે. તપાસમાં બહાર આવ્યું કે, બીલની અસલ કોપીની ઝેરોક્ષ કરાવી તેના આધારે એજન્સીને નાણા ચુકવાયા હતા. બે કે ત્રણ મહિના પછી આ જ બીલો પેમેન્ટ માટે રજુ કરાતા અને જેમાં પંજાબ બેંકનો ખાતા નંબર રજુ કરવામાં આવતો હતો. આમ એકને બીલો વારંવાર રજુ કરવામાં આવતા હતા. સમગ્ર મામલે ગાંધીનગર આરોગ્ય વિભાગ દ્વારા તપાસ કરવામાં આવતા કૌભાંડ સામે આવ્યું હતું. માનસિક આરોગ્યની હોસ્પિટલ તથા જી.કે.માં ફરજ બજાવતા હેડ કલાર્ક બલભદ્રસિંહ જાડેજાએ પોતાના સાગરીત મીતેશ સાથે મળીને ગુનાહિત કાવતરું રચી આઈસીઆઈસીઆઈ બેંકમાં ખોટી પેઢીના નામે ખાતા ખોલાવી ખોટા બીલો રજુ કર્યા તેમજ પંજાબ બેંકમાં પણ એડમીનીસ્ટ્રેટીવ ઓફીસર જી.કે. નામથી ખાતું ખોલાવી તે ખાતામાં પણ અલગ અલગ હોસ્પિટલના સરકારી નાણા મેળવી પોતાના ખાતામાં ટ્રાન્સફર કરી કુલ્લ ૧,૭૬,૮૧,૫૯૦ ની સરકારી ઉચાપત કરી હતી. હજુ પણ ૨૦૨૧ ના બીલોની તપાસ ચાલુ હોવાથી આંકડો વધે તેવી શકયતા છે. બી ડીવીઝન પોલીસે ગુનો દાખલ કરીને બન્ને આરોપીને ઝડપી લીધા છે. હેડ કલાર્કને અગાઉ સસ્પેન્ડ કરવામાં આવ્યો હતો.

### મેન્ટલ હોસ્પિટલની કરોડોની ઉચાપતમાં કેટલા 'જેન્ટલમેન' સામેલ ?

માનસિક આરોગ્યની હોસ્પિટલ અને જી.કે.માં હેડ કલાર્ક તરીકે ફરજ બજાવતો વ્યક્તિ એકલા હાથે કરોડો રૂપિયાની ઉચાપત કરે તે વાત હજમ થાય તેમ નથી. આ કૌભાંડ એક બે વર્ષથી નહીં પરંતુ ૨૦૧૭ થી ચાલી રહ્યું છે. ઉપરી અધીકારીઓ, વહીવટી ઓફીસરને ગંધ કેમ ન આવી ? તે સવાલ ઉઠી રહ્યો છે. અવારનવાર આવા કૌભાંડમાં નાની માછલીઓ પકડાય પરંતુ ઉચ્ચ અધિકારીઓ આબાદ છુટી જાય છે. આ કિસ્સામાં ઉંડાણપૂર્વક તપાસ થાય તો ટોપ ટુ બોટમ અધિકારી - કર્મચારીઓની સંડોવણી સામે આવે તેમ છે. પરંતુ જોવાનું એ છે કે, તપાસ થશે કે માત્ર કાગળ પર કાર્યવાહી થશે.?

### કચ્છમાં સરકારી વિભાગો કૌભાંડના એપી સેન્ટરઃ લાખોનો પગાર લેતા બાબુઓ શું કરે છે ?

કચ્છમાં અગાઉ પોસ્ટ ખાતામાં કૌભાંડ સામે આવ્યું ત્યારે વીજીલન્સની તપાસમાં ગેરરીતિ ખુલી હતી. નખત્રાણાના વિથોણ તેમજ અન્ય પીએચસીઓના સરકારી લાખો રૂપિયા ચાંઉ કરી જવાયા તેમાં પણ ગાંધીનગરથી ઓડીટ આવ્યા બાદ ફરીયાદ કરવામાં આવી હતી. જો કે બાદમાં રકમ રિકવરી થઈ કે નહીં પરંતુ મામલા પર પડદો પાડી દેવાયો તે હકીકત છે. આ સિવાય માર્ગ અને મકાન વિભાગ, સિંચાઈ વિભાગ, સુજલામ - સુફલામ યોજના, ગાયોની સબસીડી, યુનિવર્સિટીમાં ભરતી કૌભાંડ, શાળાઓના હિસાબોની ગડબડ સહિત અનેક સરકારી વિભાગોમાં કૌભાંડો થયા છે. પરંતુ નવાઈની બાબત એ છે કે સ્થાનીકે લાખોનો પગાર લેતા અધિકારીઓ ફરજ બજાવતા હોવા છતાં તેઓ દ્વારા કાર્યવાહી ન કરાઈ અને ગાંધીનગરથી ઓડીટ વિભાગ અથવા તો કેગ દ્વારા તપાસ કરવામાં આવે તે બાદ જ હકીકતો સામે આવે છે. જેથી સ્થાનીકે ફરજ બજાવતા અધીકારીઓની ભૂમિકા સામે પણ સવાલો ઉઠી રહ્યા છે.


**માંડવી નગરપાલિકા**
**માંડવી-કચ્છ**

**ઓનલાઈન ટેન્ડર**

માંડવી નગર પાલિકા વિસ્તારમાં વિવિધ વિકાસ કામો તથા વાર્ષિક કામો માટે રાજ્ય સરકારશ્રીની યોગ્ય શ્રેણીમાં નોધાયેલા ઈજારદારશ્રીઓ પાસેથી ઓનલાઈન ટેન્ડરો મંગાવવામાં આવે છે આ વિવિધ વિકાસ કામોના ટેન્ડર દસ્તાવેજોનું ડાઉનલોડિંગ Tender.nprocure.com વેબસાઈટ ઉપર ટેન્ડર આઈ ડી - ૩૧૧૨૨૮, ૩૧૧૨૮૭, ૩૧૧૩૧૪ અન્વયે જોવા મળી શકશે. તેમજ ઓનલાઈન ટેન્ડર ખોલવાની, ટેન્ડર ડાઉનલોડિંગ અને અપલોડીંગ તેમજ ડોકયુમેન્ટ સબમિશન ફકત આર.પી.એડી/સ્પીડ પોસ્ટથી ચીફ ઓફિસરશ્રી માંડવી નગરપાલિકા, માંડવી કચ્છ પીન -૩૭૦૪૬૫ને મોકલી આપવાની તારીખો વેબસાઈટ ઉપર જોવા મળી શકશે.

તા. ૦૪/૦૬/૨૦૨૬
જા.નં. ૫૮૮/૨૦૨૬.
(નામાનિ/કચ્છ/૨૨૩/૨૦૨૬-૨૭)

**ચીફ ઓફિસર**
**માંડવી નગરપાલિકા**
**માંડવી-કચ્છ**



PGVCL

**પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ**

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ નાના માવા મેન રોડ-રાજકોટ CIN: U40102GJ 2003 SGC042908
ગાંધીધામ વિભાગીય કચેરી, રામબાગ રોડ, આનંદમાર્ગ સ્કુલની બાજુમાં ડી.સી.-૨ ગાંધીધામ

**વીજપૂરવઠો બંધ રહેવા અંગેની જાહેર નોટીસ**

આથી અમારા માનવંતા વીજ ગ્રાહકોને જણાવવાનુ કે વીજ લાઈન ઉપર ફીડર અગત્યની મેન્ટેનન્સની અગત્યની કામગીરી કરવાની હોવાથી નીચેના જણાવેલ વિસ્તારોમાં સવારના ૦૮:૦૦ થી ૧૬:૦૦ સુધી વીજ પુરવઠો બંધ રહેશે.

**વીજ વિક્ષેપ ફરિયાદ નિવારણ નોધવા માટે પેટા વિભાગીય કચેરી ફોલ્ટ સેન્ટર નં.-**

- આદિપુર- ૯૬૮૭૬૩૩૬૪૬, ૦૨૮૩૬-૨૬૦૧૨૩
- રામબાગ- ૯૯૭૮૯૩૬૨૭૯
- ગાંધીધામ- ૯૮૭૯૨૦૨૨૬૩, ૦૨૮૩૬-૨૨૧૭૨૮
- કાસેઝ- ૯૮૭૯૨૦૨૨૮૮,૦૨૮૩૬-૨૫૨૧૧૧

| તારીખ | ફીડરનું નામ | સમાવેશ થતો વિસ્તાર |
|---|---|---|
| ૦૭-૦૬-૨૦૨૬ | મહાલક્ષ્મી | મીઠીરોહર ઈન્ડસ્ટ્રીયલ વિસ્તાર |
| ૦૮-૦૬-૨૦૨૬ | એરોડ્રામ | સેક્ટર-૯(એન.એચ.), પ્લોટ નમ.-૪૬ થી ૧૨૩ ખોડીયારનગર, FCI Colony, KDLB Colony, Custom Colony, Rlwy. Stn., Bus stn., Truck & Tanker Asso. તેમજ ફીડરમાં આવતો તમામ વિસ્તાર |
| | કાર્ગો જે.જી.વાય | કાર્ગો ઝુંપડપટીમાં આવતો તમામ વિસ્તાર |
| ૦૯-૦૬-૨૦૨૬ | વી અર્જુન | જવાહરનગર, પડાણા અને ચુડવાનો ઈન્ડસ્ટ્રીયલ તથા કોમર્શીયલ વિસ્તાર |

**કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, ગાંધીધામ**


## ભુજમાં ચોમાસા પૂર્વે પ્રિ-મોન્સૂન કામગીરીનો પ્રારંભ

ભુજ - કચ્છઉદય : ભુજ નગરપાલિકાની નવી બોડી અસ્તિત્વમાં આવતાની સાથે જ પ્રજાલક્ષી કાર્યો અને આગામી ચોમાસાને ધ્યાને રાખીને પ્રી-મોન્સૂન કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરી દેવામાં આવી છે. નગરપાલિકા પ્રમુખ શીતલભાઈ શાહના અધ્યક્ષસ્થાને તાત્કાલિક નિર્ણય લઈ ભુજ શહેરના નાના-મોટા નાળાઓની સફાઈ ઝુંબેશનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ કામગીરીનું ટેન્ડર રાજપૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપનીને ફાળવવામાં આવ્યું છે, જેમના દ્વારા ગુરુવારે જ ફિલ્ડ પર કામગીરી શરૂ કરી દેવાઈ છે.

આ અંગે વિગતો આપતા ભુજ નગરપાલિકાના કારોબારી ચેરમેન કમલભાઈ ગઢવીએ જણાવ્યું હતું કે, નવી બોડીએ કાર્યભાર સંભાળતાની સાથે જ શહેરની સફાઈ અને ખાસ કરીને નાળા સફાઈના વિષયને અગ્રતા આપી છે. પ્રથમ દિવસે જ ચાર અલગ-અલગ ટીમોને ભુજના જુદા-જુદા વિસ્તારોમાં નાળા સફાઈ માટે ઉતારવામાં આવી છે. આગામી દિવસોમાં આ ટીમોની સંખ્યા બમણી કરવામાં આવશે, જેથી સમગ્ર કામગીરી ઝડપથી પૂર્ણ કરી શકાય.



તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, ભુજના જે વિસ્તારોમાં નાળાઓ બંધ કે ચોકઅપ થઈ ગયા છે તેને તાકીદે ખોલવામાં આવશે. આ કામગીરી પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય એ છે કે ચોમાસા દરમિયાન વરસાદી પાણી ભરાવવાની સમસ્યા ન સર્જાય અને કચ્છના હૃદય સમાન ઐતિહાસિક હમીરસર તળાવમાં શુદ્ધ અને વિપુલ પ્રમાણમાં પાણીની આવક થાય. નગરપાલિકાની સમગ્ર ટીમ આ પ્રી-મોન્સૂન કામગીરી પર પૂરતી તકેદારી અને દેખરેખ રાખી રહી છે જેથી ભુજવાસીઓને ચોમાસામાં કોઈ મુશ્કેલીનો સામનો ન કરવો પડે. બદામી છેલ્લાની તેમજ અન્ય ૩ વોર્ડના વિસ્તારો જ્યાં પાણી ભરાવાની સમસ્યા રહે છે ત્યાંથી નાલા સફાઈ શુરૂ કરવામાં આવી છે. સફાઈમાં ૩ જેસીબી, ૧૨ ૧૨ ટ્રેક્ટર દ્વારા સફાઈ આરંભવામાં આવી હતી, જેમાં આવને અડચણરૂપ પુર પથ્થર, ઝાડો, કચરો વગેરેની સફાઈ કરવામાં આવી હતી.

નાણા સફાઈની કામગીરીના નિરીક્ષણ વેળાએ ઉપપ્રમુખ બીન્દીયાબેન ઠક્કર, ભુજ નગરપાલિકાના દંડક રૂપલબેન ચાવડા, ભુજ શહેર ભાજપના ઉપપ્રમુખ જયંતભાઈ ઠક્કર, ભુજ નગરપાલિકાના નગરસેવકો પ્રકાશભાઈ મહેશ્વરી, ગીતાબેન પટેલ, ક્રિષ્નાબા જાડેજા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.


**-: જાહેર નોટીસ :--**

**રાજકોટ વિભાગના સંયુકત ચેરીટી કમિશનરશ્રીની કચેરી, રાજકોટ.**

જામનગર રોડ, જામટાવર પાસે, રાજકોટ.
(સને ૧૯૫૦ના ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ, અધિનિયમ ૧૯૫૦ ની કલમ-૫૦-અ અન્વયે સ્કીમ અરજી)

બાબતઃ- શ્રી કચ્છી વાયડા જ્ઞાતિ કેળવણી ફંડ-ભુજ
નોંધણી નં.એ/૪૦૨/કચ્છ
સ્કીમ અરજી નંબર -૩૮/૨૦૨૫
સુનાવણી :- તા. ૧૫/૦૭/૨૦૨૬ ના રોજ બપોરના ૧૨ કલાકે.
અરજદારો : (૧) શ્રી ભરતકુમાર જેઠાલાલ શાહ તથા અન્ય (૧)
વિરૂધ્ધ
કોઈ નહી.

ઉપર જણાવેલ અરજદારોએ સંયુકત ચેરીટી કમિશ્નરશ્રી, રાજકોટ સમક્ષ ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ ૧૯૫૦ ની કલમ-૫૦(અ) મુજબની અરજી કરી ઉપર જણાવેલ ટ્રસ્ટનો વહીવટ સુવ્યવસ્થિત રીતે ચાલે તે માટે, લેખીત બંધારણ ઘડવા અંગે ટ્રસ્ટની સ્કીમ ઘડવા અરજી રજૂ કરેલ છે.

આથી સદરહુ ટ્રસ્ટમાં હિત ધરાવનાર તમામને આથી ખબર આપવામાં આવે છે કે, સદર ટ્રસ્ટના સંચાલન અને વહીવટ માટે નવી સ્કીમ એટલે કે નવી યોજના ઘડવી કે કેમ? અને ઘડવી તો કેવી? તે અંગે ટ્રસ્ટમાં હિત ધરાવનારાઓએ જો કોઈ સુચનો/રજુઆતો કરવી હોય, તો તેવા સૂચનો/રજુઆતો બે નકલમાં જરૂરી આધાર પુરાવાઓ અને તેના સમર્થનમાં સોગંદનામા સાથે મોડામાં મોડા તા. ૦૮/૦૭/૨૦૨૬ સુધીમાં મળે તે રીતે આ કચેરીને મોકલી આપવા આથી જણાવવામાં આવે છે.

સ્કીમ અરજીની હવે પછીની સુનાવણીની કાર્યવાહી અત્રેની કચેરી ખાતે તા. ૧૫/૦૭/૨૦૨૬ ના રોજ ૧૨-૦૦ કલાકે હાથ ધરવામાં આવશે. સુચનો/ રજુઆતો કરનાર ઈસમોએ સુનાવણી માટે હાજર રહેવાનું રહેશે. સદરહુ મુદતના રોજ સુચનો/રજુઆત કરનાર ગેરહાજર રહેશે તો તેઓની ગેરહાજરીમાં કાર્યવાહી આગળ ચલાવવામાં આવશે ત્યારબાદ કોઈ સુચનો/રજુઆતો ધ્યાન પર લેવામાં આવશે નહીં. ટપાલ/ટેલીફોનથી મુદ્દત આપવામાં આવશે નહિ જેની નોંધ લેશો. આજરોજ તા.૦૩/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી અને કચેરીની મુદ્રા હેઠળ આપી.

તા.૦૩/૦૬/૨૦૨૬
રાજકોટ.
તૈયાર કરનારઃ
મોહિત એમ.સોલંકી,
હિસાબનીશ.

કોર્ટનો સિક્કો

(સી.કે.જોષી)
સંયુકત ચેરીટી કમિશ્નર,
રોજકોટ.



**(ગુ.પા.પુ.અને ગ.વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર)**
ના.કા.ઈ.શ્રી, જા.આ.સુ.પેટા વિભાગ,ભુજ
જાહેર નિવિદા નં-૦૨ ત્રીજો પ્રયત્ન તથા નં.૦૩ બીજો પ્રયત્ન
વર્ષ ૨૦૨૫-૨૬

ઉકત કચેરીના કાર્યક્ષેત્ર હેઠળના નીચે મુજબના કામોના ભાવપત્રક ટપાલ પધ્ધતિથી ભાવપત્રકો માંગવામાં આવેલ છે.

| ક્રમ | કામનુ નામ | ૧) અંદાજીત રકમ ૨) બાનાની રકમ ૩) ટેન્ડર ફી. ૪) શ્રેણી ૫) કામની વયમર્યાદા |
|---|---|---|
| ૧ | એકશન પ્લાન ૨૦૨૫-૨૬ રીજુવેશન કાર્યક્રમ અંતર્ગત ભુજ તાલુકાના જાંબુડી-દૈવીપુજક વાસ ગામની વ્ય.પા.પુ. યોજના માટે ૯૦ એમ.એમ. વ્યાસ ની ૬ કે.જી. પી.વી.સી. પાઈપ પાથરવાનું તથા પમ્પ રૂમ બનાવવા નું કામ | ૧-રૂ. ૧,૩૮,૧૮૬.૫૧ ૨-રૂ.૧૪૦૦.૦૦ ૩-રૂ.૬૦૦.૦૦ ૪."ઈ-૨" અને ઉપરના ૫-૨-માસ |
| ૨ | એકશન પ્લાન ૨૦૨૫-૨૬ રીજુવેશન કાર્યક્રમ અંતર્ગત ભુજ તાલુકા ના મોખાણા ગામ ની વ્ય.પા.પુ. યોજના માટે ૯૦ એમ.એમ. વ્યાસ ની ૬ કે.જી. પી.વી.સી. પાઈપ પાથરવાનું તથા પમ્પ રૂમ બનાવવા નું કામ | ૧-રૂ. ૨,૨૪,૪૦૭.૯૧ ૨-રૂ.૨૩૦૦.૦૦ ૩-રૂ.૬૦૦.૦૦ ૪."ઈ-૨" અને ઉપરના ૫-૨-માસ |

ઉકત કામોમાં રસ દાખવનાર માન્ય શ્રેણીમા નોંધણી ધરાવતા આસામીઓ દ્વારા યોગ્ય શ્રેણીની નોંધણીનુ પ્રમાણપત્ર, પાનકાર્ડ, જી.એસ.ટી. રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ, માન્ય રાષ્ટ્રીયકૃત બેંક દ્વારા ઇશ્યુ કરવામાં આવેલ ચાલુ કેલેન્ડર વર્ષની સોલ્વશી સર્ટીફીકેટ/પાર્ટનશીપ ડીડ વિગેરેની ખરી નકલો તેમજ નિયત ટેન્ડર ફી રજુ કરવાથી કોરા ભાવપત્રક તા.૦૫/૦૬/૨૦૨૬ થી છેલ્લી તા.૧૨/૦૬/૨૦૨૬ ૧૮:૦૦ કલાક સુધી ઇશ્યુ કરવામાં આવશે. ભરેલ ભાવપત્રકો માત્ર રજીસ્ટર પોસ્ટ એ.ડી./સ્પીડ પોસ્ટથી પરત કરવાની છેલ્લી તા.૨૨/૦૬/૨૦૨૬ સુધી નિયત કરવામાં આવે છે. નિયત સમય મર્યાદા બાદ આવેલ તથા નુકશાની વાળા ભાવપત્રકો સ્વીકારવામાં આવશે નહીં. બાનાની રકમની એફ.ડી.આર. કાર્યપાલક ઈજનેરશ્રી, જા.આ.બાં. વિભાગ, ભુજના નામની આપવાની રહેશે. આવેલ ભાવપત્રકો હાજર રહેલ આસામીયોની રૂબરૂ શક્ય હશે તો તા.૨૩/૦૬/૨૦૨૬ ના ૧૨:૦૦ કલાકે ખોલવામાં આવશે. આ અંગેની કોઈ પણ વિગતો ઉપરોકત કચેરીએથી કચેરી સમય દરમ્યાન મેળવી શકાશે. કોઈ પણ ભાવપત્રક સ્વીકારવાનો કે રદ્દ કરવાની સતા અધિકૃત અધિકારીનો હક્ક અબાધિત રહેશે.

ગ્રામ્ય પાણી પુરવઠા યોજનામાં પીવાના પાણીની સમસ્યા માટે GWSSB ની હેલ્પલાઇન નં ૧૯૧૬/૧૮૦૦ ૨૦૦ ૧૪૦૦ પર સંપર્ક કરવા અનુરોધ છે.

(નામાનિ/કચ્છ/૨૧૮/૨૦૨૬-૨૭)

# વૃક્ષ દરેક જીવ સૃષ્ટિમાં પ્રાણવાયુ પૂરે છે : પ્રધ્યુમનસિંહ જાડેજા

**વિશ્વ પર્યાવરણ દિવસ નખત્રાણા નગરપાલિકા દ્વારા વૃક્ષારોપણ અને પ્લાસ્ટિક મુક્ત અભિયાન તથા સ્વચ્છતા અભિયાન કાર્યક્રમ યોજાયો : વિશ્રામ બાગ ખાતે એક પેડ મા કે નામ અંતર્ગત ૫૧ જેટલા વૃક્ષોરોપવામાં આવ્યા**




નખત્રાણા - કચ્છઉદય : વિશ્વ પર્યાવરણ દિવસની નખત્રાણા ખાતે વૃક્ષારોપણ તેમજ પ્લાસ્ટિક મુક્ત અને સ્વચ્છતા અભિયાન અંતર્ગત એક પેડ મા કે નામ પ્લાસ્ટિક મુક્તિ અભિયાન તેમજ સ્વચ્છતા નો સંદેશ સાથે નગરપાલિકા દ્વારા વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

અબડાસા ધારાસભ્ય પ્રધ્યુમનસિંહ જાડેજાએ કહ્યું કે, વૃક્ષ જીવ સૃષ્ટિમાં પ્રાણવાયુ પૂરે છે. માત્ર મનુષ્ય નહીં પશુ પક્ષી પ્રાણી વગેરે માટે વૃક્ષ સંજીવની છે માટે જેટલું બને તેટલું વૃક્ષારોપણ કરવું, વૃક્ષારોપણ કર્યા બાદ વૃક્ષનું ઉછેર કેમ થાય જતન કેમ થાય તે પણ જવાબદારી પૂર્વક રોપવામાં આવે તો કચ્છ નંદનવન બને વારંવાર વૃક્ષારોપણ તો થાય છે પણ જો વૃક્ષો ફૂલે ફાલે તો સાચું વૃક્ષારોપણ કરાયું ગણાય, ગ્લોબલ વોર્મિંગના કારણે વધતી જતી ગરમી સામે રક્ષણ મેળવવું હશે તો વૃક્ષારોપણ એકમાત્ર ઉપાય છે. ઘટતા ઓઝોનના સ્તરને વધારવા માટે ગ્રીન એનર્જી જરૂરી છે પર્યાવરણના રક્ષણ માટે સૈયારા પ્રયાસો કરવા અનિવાર્ય છે પ્રદૂષણ થી પૃથ્વી ઘેરાઈ ગઈ છે ત્યારે ઓક્સિજન વધારવા વૃક્ષો જ જીવન આપી શકશે.વિશ્રામ બાગ ખાતે એક પેડ માં કે નામ પર્યાવરણ બચાવોના સંકલ્પ સાથે ૫૧ જેટલા વિવિધ વૃક્ષો રોપી વૃક્ષોની જાળવણીની શીખ આપવામાં આવી હતી. વૃક્ષ જતનના શપથ લેવામાં આવ્યા હતા. ૫૧ જેટલા વૃક્ષો નગરપાલિકાના ચૂંટારલા પદ અધિકારીઓ તથા તાલુકા ભાજપના પદાધિકારીઓ દ્વારા યોજાયેલ કાર્યક્રમમાં વિવિધ મુદ્દે લોકોને શીખ આપવામાં આવી હતી. પ્લાસ્ટિક મુક્તિ માટે દુકાને દુકાને ફરી પ્લાસ્ટિક નાબૂદનો સંદેશ આપવા માટે તથા દુકાનદારોને કપડાની થેલી રાખવા ગ્રાહકોને પણ કપડાની થેલી રાખવા અનુરોધ કરાયો હતો. નગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક મુક્તિ માટે ટૂંક સમયમાં કાપડની થેલીઓ પણ વિતરણ કરવામાં આવશે.કાર્યક્રમમાં પાલિકા પ્રમુખ વસંતભાઈ વાઘેલા, કારોબારી ચેરમેન ચંદનસિંહ રાઠોડ, ઉપપ્રમુખ દમયંતીબેન સેંઘાણી, દંડક જાગૃતિબેન ઠક્કર, કાઉન્સિલર દેવાભાઈ રબારી, રેણુ પટેલ, વંદનાબેન વિશાલભાઈ છાભૈયા, ચંદ્રિકાબેન કેસરાણી, મધુબેન સુથાર, હંસાબેન વેણીલાલ રૈયાણી, જીલ મહેશભાઈ રબારી, સામાબેન બડીયા, સવિતાબેન સોલંકી, કરમશીભાઈ બડીયા, નયનાબેન પટેલ, જયસુખભાઈ પટેલ, દિનેશભાઈ રૂડાણી, ડાયાલાલભાઈ સેંઘાણી, મનનભાઈ લુહાર, હિરેન ભટ્ટ, નીતિનભાઈ સુરાણી રબારી, હીરાભાઈ કરમશીભાઈ, મૂસા કુંભાર, મંગળાબેન વાઘેલા, મનોજ મિસ્ત્રી, જીતેન્દ્રસિંહ જાડેજા સહિતના ઉપસ્થિત રહ્યા હતા. પાલિકા દ્વારા આઠ દિવસ સુધી સફાઈ અભિયાન તેમજ પ્લાસ્ટિક મુક્તિ અભિયાનનું આયોજન કરવામાં આવશે તેમ ભાવિકભાઈ રૂડાણીએ જણાવ્યું હતું. સંચાલન હસમુખજી ઠાકોર, સેનેટરી ઈન્સ્પેક્ટર તેમજ આભારવિધિ ભાવિક રૂડાણી કરી હતી.

## ‘એક પેડ મા કે નામ’ અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ

# પ્રદૂષણની સામે લડવા વૃક્ષારોપણ સચોટ શસ્ત્ર છે : વિનોદ ચાવડા

**સુખપર (રોહા) નજીક વરમસેડાની સીમમાં ૨૧૦૦ વૃક્ષોનું વાવેતર થયું : ‘નમોવન’ છપરી તળેટી ખાતે ભવ્ય આયોજન થયું : ધારાસભ્ય પી.એમ. જાડેજા સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા**





નખત્રાણા - કચ્છ ઉદય : વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે આજે તાલુકાના સુખપર (રોહા) નજીક વરમસેડાની સીમમાં ૧૦ એકરની વિશાળ જમીન પર ૨૧૦૦ જેટલા વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. કચ્છ લોકસભા દ્વારા આસપાસના વિસ્તારને હરિયાળુ બનાવવા તથા પર્યાવરણનું સંરક્ષણ કરવા હેતું ‘નમોવન’ છપરી તળેટી ખાતે યોજાયેલા કાર્યક્રમમાં બોલતા કચ્છ - મોરબીના સાંસદ સભ્ય વિનોદ ચાવડાએ કહ્યું કે, દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈએ સમગ્ર દેશના પર્યાવરણના જતન અને સંરક્ષણ માટે જે વૈશ્વિક આલેખ જણાવી છે. તેની ખુબ જ પ્રભાવશાળી અને સકારાત્મક અસર કચ્છ જિલ્લામાં જોવા મળી રહી છે. આવનાર દિવસોમાં વન, વનસ્પતિ અને પર્યાવરણ પ્રત્યેની સામાજિક જાગૃત્તિ ક્ષેત્રે કચ્છ પ્રેરણાદાયી હશે. કચ્છના ભૌગોલિક વાતાવરણમાં આવેલા ક્લાઈમેન્ટ ચેન્જ એટલે કે, આબોહવા પરિવર્તન અંગે ચિંતા વ્યક્ત કરતા સાંસદ ચાવડાએ કહ્યું કે, સમગ્ર વિશ્વ હાલ પ્રદૂષણની વિકરાળ સમસ્યાનું સામનો કરી રહ્યો છે ત્યારે આ સમસ્યાને જડમુળમાંથી નિર્મુળ કરવા અથવા તો તેની સામે લડવા આપણી પાસે વૃક્ષારોપણ એક માત્ર અમોધ શસ્ત્ર છે. ભુર્ગુભ પાણી-બોરની વાત કરી હતી.

ધારાસભ્ય પી.એમ. જાડેજાએ કહ્યું કે, આગામી સમયમાં રણ પ્રદેશ હરિયાળો બને તે માટે વનવિભાગ સાથે સાથે સરપંચો, અગ્રણીઓ આપણે બધાની જવાબદારી છે અને દેશી ઝાડ વધુ વાવવા પર ભાર મૂક્યો હતો. કચ્છમાં સુધરેલા ચોમાસામાં વૃક્ષો વાવેતરનું યોગદાન વધુ રહ્યું છે.

નખત્રાણા નગરપતિ વસંતભાઈ વી.વાઘેલાએ આ વૃક્ષારોપણની પ્રવૃત્તિ માત્ર એક દિવસ પુરતી સીમીત ન હોવી જોઈએ. સમગ્ર વર્ષ ચાલવું જોઈએ અને વાવેલા વૃક્ષોના યોગ્ય ઉછેર, જતન અને સંવર્ધન પર વિશેષ યોગ્ય ઉછેર, જતન અને સંવર્ધન વિશેષ ભાર મૂક્યો હતો.

નખત્રાણા તાલુકા પંચાયતના પ્રમુખ ભારતીબેન ગોસ્વામી, અબડાસા તા.પં. પ્રમુખ જયેન્દ્રસિંહ જાડેજા, જિ.પં. સુખપરના મંજુલાબેન ચાવડા, મનીષભાઈ મહેશ્વરી, જસોદાબેન મારવાડા, દમયંતીબેન સેંઘાણી, ચંદનસિંહ આર.રાઠોડ, જાગૃત્તિબેન પલણ, ઉદ્યોગપતિ પરબતભાઈ પટેલ (આફ્રિકા), ભરતભાઈ સોમજિયાણી, વિરમ આહિર, ચેતનભાઈ ઠક્કર, ધર્મેન્દ્રગિરિ ગોસ્વામી, ખેંગારભાઈ રબારી, ભારમલજી જાડેજા, વિક્રમભાઈ ગરવા, સરપંચો નિતિનભાઈ ગોસ્વામી, મેહૂલભાઈ ગોસ્વામી, નવીન પટેલ, રમેશભાઈ પટેલ, વસંત છાભૈયા, ઈશ્વરભાઈ, શિવજીભાઈ રબારી, દેવાભાઈ રબારી, ઈન્દ્રજીતસિંહ વાઢેર, કિશોરસિંહ સોઢા, જીતેન્દ્રસિંહ જાડેજા, મામદ ખત્રી, રતનભાઈ સંઘાર, નિતિન દરજી, રાજુભાઈ દરજી, મનોજ પિત્રોડા, વંદનાબેન છાભૈયા, બાબુભાઈ ચોપડા, દેવાભાઈ રબારી - સરપંચ, વેણીલાલ રૈયાણી, હંસાબેન પટેલ, આરએફઓ રામભાઈ ગઢવી, જયદીપસિંહ સોલંકી, આર.એ. બાકેજા, બી.જે. રાઠવા, પી.જી. પરમાર, સુખપર (રોહા) ગ્રા.પં.ના સભ્યો, ગ્રામજનો, આસપાસના ગામોના સરપંચો સહિત વૃક્ષપ્રેમી મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન રવિલાલ નામોરીએ કર્યું હતું. આભારવિધિ મોહનભાઈ ચાવડાએ કરી હતી.

# વટવાથી સાબરમતી રેલવે સ્ટેશન સુધી રેલવે કર્મચારીઓ કરશે વૃક્ષારોપણ

**પર્યાવરણ દિવસે ડીઆરએમે ૧૦૦ છોડ સાથે કરી શરૂઆત : વૃક્ષારોપણ, સ્વચ્છતા, જળ-ઊર્જા સંરક્ષણ અને પ્લાસ્ટિક ઉન્મૂલન પર રહ્યું વિશેષ ધ્યાન કેન્દ્રિત**





અમદાવાદ - કચ્છઉદય : વિશ્વ પર્યાવરણ દિવસના અવસર પર પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળે પર્યાવરણ સંરક્ષણની દિશામાં એક મહત્વપૂર્ણ પહેલ કરતા વટવા થી સાબરમતી રેલવે સ્ટેશન વચ્ચે ગ્રીન કોરિડોર વિકસાવવાની યોજનાનો પ્રારંભ કર્યો. મંડલ રેલ પ્રબંધક વેદ પ્રકાશે ૧૦૦ વૃક્ષોનું રોપણ કરીને આ મહત્ત્વાકાંક્ષી અભિયાનની શરૂઆત કરી છે. અમદાવાદ મંડળ દ્વારા ૧૫મેથી ૫ જૂન ૨૦૨૬ સુધી ચાલેલા ૨૧ દિવસીય વિશ્વ પર્યાવરણ દિવસ અભિયાનનું સમાપન વૃક્ષારોપણ, સ્વચ્છતા તથા જનજાગૃતિ કાર્યક્રમો સાથે થયું. અભિયાન દરમિયાન સમગ્ર મંડળમાં ૧૨૦૦થી વધુ વૃક્ષો વાવવામાં આવ્યા, જ્યારે અમદાવાદ અને સાબરમતી સ્ટેશનો પર મુસાફરો અને નાગરિકો વચ્ચે ૨૦૦-૨૦૦ વૃક્ષોનું વિતરણ કરવામાં આવ્યું હતું. સમારોહ દરમિયાન વટવા સ્થિત આરપીએફ બેરેક પરિસરમાં ડીઆરએમ વેદ પ્રકાશ, પશ્ચિમ રેલવે મહિલા કલ્યાણ સંગઠનની અધ્યક્ષા શેફાલી ગુપ્તા, મહિલા કલ્યાણ સમિતિની સભ્યાઓ, શાખા અધિકારીઓ તથા રેલ કર્મચારીઓએ સામૂહિક વૃક્ષારોપણ કરીને પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપ્યો હતો.

ગ્રીન કોરિડોર યોજનાના અંતર્ગત હવે વટવા થી સાબરમતી રેલવે સ્ટેશન વચ્ચે રેલવે કર્મચારીઓ તબક્કાવાર રીતે મોટી સંખ્યામાં વૃક્ષારોપણ કરશે. તેનો હેતુ રેલવે પરિસર અને રેલ માર્ગ આસપાસ હરિયાળું આવરણ વધારવું, હવાની ગુણવત્તામાં સુધારો લાવવો તથા પર્યાવરણ સંરક્ષણને પ્રોત્સાહન આપવું છે.વેદ પ્રકાશે જણાવ્યું કે અમદાવાદ મંડળ પર્યાવરણ સંરક્ષણ, પાણી અને ઊર્જા બચત તથા સતત વિકાસ પ્રત્યે સંપૂર્ણ રીતે પ્રતિબદ્ધ છે. તેમણે કહ્યું કે વટવા - સાબરમતી ગ્રીન કોરિડોર પ્રોજેક્ટ રેલવે પરિસરોને વધુ હરિયાળા, સ્વચ્છ અને પર્યાવરણ - અનુકૂળ બનાવવા દિશામાં એક મહત્વપૂર્ણ પગલું સાબિત થશે. વૃક્ષારોપણ આ રીતે કરવામાં આવશે કે રેલવે ટ્રેક, ઓવરહેડ વિદ્યુત તાર, સિગ્નલિંગ સિસ્ટમ તથા ટ્રેન સંચાલનમાં કોઈપણ પ્રકારનો અવરોધ ઊભો ન થાય. રેલવે સુરક્ષા ધોરણોનું સંપૂર્ણ પાલન કરીને જ વૃક્ષોની પસંદગી અને રોપણ કરવામાં આવશે.

અભિયાનમાં સ્વચ્છતા શપથ અને મુસાફર જાગૃતિ, મુસાફરોને પ્લાસ્ટિકનો ઓછામાં ઓછો ઉપયોગ કરવા તેમજ મુસાફરી દરમિયાન પોતાની પાણીની બોટલ સાથે રાખવા માટે પ્રેરિત કરવામાં આવ્યા, સ્ટેશન સ્ટોલ સંચાલકો અને વેચાણકર્તાઓને પ્લાસ્ટિકમુક્ત તથા પર્યાવરણમૈત્રી કટલરી અપનાવવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જાહેર જાહેરાત પ્રણાલી દ્વારા સતત જાગૃતિ સંદેશાઓનું પ્રસારણ કરવામાં આવ્યું, સ્વચ્છતા અને કચરા વ્યવસ્થાપન, સ્ટેશનો અને આસપાસના વિસ્તારોમાં વિશેષ સ્વચ્છતા અભિયાન ચલાવી પ્લેટફોર્મ પર કચરાના અલગકરણની સુનિશ્ચિતતા કરવામાં આવી, સ્થાનિક સમુદાયો અને બિનસરકારી સંસ્થાઓના સહયોગથી જૈવિક કચરાના વ્યવસ્થાપન તેમજ પ્લાસ્ટિકના ઉપયોગમાં ઘટાડો લાવવા માટે વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી, પ્લાસ્ટિક ઘટાડો અને સતત પ્રયાસો, હરિત અને ટકાઉ રેલ સંચાલન, એક વૃક્ષ માતાના નામે'' અભિયાન અંતર્ગત રેલવે કોલોનીઓ અને પરિસરોમાં મોટા પાયે વૃક્ષારોપણ કરાયું, કોલોનીઓમાં ટકાઉ જીવનશૈલી અને સ્વચ્છ હવાના આરોગ્યલક્ષી લાભો અંગે જાગૃતિ સત્રોનું આયોજન, કર્મચારીઓ માટે ચિત્રકલા, નિબંધ લેખન અને પ્રશ્નોત્તરી સ્પર્ધાઓ યોજવામાં આવી, જેથી પર્યાવરણ પ્રત્યે જાગૃતિ અને જવાબદારીની ભાવના વધુ મજબૂત બને, જળ અને ઊર્જા સંરક્ષણ કરવામાં આવ્યું હતું. અભિયાનના અંતિમ દિવસે, આ વર્ષની મુખ્ય થીમ ‘જલવાયુ પરિવર્તન’ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરીને વિશ્વ પર્યાવરણ દિવસની ગૌરવપૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી. મુસાફરો અને સામાન્ય નાગરિકોને જાગૃત કરવા માટે મુખ્ય રેલવે સ્ટેશનો, કાર્યસ્થળો અને રેલવે કોલોનીઓમાં સ્કાઉટ્સ, સામાજિક સંગઠનો અને પ્રતિષ્ઠિત નાગરિકોની ભાગીદારી સાથે વિશેષ જાગૃતિ અભિયાનો યોજવામાં આવ્યા હતા.

# ૧૮ હજારથી વધુ વૃક્ષો, ૫૦ હજાર ચકલીઘર અને જીવદયાની અનોખી સેવા : હરિઓમ મિશનની કામગીરી બની પ્રેરણા

ભુજ -કચ્છઉદય : કચ્છના કોટડા ચકાર પંથકમાં છેલ્લા સાત વર્ષથી પર્યાવરણ સંરક્ષણ અને જીવદયાની દિશામાં કાર્યરત હરિઓમ મિશનની સેવાકીય પ્રવૃત્તિઓ આજે સમગ્ર વિસ્તાર માટે પ્રેરણાસ્ત્રોત બની છે. વૃક્ષપ્રેમી શિક્ષક હરિલાલ ભાનુશાલીના માર્ગદર્શન હેઠળ ચાલી રહેલી આ પહેલે હજારો વૃક્ષોના સંવર્ધન સાથે પશુ-પંખીઓના કલ્યાણ માટે પણ નોંધપાત્ર યોગદાન આપ્યું છે. હરિઓમ મિશન દ્વારા કોટડા, સણોસરા, આથમણા, ઉગમણા, કૈલાસનગર અને સૂરજપર સહિતના વિસ્તારોમાં છેલ્લા સાત વર્ષ દરમિયાન ૧૮ હજારથી વધુ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે. સરકારી જમીનો, જાહેર માર્ગો, મંદિર પરિસરો, કબ્રસ્તાનો અને પડતર જમીનોને હરિયાળીથી આવરી લેવાના પ્રયાસો સતત ચાલી રહ્યા છે. વૃક્ષોનું વાવેતર કર્યા બાદ તેમની જાળવણી, પાણીની વ્યવસ્થા અને રક્ષણ માટે વિશેષ ધ્યાન આપવામાં આવે છે. વૃક્ષ સંરક્ષણ માટે દર વર્ષે ૫૦૦થી વધુ પિંજરા તૈયાર કરવામાં આવે છે. શાળાના વિદ્યાર્થીઓ અને યુવાનો રજાઓ દરમિયાન સ્વૈચ્છિક રીતે આ કામગીરીમાં જોડાતા હોવાથી નવી પેઢીમાં પર્યાવરણ પ્રત્યે સંવેદના અને જવાબદારીનો વિકાસ થઈ રહ્યો છે. હરિઓમ મિશનનું “ચકલી બચાવો અભિયાન'' પણ ખાસ સફળ રહ્યું છે. આ અભિયાન અંતર્ગત કચ્છ સહિત ગુજરાતના વિવિધ વિસ્તારોમાં ૫૦ હજારથી વધુ ચકલીઘર, બર્ડ ફીડર અને પાણીના કુંડાનું વિતરણ કરવામાં આવ્યું છે. ઉપરાંત દર મહિને ૩૦૦ કિલોથી વધુ ચણ પક્ષીઓ માટે ઉપલબ્ધ કરાવવામાં આવે છે. જીવદયા ક્ષેત્રે પણ મિશન સતત કાર્યરત છે. દાતાઓના સહયોગથી ૨૫થી વધુ અવાડા બનાવી આશરે ૨૫ હજારથી વધુ પશુ-પંખીઓ માટે પીવાના પાણીની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. સાથે જ રોજ ૧૦૦થી વધુ નિરાધાર કૂતરાઓને બે વખત ભોજન આપવામાં આવે છે. હરિલાલ ભાનુશાલીએ જણાવ્યું હતું કે વૃક્ષારોપણ માત્ર એક દિવસની પ્રવૃત્તિ નહીં પરંતુ સતત જતન અને સંવર્ધનની પ્રક્રિયા છે. પર્યાવરણનું સંતુલન જાળવવા દરેક વ્યક્તિએ ઓછામાં ઓછું એક વૃક્ષ વાવી તેનું સંરક્ષણ કરવાની જવાબદારી સ્વીકારવી જોઈએ. વિશ્વ પર્યાવરણ દિવસના અવસરે હરિઓમ મિશનની આ કામગીરી પર્યાવરણ સંરક્ષણ અને જીવદયાના સમન્વયનું અનોખું ઉદાહરણ પૂરું પાડી રહી છે, જે સમગ્ર કચ્છ માટે પ્રેરણાદાયી બની છે

# વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે ભુજના ઐતિહાસિક કચ્છ મ્યુઝિયમમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો



ભુજ - કચ્છઉદય : ‘વિશ્વ પર્યાવરણ દિવસ‘ નિમિત્તે ભુજના ઐતિહાસિક કચ્છ મ્યુઝિયમ કેમ્પસમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં પુરાતત્વ વિભાગના અધિકારીઓ, મ્યુઝિયમના નિષ્ણાતો અને તમામ સ્ટાફે સાથે મળીને મ્યુઝિયમ પરિસરને વધુ લીલુંછમ બનાવવાનો સંકલ્પ લીધો હતો. પુરાતત્વ વિભાગના સર્કલ અધિક્ષક ડો. આદિત્ય સિંહ અને કચ્છ મ્યુઝિયમના ક્યુરેટર ડો. મહેન્દ્ર સિંહ સુરેલાના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમ યોજાયો હતો. આ બંને અધિકારીઓએ સાથે મળીને પહેલો છોડ વાવીને આ સુંદર અભિયાનની શરૂઆત કરી હતી.

આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેલા જયપાલસિંહ જાડેજા અને ધવલ દવેએ પર્યાવરણ બચાવવા માટે આપણા સાંસ્કૃતિક વારસા અને મ્યુઝિયમની જવાબદારી વિશે લોકોને સરળ સમજૂતી આપી હતી. આ વૃક્ષારોપણને સફળ બનાવવા માટે મ્યુઝિયમના સ્ટાફ સભ્ય ભગવાનભાઈ, વિનોદભાઈ સહિત તમામે ઉત્સાહભેર ભાગ લીધો હતો અને છાંયડો આપતા તેમજ ફળ આપતા વિવિધ વૃક્ષો વાવ્યા હતા.

ડો. મહેન્દ્ર સિંહ સુરેલા અને ડો. આદિત્ય સિંહે પર્યાવરણ દિન નિમિત્તે સૌને સંદેશ આપતા જણાવ્યું હતું કે પર્યાવરણનું રક્ષણ કરવું એ આપણા સૌની ફરજ છે. કચ્છ મ્યુઝિયમે એવું નક્કી કર્યું છે કે આવનારા સમયમાં પણ સતત વૃક્ષારોપણ, પાણી બચાવવા અને પ્રકૃતિ પ્રત્યે લોકોમાં જાગૃતિ લાવવા માટેના આવા કાર્યક્રમો યોજાતા રહેશે. કાર્યક્રમના અંતે હાજર રહેલા તમામ સ્ટાફ સભ્યોએ પોતે વાવેલા છોડની નિયમિત કાળજી લેવા અને તે વૃક્ષ મોટું બને ત્યાં સુધી તેનું જતન કરવાની પ્રતિજ્ઞા લીધી હતી.

# ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી અને દીનદયાળ પોર્ટ ઓથોરિટી વચ્ચે એમઓયુ



ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લામાં ઉદ્યોગ અને શિક્ષણ ક્ષેત્રે સંશોધન તથા પ્રાદેશિક વિકાસને એક નવી ઊંચાઈ પર લઈ જવા માટે ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી અને દીનદયાળ પોર્ટ ઓથોરિટી, કંડલા વચ્ચે એક સીમાચિહ્નરૂપ એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. ફેડરેશન ઓફ કચ્છ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન્સની વિશેષ ઉપસ્થિતિ અને સાક્ષીમાં આ કરાર વિધિવત રીતે સંપન્ન થયો હતો. આ ભાગીદારીનો મુખ્ય ઉદ્દેશ્ય રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ, શૈક્ષણિક વિકાસ, અર્થ સાયન્સ ઈન્ક્યુબેશન સેન્ટરની સ્થાપના, સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન, નવીન સંશોધનો (ઈનોવેશન) અને બૌદ્ધિક સંપદા અધિકાર ક્ષેત્રે જાગૃતિ વધારવાનો છે.

કરાર પર દીનદયાળ પોર્ટ ઓથોરિટીના ચેરમેન સુશીલકુમાર સિંઘ અને કચ્છ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. મોહન પટેલ દ્વારા સત્તાવાર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ ગરિમાપૂર્ણ અવસરે ફોકિયાના મેનેજિંગ ડિરેક્ટર નિમિષ ફડકે, કચ્છ યુનિવર્સિટીના રજિસ્ટ્રાર ડૉ. અનિલ એચ. ગોર, યુનિવર્સિટીના બોર્ડ ઓફ મેનેજમેન્ટના સદસ્ય કિરણભાઈ આહીર ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

એમઓયુ અંતર્ગત ભવિષ્યમાં બંને સંસ્થાઓ દ્વારા સંયુક્ત રીતે અનેક મહત્વકાંક્ષી આયામો હાથ ધરવામાં આવશે, જેમાં કચ્છ યુનિવર્સિટી પોતાની વિશિષ્ટ ભૌગોલિક અને વૈજ્ઞાનિક ક્ષમતાઓનો લાભ ઉદ્યોગોને આપશે. આ ભાગીદારી હેઠળ કચ્છ યુનિવર્સિટીના ભૂ-વિજ્ઞાન વિભાગના નિષ્ણાતો દ્વારા કચ્છના મોટા અને નાના રણ તેમજ દરિયાકાંઠાના વિસ્તારોમાં ગ્રાઉન્ડવોટર ઈન્વેસ્ટિગેશન માટે પોતાની તકનીકી વિશેષજ્ઞતા પૂરી પાડવામાં આવશે. તેની સાથે જ દરિયાકાંઠાના વિસ્તારોમાં પર્યાવરણીય અને ભૌગોલિક જોખમો સામે ‘કોસ્ટલ વલ્નરેબિલિટી મેપિંગ‘ કરવામાં આવશે તેમજ તેનાથી બચવા માટેના નુકસાન ન્યૂનીકરણના ઉપાયો અને યોગ્ય સૂચનો આપવામાં આવશે. વધુમાં, કચ્છના રણ વિસ્તારમાં છુપાયેલા ઐતિહાસિક અને વૈજ્ઞાનિક વારસાને વૈજ્ઞાનિક ઢબે ઉજાગર કરવા માટે દીનદયાળ પોર્ટ ઓથોરિટી દ્વારા જિયો-આર્કિયોલોજિકલ (ભૂ-પુરાતત્વીય) સંશોધન કાર્યો માટે સ્પોન્સરશિપ પૂરી પાડવામાં આવશે.

યુનિવર્સિટી કેમ્પસ ખાતે ડીપીએ પ્રેરિત અત્યાધુનિક ‘અર્થ સાયન્સ ઈન્ક્યુબેશન સેન્ટર’ સ્થાપવામાં આવશે, જેમાં ભાવિ પેઢીમાં જાગૃતિ લાવવા માટે એક ભવ્ય જિયોલોજિકલ મ્યુઝિયમ પણ બનાવવામાં આવશે. કેન્દ્ર દુર્લભ ખનિજો, પુનઃપ્રાપ્ય ઊર્જા, હાઈડ્રોકાર્બન અને કુદરતી આપત્તિ વ્યવસ્થાપન જેવા વિષયો પર રિસર્ચ અને કન્સલ્ટન્સી સેવાઓ આપશે. કચ્છના અંતરિયાળ અને ગ્રામીણ વિસ્તારોના વિદ્યાર્થીઓ, ખાસ કરીને દીકરીઓ ઉચ્ચ શિક્ષણથી વંચિત ન રહે તેની ચિંતા કરતાં ગુજરાત સરકારના શિક્ષણમંત્રી ત્રિકમભાઈ છાંગાના સહકારથી શરુ થવા જઈ રહેલા અંતરિયાળ વિસ્તારના પાંચ નવા એક્સ્ટેન્શન સેન્ટર માટે ડીપીએનો સહયોગ મળશે. આ એમ.ઓ.યુ. હેઠળ ડીપીએ દ્વારા કચ્છ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે ઈન્ટર્નશિપ, ટ્રેનિંગ અને ડિઝર્ટેશનની ઉત્કૃષ્ટ તકો ઉપલબ્ધ કરાવાશે તથા ઉદ્યોગોની જરૂરિયાત મુજબના કૌશલ્યવર્ધક અને વોકેશનલ કોર્સો શરૂ કરાશે, જેથી સ્થાનીય સ્તરે રોજગારીની નવી તકોનું સર્જન થશે. ભારત સરકારના ખ્વાબને ઉજાગર કરતાં યુનીવર્સીટી કેમ્પસમાં સુજલામ સુફલામ પ્રોજેક્ટ દ્વારા બનાવેલ સરોવરની આસપાસ બ્યુટીફીકેશન તેમજ વોકિંગ-ટ્રેક તથા બાળકો માટેના રમતના સાધનો પુરા પાડવા માટેનો પણ સહયોગ મળી રહેશે.

# ભુજમાં મહિલાઓ પર હુમલો અને ખોટી ફરિયાદનો આક્ષેપ

ભુજ - કચ્છઉદય : ભુજની લોટસ કોલોનીમાં ગરીબ પરિવારોની મકાન તોડવાની કાર્યવાહી દરમિયાન પોલીસ દ્વારા મહિલાઓ સાથે ગેરવર્તણૂક અને મારપીટ કરવામાં આવી હોવાની ચોંકાવનારી ફરિયાદ સામાજિક કાર્યકર અંકિતા ગોર દ્વારા કરવામાં આવી છે. આ ઘટના બાદ પોલીસમાં ફરિયાદ નોંધાવવા છતાં હજુ સુધી હુમલાખોરો સામે કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. એટલું જ નહીં, પરંતુ ભુજના કેમ્પ વિસ્તારના બુટલેગરો દ્વારા મહિલાઓ સામે જ ખંડણી અને લૂંટની પાયાવિહોણી ફરિયાદ નોંધાવતા સમગ્ર મામલો શંકાસ્પદ બન્યો છે. અંકિતા ગોરે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી સમગ્ર ઘટનાની નિષ્પક્ષ તપાસ કરવા, મહિલા પીએસઆઈ વિરુદ્ધ પગલાં લેવા અને પીડિત મહિલાઓને ન્યાય અપાવવાની માંગ કરી છે. જો તંત્ર દ્વારા યોગ્ય કાર્યવાહી કરવામાં નહીં આવે તો અહિંસક પરંતુ ઉગ્ર જનઆંદોલન, ધરણાં અને ઉપવાસ આંદોલન શરૂ કરવાની ચીમકી તેમણે ઉચ્ચારી છે.

# ભુજમાં ઝૂંપડપટ્ટીમાં ખુરશીઓનું વિતરણ


ભુજ - કચ્છઉદય : કચ્છના પાટનગર ભુજમાં ભૂંગા અને ઝુંપડામાં રહેતા પરિવારો રાત્રિના ભાગે ખુરશી ઉપર બેસી શકે તે માટે ખુરશીનું વિતરણ તાજેતરમાં કરવામાં આવ્યું હતું. દાતાઓના સહયોગથી આ વિતરણ કાર્ય કરવામાં આવ્યું હતું. ભુજની સત્યમ સંસ્થા અને તાનારીરી મહિલા મંડળ દ્વારા ભૂંગા અને ઝુંપડાઓમાં ખુરશીઓ ભેટ અપાઈ હતી. આ કાર્યમાં સત્યમ સંસ્થાના અધ્યક્ષ દર્શકભાઈ અંતાણી, અંકિતાબેન ધોકાઈ, માલશ્રીબેન ગઢવી, નર્મદાબેન ગામોટ, મનજીભાઈ ગામોટ, નયનભાઈ શુક્લા, રામુબેન પટેલ, નરેન્દ્રભાઈ સ્વાદિયા તેમજ જટુભાઈ ડુડીયા વગેરે જોડાયા હતા. દરમિયાન આ ખુરશીઓ માટે ભાવનાબેન માંકડ તેમજ ભાસ્કરભાઈ માંકડ અને ભુજ તાલુકાના સામત્રા ગામના હાલે લંડન રહેતા હિરજીભાઈ નાથા વરસાણી અને દીપાબેન હિરજી વરસાણીનો સહયોગ મળ્યો હતો. અત્રે ઉલ્લેખની છે કે, ભુજ તાલુકાના સામત્રા ગામના હાલે લંડન રહેતા દીપાબેન હીરજી વરસાણી દ્વારા ખીમજીભાઈ નાથા વરસાણીના જન્મદિવસે ભુજ શહેરની અંદર વિવિધ કાર્યો કરાયા હતા. ખાદ્ય સામગ્રી પણ તેમના તરફથી આપવામાં આવી હતી. આમ આ વખતે પણ ખુરશીઓની પહેલ કરાતા તેમના તરફથી સહયોગ મળ્યો હતો.

# નવા વ્યાપારી કરારોથી રેલવેની આવકમાં થશે વધારો અને મુસાફરોને મળશે નવી સુવિધાઓ

**ટ્રેનમાં હવે સીટ પર જ મળશે જરૂરી ચીજવસ્તુઓ : માલિયા ગુડ્સ શેડમાં સ્વચ્છતા અને વંદે ભારત ટ્રેનોમાં હવે જોવા મળશે નવીન બ્રાન્ડિંગ**





અમદાવાદ : અમદાવાદ રેલવે મંડળે આત્મનિર્ભરતા તરફ એક મહત્વપૂર્ણ પગલું ઉઠાવતા રેલવેની આવકના નવા સ્રોત ઉભા કરવા અને મુસાફરોની સુવિધાઓમાં વધારો કરવા માટે ત્રણ નવા વ્યાપારી કરારો પૂર્ણ કર્યા છે. તાજેતરમાં ઈ-ઓક્શન દ્વારા કરવામાં આવેલા આ કરારો આગામી ત્રણ વર્ષ માટે લાગુ રહેશે, જેનાથી રેલવે તિજોરીમાં રૂ ૪.૪૭ કરોડની સીધી આવક થશે. રેલવેના આ નિર્ણયથી મૂડીરોકાણ કર્યા વગર જ બિન-ભાડા આવકમાં વધારો થશે અને સાથે જ મુસાફરોને વધુ સારી સેવાઓ પ્રાપ્ત થશે.

આ પ્રોજેક્ટ હેઠળ સૌ પ્રથમ, નોન-પ્રીમિયમ ટ્રેનોમાં હવે ટ્રેન સાઈડ વેન્ડિંગની સુવિધા શરૂ કરવામાં આવશે, જેનો મુખ્ય હેતુ મુસાફરોને સુરક્ષિત અને સરળ ખરીદીનો અનુભવ પૂરો પાડવાનો છે. આ વ્યવસ્થા દ્વારા મુસાફરો હવે મુસાફરી દરમિયાન પોતાની સીટ પર જ ટૂથપેસ્ટ, બ્રશ, સેનિટરી પેડ્સ, ડાયપર, ન્યૂઝ પેપર, ચાર્જર અને ઈયરફોન જેવી રોજિંદી જરૂરી વસ્તુઓ મેળવી શકશે. મુસાફરોને યોગ્ય ભાવ મળે તે માટે તમામ વસ્તુઓ એમઆરપી પર જ વેચવી અનિવાર્ય રહેશે અને દરેક ખરીદી પર બિલ આપવું ફરજિયાત કરવામાં આવ્યું છે. ટ્રેનમાં અનધિકૃત ફેરિયાઓ પર અંકુશ લાવવા માટે દરેક ટ્રેનમાં માત્ર ચાર વેન્ડરને જ પરવાનગી આપવામાં આવશે, જેઓ કાયદેસરના ઓળખપત્ર અને ગણવેશમાં હશે. આ ઉપરાંત મુસાફરોને ઓનલાઈન ઓર્ડર અને ડિલિવરીની સુવિધા પણ ઉપલબ્ધ કરાવાશે.

બીજા મહત્વના નિર્ણયમાં માલિયા ગુડ્સ શેડમાં વેગન સફાઈ માટેના કરારને મંજૂરી આપવામાં આવી છે. આ મોડેલથી રેલવેના સફાઈ પાછળના ખર્ચમાં સીધો ઘટાડો થશે. કોન્ટ્રાક્ટર દ્વારા વેગન અને આખા પરિસરની સફાઈ કરવામાં આવશે, જેનાથી રેલવેના ટ્રેક અને વેગનનું આયુષ્ય વધશે અને કામદારોને પણ સ્વચ્છ વાતાવરણ મળશે. સફાઈ દરમિયાન નીકળતા કચરા કે અવશેષોના નિકાલની જવાબદારી પણ કોન્ટ્રાક્ટરની રહેશે, જે આ મોડેલને આર્થિક રીતે ટકાવી રાખવામાં મદદરૂપ થશે.

ત્રીજા પગલામાં દેશની શાન એવી વંદે ભારત ટ્રેનના હેડ રેસ્ટ કવર પર વિજ્ઞાપનોને સ્થાન આપવામાં આવશે. આ નિર્ણયથી ટ્રેનના આંતરિક ભાગમાં એક આધુનિક અને વ્યવસ્થિત લુક આવશે. આ પ્રોજેક્ટથી વિજ્ઞાપનદાતાઓને મુસાફરોના એક મોટા વર્ગ સુધી પોતાની પહોંચ બનાવવાની તક મળશે, જ્યારે રેલવેને કોઈ પણ પ્રકારના વધારાના ખર્ચ વગર આવક પ્રાપ્ત થશે. અમદાવાદ રેલવે મંડળના આ ત્રિવિધ પ્રયાસો દ્વારા રેલવેની કાર્યક્ષમતા અને આવકના સ્રોતોમાં મોટો સુધારો જોવા મળશે.

# નખત્રાણામાં જાહેર માર્ગ પર ગંદકી કરનારના કનેક્શન કટ કરાશે

**નખત્રાણામાં ગટર અને પાણીની લીકેજ લાઈનના જવાબદારોને નોટીસ અપાઈ**





નખત્રાણા - કચ્છઉદય : શહેરના જાહેર માર્ગ પર ગંદકી કરનારના કટ કરવામાં આવશે. જો શહેરના રસ્તાઓ પર ગટરના પાણી અને પાણીનો વેડફાટ કરનાર જવાબદારને નોટીસ આપવામાં આવી હતી.

આ અંગે મળતી વિગતો મુજબ નખત્રાણા બસ સ્ટેશન પાસે ફરીથી ગટર લાઈન ઉભરાઈ રહી છે, જેના કારણે ટૂ-વ્હીલર વાહન ચાલકોને રસ્તા પરથી ચાલવું મુશ્કેલ બન્યું છે. તેમજ ગંદા પાણીના કારણે બાઈક ચાલકો પટકાઈ રહ્યા છે. અહીં આવેલી રંજના હોટલ પાસે ગટર તાજેતરમાં રીપેર કરાઈ છે, ફરી પાછી એ જ સ્થિતિ ઊભી થઈ છે. મુખ્ય હાઈવે પર આ દુર્ગંધ મારતી ગટરથી વટેમાર્ગુ લોકો પરેશાન બની રહ્યા છે, જેથી તેના માલિકે રીપેર કરાવવી જોઈએ તેવું સ્થાનિક ભરતસિંહ ઝાલાએ જણાવ્યું હતું. લોકોની સુખાકારી માટે નગરપાલિકાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ તથા કર્મચારીઓએ રાત્રે કામ કરી બંધ કરવામાં આવી હતી સાથે જ જવાબદારો સામે કડક હાથે કામ લેવા નોટિસ પાઠવી હતી. પલિકાની કોઈપણ જગ્યાએ ગટરની સમસ્યા હશે તો જવાબદાર છે પરંતુ કોઈની પ્રાઈવેટ ગટર હશે કે પાણીની લાઈન લીકેજ થતી હશે નોટીસ પાઠવીને કાયદાકીય પગલાં લેવામાં આવશે તેવું નખત્રાણા નગરપાલિકાના ઉપપ્રમુખ દમયંતીબેન પટેલના પ્રતિનિધિ તરીકે ડાયાલાલભાઈ સેઘાણી જણાવ્યું હતું. કોઈએ પણ જાહેર માર્ગો ઉપર ગંદકી કરવી નહીં જો ફરિયાદો આવશે તો કનેક્શનનો કટ કરવામાં આવશે. અને જવાબદારો સામે કડક હાથે કામ લેવામાં આવશે અને દંડ વસુલાસે તેવું પણ જણાવ્યું હતું. સ્ટેશન સામે વહેતી ગટરનું કામ નગરપાલિકાના કર્મચારીઓએ મોડી રાત કામદારો પાસેથી કરાવ્યું હતું અને લોકોએ હાસકારો અનુભવ્યો હતો.

# વસ્તી ગણતરી અંગે શિક્ષક સંગઠન દ્વારા રજૂઆત

ભુજ - કચ્છ ઉદય : કચ્છ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ અને ભુજ તાલુકા સંગઠન દ્વારા વસ્તી ગણતરી દરમિયાન પ્રાથમિક શિક્ષકોને પડી રહેલી વિવિધ મુશ્કેલીઓ અંગે ભુજ નગરપાલિકાના ચીફ ઓફિસર, ભુજ ગ્રામ્ય મામલતદાર અને વસ્તી ગણતરીના કચ્છ જિલ્લાના નોડલ ઓફિસરને લેખિત રજૂઆત કરવામાં આવી છે.

રજૂઆતમાં જણાવાયું છે કે વસ્તી ગણતરી માટે નિયુક્ત શિક્ષકોને ઘણી વ્યવહારુ મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. ખાસ કરીને એક જ ગણતરીદારને ખૂબ વધુ ઘરોની સંખ્યા ફાળવાતા કામગીરીમાં મુશ્કેલી ઉભી થઈ રહી છે. તેથી બ્લોકનું યોગ્ય વિભાજન કરીને ઘર સંખ્યા અને માર્ગદર્શિકા મુજબનું કાર્યભાર ઘટાડવાની માંગ કરવામાં આવી છે.

વધુમાં, કેટલાક શિક્ષકોને પૂરતી તાલીમ લીધા વગર કામગીરી સોંપવામાં આવી હોવાનું જણાવાયું છે, જેના કારણે કામગીરી કરવામાં અડચણો આવી રહી છે. આવા શિક્ષકોને યોગ્ય તાલીમ આપવામાં આવે તેવી માંગ પણ કરવામાં આવી છે.

એસઆઈઆર જેવી ખૂબ અઘરી કામગીરી કરી ચૂકેલા બીએલઓ શિક્ષકોને વસ્તી ગણતરીની કામગીરીમાંથી મુક્તિ આપવાની પણ વિનંતી કરવામાં આવી છે. ઉપરાંત કેટલાક શિક્ષકોને તેમના ફરજ પર ના સ્થળથી ૧૫ થી ૨૦ કિલોમીટર દૂર વિસ્તારમાં કામગીરી સોંપાતા શાળાકીય કાર્ય અને વિદ્યાર્થીઓના અભ્યાસ પર અસર થવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી છે. તેથી શિક્ષકોને તેમના ફરજ પર ના સ્થળ અથવા નજીકના વિસ્તારમાં જ ગણતરીદાર તરીકે નિયુક્ત કરવા માંગ કરવામાં આવી છે.

શિક્ષક સમાજ દ્વારા અન્ય કેડરના કર્મચારીઓને પણ વસ્તી ગણતરીની કામગીરીમાં જોડવાની માંગ કરી છે, જેથી શિક્ષકો પરનું ભારણ ઓછું થઈ શકે. સાથે જ સુપરવાઈઝરોને મકાનોના વેરિફિકેશન માટે નિશ્ચિત મર્યાદા કરતાં વધુ મકાનોની જવાબદારી ન સોંપવા અંગે પણ સૂચન કરવામાં આવ્યું છે. રજૂઆત વખતે સંગઠનના હોદ્દેદારો નયનસિંહ જાડેજા, ઘનશ્યામસિંહ જાડેજા, ધર્મેન્દ્રસિંહ જાડેજા, મેહુલ જોષી, ધવલ ત્રિવેદી, જયેન્દ્રસિંહ ઝાલા, હાર્દિક ત્રિપાઠી, મયુરસિંહ જાડેજા, ઈન્દ્રજીતસિંહ જાડેજા, રણજીતસિંહ રાઠોડ, અશ્વિન પવાણી સહિતનાઓ જોડાયા હતા.

# અંબાજી ગબ્બર ખાતે ૪૧ કિલો ઘી અર્પણ કરાયું





ભુજ - કચ્છઉદય : અંબાજી ગબ્બર ખાતે રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા વિભાકરભાઈ અંતાણી તેમજ હાટકેશ અંબિકા મહિલા મંડળના પ્રમુખ જયશ્રીબેન હાથી તથા રાજ્યપાલ મુખ્યમંત્રી એવોર્ડ વિજેતા વારીસ પટણી દ્વારા પૂજારીનું કચ્છી પાઘડી પહેરાવી સન્માન કરી અને ૪૧ કિલો ઘી જ્યોત સે જ્યોત જલે માટે અર્પણ કરવામાં આવ્યું હતું. કૃતિબેન શરદભાઈ છાયા, અશિત અંતાણી, રૂપેશભાઈ વસાવડા સહિતના દ્વારા શક્રાદય સ્તુતિ, મહીમન સ્રોત તેમજ હિરલબેન ધ્રુવ ધોળકિયા દ્વારા ગરબાની રમઝટ બોલાવી હતી. આ પ્રસંગે લૂના આશિષભાઈ વૈદ્ય, તૃપ્તિબેન અક્ષયભાઈ અંતાણી, શ્રદ્ધાબેન તુષારભાઈ ધોળકિયા બહોળી સંખ્યામાં માઈ ભક્તો જોડાયા હતા તેવું હાટકેશ સેવા મંડળની યાદીમાં જણાવ્યું હતું.

# કચ્છ જિલ્લાની બેંકો દ્વારા ધિરાણ પ્લાનની સતાવાર જાહેરાત



ભુજ - કચ્છઉદય : નવા નાણાકિય વર્ષના પ્રારંભ સાથે નવા લક્ષ્યાંકોને પાર પાડવા માટેની કવાયતને અત્યારથી વેગવાન બનાવી દેવામાં આવી છે, ત્યારે કચ્છની બેંકો દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ના નવા ધિરાણ પ્લાનની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. આરએસી, ડીઆરડીએ નિયામક, આરબીઆઈ તેમજ બેંકો તથા વિવિધ સરકારી વિભાગોના અધિકારીઓની ઉપસ્થિતિમાં નવા ક્રેડિટ પ્લાનનું વિધિવત લોંચિંગ કરાયું હતું. ૨૦૨૫-૨૬ ના નાણાકિય વર્ષની તુલનાએ ૩૩.૧૦ ટકાના વધારા સાથે ૨૦૨૬ - ૨૭ના નાણાંકિય વર્ષમાં કચ્છની બેંકો ૨૪૨.૧૮ અબજનું ધિરાણ આપશે તેવો લક્ષ્યાંક નિર્ધારિત કરાયો હતો. દર વર્ષની જેમ આ નવા ધિરાણ લક્ષ્યાંક પ્લાનમાં ૨૫.૮૪ ટકા હિસ્સો કૃષિ ક્ષેત્રનો રખાયો છે. ઉપરાંત લઘુ, મધ્યમ ઉદ્યોગો અને માળખાકીય સુવિધાના વિકાસને અગ્રતા આપતો દોર જળવાયેલો રખાયો છે.

નિવાસી અધિક કલેક્ટર દ્વારા બેંકોને તેમના લક્ષ્યાંકોની સાથે સરકારી યોજનાઓનો લાભ છેવાડાના વ્યક્તિ સુધી પહોંચે તે માટેના સૂચનો આપ્યા હતાં. જિલ્લા કલેક્ટર કચેરીના કોન્ફરન્સ હૉલ ખાતે આયોજિત મિટિંગમાં કચ્છના નિવાસી અધિક કલેક્ટર ડી. પી. ચૌહાણ, ડીઆરડીએના નિયામક નિકુંજ પારેખ, લીડ ડિસ્ટ્રિક્ટ મેનેજર મિતેશ ગામિત, નવા નિયુક્ત લીડ ડિસ્ટ્રિક્ટ મેનેજર આલોકકુમાર, નાબાર્ડના અધિકારી નિરજકુમાર સિંઘ, આરબીઆઈના એલડીઓ સુશિલ શહાણે, આરએસઈટીઆઈ ડાયરેક્ટર પ્રતિક જોષી, ગુજરાત ગ્રામીણ બેંકના રિજનલ મેનેજર રણજીતસિંઘ મીણા, નગરપાલિકા, વિવિધ સરકારી વિભાગ તથા જિલ્લાની તમામ બેંકોના અધિકારીઓ હાજર રહ્યા હતાં.

# ભુજમાં અબડાસા વૈષ્ણવ સમાજના પરિવારોને એક છત હેઠળ લાવવા માટે તૈયારી તેજ

ભુજ - કચ્છ ઉદય : ભુજ શહેરમાં સ્થાયી થયેલા મૂળ અબડાસા તાલુકાના નલિયા વિસ્તારના વૈષ્ણવ સમાજના પરિવારોને એક મંચ પર લાવવા માટે સ્નેહમિલનના વિસ્તરણની ચર્ચા શરૂ થઈ છે. તાજેતરમાં યોજાયેલા ભુજ સ્થિત નલિયાવાસી વૈષ્ણવ સમાજના પાંચમા સ્નેહમિલન કાર્યક્રમમાં આ મુદ્દે મહત્વપૂર્ણ વિચારણા હાથ ધરાઈ હતી. આ સ્નેહમિલન દરમિયાન સમાજના પ્રતિભાશાળી વ્યક્તિઓનું સન્માન કરવામાં આવ્યું હતું, સાથે જ વડીલો અને દાતાઓને પણ વિશેષ રીતે સન્માનિત કરવામાં આવ્યા હતા. લાંબા સમય બાદ મળેલા સગાંસંબંધીઓ અને મિત્રોએ એકબીજાને મળીને સંસ્મરણો વાગોળતાં સમગ્ર કાર્યક્રમ ભાવનાત્મક અને આનંદમય માહોલમાં સંપન્ન થયો હતો.

કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત સભ્યો દ્વારા એવો વિચાર વ્યક્ત કરવામાં આવ્યો હતો કે માત્ર નલિયા વિસ્તાર પૂરતો જ નહીં પરંતુ સમગ્ર અબડાસા તાલુકાના ભુજમાં વસવાટ કરતા વૈષ્ણવ સમાજના પરિવારોને એકસાથે જોડીને વિશાળ સ્નેહમિલનનું આયોજન કરવામાં આવે. આ વિચારને લઈને આયોજકોએ સક્રિય રીતે ચર્ચા શરૂ કરી છે અને આગળની કાર્યવાહી માટે તૈયારી હાથ ધરી છે. આ અંગે નલિયાવાસી ભુજ વૈષ્ણવ સમાજની આયોજન સમિતિ દ્વારા ટૂંક સમયમાં વિસ્તૃત બેઠક યોજવાની પણ યોજના બનાવવામાં આવી છે. આ બેઠકમાં સમગ્ર અબડાસા તાલુકાના વૈષ્ણવ સમાજના ભુજ સ્થિત આગેવાનોને આમંત્રિત કરવામાં આવશે અને કાર્યક્રમના સ્વરૂપ, આયોજન તથા સંકલન બાબતે વિગતવાર વિચારવિમર્શ કરવામાં આવશે.

આ સંદર્ભે અબડાસા તાલુકાના ભુજ ખાતે વસતા આગેવાનો મુકેશભાઈ ભટ્ટ, જયપ્રકાશ ગોર, અજયભાઈ જોશી, રશ્મિકાંત ઠક્કર સહિતના સભ્યો સંકલન સમિતિ સાથે જોડાઈને આગળની પ્રક્રિયામાં સહયોગ આપી રહ્યા છે. આગામી સ્નેહમિલન અંગે મહત્વપૂર્ણ બેઠક તા. ૬ જૂનના રોજ સાંજે ૬ વાગ્યે હોટેલ વિરામ ખાતે યોજાશે. જેમાં રાજકીય અને સામાજીક અગ્રણીઓની ઉપસ્થિતિમાં અબડાસાના આગેવાનો સાથે વિસ્તૃત ચર્ચા હાથ ધરાશે.

# નખત્રાણા નગરપાલિકાના નવા પ્રમુખનું સંત કૃપા હોટલ ખાતે સન્માન કરાયું



નખત્રાણા - કચ્છઉદય : નગરપાલિકાના નવનિયુક્ત નગરપતિ વસંતભાઈ વાઘેલાએ સંતકૃપા હોટલ પર મુલાકાત લીધી હતી, ત્યારે કાનજી દાદા, સોઢા લક્ષ્મણસિહ મુળાજી, નયનભાઈ કાપડી સહિતનાએ સન્માન કર્યું હતું. નખત્રાણાના વિકાસમાં ખૂટતી કડી અંગે રજૂઆતો કરી હતી, જેના પ્રત્યુતરમાં પ્રમુખે નખત્રાણાના વિકાસમાં સહયોગી બની વિવિધ મુદ્દે વિકાસ કરી નખત્રાણાને નવો વેગ આપવામાં આવશે એવી ખાતરી આપી હતી. કાનજીભાઈ કાપડીએ તથા ઉપસ્થિતોએ પ્રમુખને શુભકામનાઓ પાઠવી હતી.

# તુલસીના રોપાઓનું વિતરણ કરાયું





વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે સત્યનારાયણ ભગવાનના મંદિરેથી તુલસીના રોપાનું વિતરણ કરવામાં આવ્યું હતું. વૃક્ષારોપણ કરવામાં આવ્યું જેમાં માંડવી શહેર સંગઠનના અને નગરપાલિકાના હોદ્દેદારો સભ્યો સહિત વિવિધ કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# બિદડા સર્વોદય ટ્રસ્ટ ખાતે ત્રણ તકતીઓનો અનાવરણ સમારોહ યોજાયો



બિદડા - કચ્છઉદય : બિદડા સર્વોદય ટ્રસ્ટ ખાતે ભવ્ય અને ધાર્મિક ભાવનાથી ભરપૂર સમારોહમાં ત્રણ સ્મૃતિ તકતીઓનું અનાવરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધર્મ, તપ અને સેવા ભાવનાનું અનોખું સંકલન જોવા મળ્યું હતું.

કાર્યક્રમમાં નશનવ્રતધારી પૂજ્ય સુવિધિબાઈ મહાસતીજીની ઉછામણી નિમિત્તે રૂ. ૧૧ લાખનું દાન હા.મનીષભાઈ વોરા તથા ખીલતીબેન વોરા (અમરસંસ પરિવાર, નવીનાળ - કચ્છ) તરફથી અર્પણ કરવામાં આવ્યું હતું અને તે તકતીનું અનાવરણ થયું હતું. ત્યારબાદ માલતીબેન મહેશભાઈ શાહની સ્મૃતિમાં રૂ.૫ લાખનું દાન સાધુ-સાધ્વી વૈયાવચ માટે હા. બકુલભાઈ શાહ દ્વારા અર્પણ કરવામાં આવ્યું હતું. પૂજ્ય પદ્મગીતાજી માં.સા.અને ચારૂશીલાજી માં.સા.ની પ્રેરણાથી અને પૂ મોહોદય કવિંદ્રસાગરસૂરીજીના ૫૦૦૦થી વધુ ઉપવાસ કરનાર તપસમ્રાટ અજોડ શાસન પૂજ્ય આ.ભા. કવિન્દ્રસાગર સૂરીજી મ.સા.ના ૨૫મા વર્ષીતપ અનુમોદના તથા ગિરનાર નવ્વાણું યાત્રા સંઘપતિ પરિવારોના સહયોગથી તકતીનું અનાવરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સર્વ સંઘના મહાસતીજીઓ તથા સાધુ ભગવંતોની પવિત્ર ઉપસ્થિતિ રહી હતી અને સૌએ આશીર્વાદ પાઠવ્યા હતા, જેમાં ૫ પૂ.આચાર્ય મોહોદયસાગરે જણાવ્યું હતું કે, અહીં વર્ષોથી અવિરત સેવાની ગંગા વહે છે. પહેલા કલ્યાણજી માવજી પટેલ બાદમાં બચુભાઈ રાંભીયા અને વિજયભાઈ છેડા એટલ એક પછી એક મહાપુરુષો દ્વારા અહીં માનવ સેવા કરવામાં આવે છે અને અહીં સાધુ સંતોના લીધે પોઝીટીવ વાતાવરણ જોવા મળે છે. દાતાઓ યોગ્ય માર્ગે દાન આપે છે એવા આશીર્વાદ આપ્યા હતા. ટ્રસ્ટના ચેરમેન શ્રી વિજયભાઈ છેડાએ ઉપસ્થિત સૌનું સ્વાગત કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, ટ્રસ્ટ દ્વારા તમામ ગચ્છના સંતો માટે કોઈ પણ ભેદભાવ વગર સેવા આપવામાં આવે છે. સંતોના આરોગ્ય માટે તાત્કાલિક રિફરની સુવિધા માટે નવી એમ્બ્યુલન્સ સેવા ઉપલબ્ધ છે, જે માટે રૂપિયા ૩૧ લાખની રકમ માટે જયપદ્મજીમાં માં સા. પ્રેરણા આપી હતી. દાતા માતુશ્રી ધનબાઈ લક્ષ્મીચંદ છેડા હ.ખુશાલભાઈ છેડા લાયજા (યુએસએ)એ અર્પણ કરેલ છે સાથે સાથે અહીં રહેવા, ગોચરી અને શુદ્ધ પાણીની વ્યવસ્થા સંપૂર્ણ કાળજીપૂર્વક કરવામાં આવે છે.

આ પ્રસંગે બિદડા ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન દ્વારા સાધુ-સાધ્વીઓની વૈયાવચ માટે રૂ. ૨૫ લાખની રકમ વિજયભાઈ છેડા દ્વારા જાહેર કરવામાં આવી હતી અને રૂપિયા ૧૧ લાખ માતુશ્રી મોંઘીબેન ટોકરશીભાઈ ફુરિયા હ.પ્રવિણભાઈ ફુરિયા (યુએસએ) અને રૂપિયા અઢી લાખ મનોજભાઈ સાવલા - તલવાણા પ્રેરક જયપદ્મજીમાં માં.સા, રૂપિયા અઢી લાખ તૃપ્તિબેન સંજીવભાઈ નંદુ - બાડા પ્રેરક જયપદ્મજી માં સા. રહ્યા હતા.આ પ્રસંગે પૂ. આ.ભા. આચાર્ય મોહોદયસાગર સૂરિજી મા.સા. થાણા ૨, પૂ. માં.સા. અનંતરતનજી સાધુ મારાજ થાણા ૨, પૂ.માં સા. જયપદ્મજી માં સા થાણા ૪, પૂ.માં સા.જીનપ્રભાજી માં સા, પૂ માં સા જગત્ર્યાજી માં સા, પૂ માં સા નિજાનંદગણાશ્રી માં , પૂ. માં.સા તારાબાઈ મહાસતી થાણા ૩, પૂ.કોકિલાભાઈ મહાસતીજી થાણા ૫, પૂ. સ્મિતાબાઈ મહાસતી થાણા ૧, પૂ. આશાબાઈ મહાસતી થાણા ૩, પૂ.પિયુષાબાઈ મહાસતી થાણા ૫, પૂ. પદ્માગીતજી માં સા થાણા ૨, કલ્યાણજીભાઈ સાવલા, મનોજભાઈ સાવલા, વલભજીભાઈ, શશિકાંતભાઈ, જગદીશભાઈ, કેશવજીભાઈ અને મયુરભાઈ મોતા સહિત અનેક સહયોગીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સફળ સંચાલન મેહુલ ગોર દ્વારા કરવામાં આવ્યું હતું. જ્યારે વ્યવસ્થા ભરતભાઈ સગાર, ઉમરશીભાઈ ચંદે, ભાવિનભાઈ ગોર અને જેનીલ ગોર દ્વારા સંભાળવામાં આવી હતી.


# ભારતીય ક્રિકેટમાં મોટો ઉલટફેર : સૂર્યકુમાર યાદવની કેપ્ટનશીપ છીનવાઈ, શ્રેયસ અય્યર બન્યો નવો ટી-૨૦ કેપ્ટન















## ઇંગ્લેન્ડ અને આયર્લેન્ડ પ્રવાસ માટે ૧૬ સભ્યોની યુવા ભારતીય ટીમ જાહેર, ૧૫ વર્ષીય વિસ્ફોટક બેટર વૈભવ સૂર્યવંશીને ટીમમાં સ્થાન મળતા નવો ઇતિહાસ રચાયો : આઉટ ઓફ ફોર્મ સુર્ય કુમાર યાદવને ટીમમાં પણ ન મળ્યું સ્થાન

(એજન્સી દ્વારા)

મુંબઈ : મુંબઈ સ્થિત બીસીસીઆઈના મુખ્ય મથક ખાતે આજે મેન્સ સિલેક્શન કમિટીની એક અત્યંત મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠક બાદ આગામી આયર્લેન્ડ અને ઈંગ્લેન્ડ પ્રવાસ માટેની ભારતીય ટી-૨૦ ટીમની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. આ પ્રવાસ પૂર્વે ભારતીય ક્રિકેટ જગતમાં ખૂબ જ આશ્ચર્યજનક ફેરફારો જોવા મળ્યા છે. છેલ્લા કેટલાક સમયથી ટી-૨૦ ફોર્મેટમાં ભારતીય ટીમનું નેતૃત્વ કરી રહેલા સ્ટાર બેટર સૂર્યકુમાર યાદવને કેપ્ટન પદ પરથી હટાવી દેવામાં આવ્યા છે. પસંદગીકારોએ સૂર્યકુમાર યાદવના કથળતા ફોર્મને ધ્યાને રાખીને આ આકરો નિર્ણય લીધો છે અને તેમના સ્થાને મધ્યમ ક્રમના અનુભવી બેટર શ્રેયસ અય્યરને ભારતીય ટી-૨૦ ટીમની કમાન સોંપી છે. આ સાથે જ ભારતીય ક્રિકેટમાં હવે શ્રેયસ અય્યરના એક નવા યુગની શરૂઆત થઈ ચૂકી છે. આ પ્રવાસમાં આક્રમક યુવા બેટર તિલક વર્માને ટીમનો વાઈસ કેપ્ટન (ઉપકેપ્ટન) બનાવવામાં આવ્યો છે.આ ટી-૨૦ ટીમની જાહેરાતમાં સૌથી મોટો ચમકારો ૧૫ વર્ષીય યુવા બેટિંગ સનસનાટી વૈભવ સૂર્યવંશીની પસંદગી છે. સ્થાનિક ક્રિકેટમાં પોતાના શાનદાર પ્રદર્શનથી પ્રભાવિત કરનારા વૈભવ સૂર્યવંશીને પ્રથમ વખત સિનિયર રાષ્ટ્રીય ટીમમાં સ્થાન મળ્યું છે, જે ભારતીય ક્રિકેટના ઈતિહાસમાં એક મોટો રેકોર્ડ સમાન છે. આ ઉપરાંત ઘરેલું ક્રિકેટ અને આઈપીએલમાં શાનદાર પ્રદર્શન કરનારા ફાસ્ટ બોલર પ્રિન્સ યાદવને પણ ટીમમાં સામેલ કરીને પસંદગીકારોએ યુવા ખેલાડીઓ પર મોટો ભરોસો વ્યક્ત કર્યો છે. અજીત અગરકરની આગેવાની હેઠળની પસંદગી સમિતિએ આ પ્રવાસ માટે સિનિયર અને યુવા ખેલાડીઓનું અદભુત સંતુલન તૈયાર કર્યું છે. ભારતીય ટીમનો આ યુકે પ્રવાસ આગામી ૨૬ જૂનથી આયર્લેન્ડ સામે બે ટી-૨૦ મેચની શ્રેણી સાથે શરૂ થશે. ત્યારબાદ ભારતીય ટીમ ઈંગ્લેન્ડના પ્રવાસે જશે, જ્યાં ૧ જુલાઈથી ૧૧ જુલાઈ દરમિયાન પાંચ મેચોની ટી-૨૦ આંતરરાષ્ટ્રીય શ્રેણી રમાશે. આ પ્રવાસ માટે સૂર્યકુમાર યાદવને ટીમમાંથી સંપૂર્ણપણે બહાર રાખવામાં આવ્યા છે જે ક્રિકેટ ચાહકો માટે પણ મોટો ઝટકો માનવામાં આવી રહ્યો છે.

જાહેર કરાયેલી ૧૬ સભ્યોની ટીમમાં શ્રેયસ અય્યર (કેપ્ટન), તિલક વર્મા (વાઈસ કેપ્ટન), અભિષેક શર્મા, સંજુ સેમસન (વિકેટકીપર), ઈશાન કિશન (વિકેટકીપર), શિવમ દુબે, નીતિશ કુમાર રેડ્ડી, અક્ષર પટેલ, વોશિંગ્ટન સુંદર, રવિ બિશ્નોઈ, વરુણ ચક્રવર્તી, મોહમ્મદ સિરાજ, હર્ષિત રાણા, અર્શદીપ સિંહ, પ્રિન્સ યાદવ અને વૈભવ સૂર્યવંશીનો સમાવેશ થાય છે.

# અફઘાનિસ્તાન સામેની ટેસ્ટમાં ભારતની મજબુત શરૂઆત

**ભારતે ટોસ જીતી બેટિંગ લીધા બાદ કેએલ રાહુલ અને સાઈ સુદર્શનની અર્ધ સદીની મદદથી ૩૨ ઓવરમાં એક વિકેટે ૧૩૫ રન કર્યા : ભારતીય ઓપનર યશસ્વી જયશ્વાલના રૂપમાં પ્રથમ વિકેટ પડી**

**ભારત તરફથી સ્પિન બોલિંગ ઓલરાઉન્ડર માનવ સુથારે ડેબ્યૂ કર્યુ**



(એજન્સી દ્વારા)

ન્યૂ ચંદીગઢઃ ભારત અને અફઘાનિસ્તાન વચ્ચેની એકમાત્ર ટેસ્ટ મેચ મુલ્લાનપુરના મહારાજા યાદવેન્દ્ર સિંહ સ્ટેડિયમમાં રમાઈ રહી છે. ભારતીય કેપ્ટન શુભમન ગિલે ટૉસ જીતીને બેટિંગ લીધી છે. આજે મેચનો પહેલો દિવસ છે અને બીજા સેશન ચાલી રહ્યો છે. પહેલી ઈનિંગમાં ટીમ ઈન્ડિયાનો સ્કોર ૩૨ ઓવરમાં ૧૩૫/૧ છે. ટીમ તરફથી કેએલ રાહુલ અને સાઈ સુદર્શન ક્રિઝ પર છે. ડ્રિંક્સ બ્રેકથી બરાબર પહેલાં ભારતીય ટીમે પોતાની પહેલી વિકેટ ગુમાવી દીધી છે. અહીં યશસ્વી જયસ્વાલ ૨૪ રન બનાવીને કૉટ બિહાઈન્ડ આઉટ થયો. તેને મોહમ્મદ સલીમ શમીએ વિકેટકીપર અફસર ઝઝઈના હાથે કેચ આઉટ કરાવ્યો. સલીમનો બેક ઓફ લેન્થ બોલ લેગ સ્ટમ્પ પર હતો અને બાઉન્સ પણ લઈ રહ્યો હતો. જયસ્વાલે કમરની ઊંચાઈ પર હળવો ફ્લિક કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ એડ્જ વાગીને બોલ વિકેટકીપરના ગ્લોઝમાં ગયો હતો. આજની મેચમાં ભારત તરફથી સ્પિન બોલિંગ ઓલરાઉન્ડર માનવ સુથારે ડેબ્યૂ કર્યું છે. તે રાજસ્થાનમાં પાકિસ્તાનની બોર્ડર પાસેઆવેલા શહેર શ્રીગંગાનગરનો રહેવાસી છે. માનવ માત્ર સ્પિનર જ નથી તે નીચલા ક્રમે બેટિંગ પણ કરી શકે છે. આ કારણે તેણી ગણના બૉલિંગ ઑલરાઉન્ડરમાં થાય છે. ભારત અને અફઘાનિસ્તાન બંનેની વર્ષ ૨૦૨૬ની પ્રથમ ટેસ્ટ મેચ છે. આ મુકાબલો વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ૨૦૨૫-૨૭નો હિસ્સો નથી. આ સ્થિતિમાં ભારતનો આ મુકાબલો ઓગસ્ટમાં શ્રીલંકા પ્રવાસની તૈયારી તરીકે જોવામાં આવે છે.

પહેલા દિવસે યશસ્વી જયશ્વાલના આઉટ થયા બાદ કેએલ રાહુલ અને સુદર્શનની સમજદારીથી બેટિંગ કરી બીજી વિકેટ માટે આ લખાય છે ત્યાં સુધી ૯૦+ રનની પાર્ટનરશીપ કરી હતી. જો કે બન્નેને લાઈફ લાઈન પણ મળી હતી. હાલ કેએલ રાહુલ ૫૨ અને સાઈ સુદર્શન ૫૪ રને રમતમાં છે. ભારતનો સ્કોર ૧ વિકેટે ૧૩૫ છે.

## કોણ છે માનવ સુથાર



રાજસ્થાનના શ્રીગંગાનગરનો રહેવાસી ૨૩ વર્ષીય ડાબોડી સ્પિનર માનવ સુથારને પ્રથમ વખત ભારતીય ટેસ્ટ ટીમમાં મોકો મળ્યો છે. આઈપીએલમાં ગુજરાત ટાઈટન્સ તરફથી રમતા માનવે ઘરેલું ક્રિકેટમાં શાનદાર પ્રદર્શન કર્યું છે. ૨૦૨૩ વર્લ્ડ કપ પહેલા ભારતીય કેમ્પમાં તેણે રોહિત શર્મા અને વિરાટ કોહલીને પ્રભાવિત કર્યા હતા. હવે તેને ભવિષ્યમાં ટેસ્ટ સ્પેશલિસ્ટ સ્પિનર તરીકે જોવામાં આવે છે.

## બન્ને ટીમની પ્લેઇંગ-૧૧

ભારત : કેએલ રાહુલ, યશસ્વી જયસ્વાલ, સાઈ સુદર્શન, શુભમન ગિલ (કેપ્ટન), રિષભ પંત (વિકેટકીપર), ધ્રુવ જુરેલ, વૉશિંગ્ટન સુંદર, માનવ સુથાર, કુલદીપ યાદવ, મોહમ્મદ સિરાજ અને પ્રસિદ્ધ ક્રિષ્ના.

અફઘાનિસ્તાન : સેદીકુલ્લાહ અટલ, રહેમાનુલ્લાહ ગુરબાઝ, અબ્દુલ મલિક, રહેમત શાહ, હશમતુલ્લાહ શાહિદી (કેપ્ટન), અફસાર ઝાઝાઈ (વિકેટકીપર), અઝમતુલ્લા ઓમરઝાઈ, શરાફુદ્દીન અશરફ, નાંગેલિયા ખરોટે, ઝિયાઉર રહેમાન શરીફી અને મોહમ્મદ સલીમ સફી.

## ૮ વર્ષમાં બદલાઈ ગઈ ટીમ ઈન્ડિયા !

(એજન્સી દ્વારા) નવીદિલ્હી : ટીમ ઈન્ડિયા આઠ વર્ષ પછી અફઘાનિસ્તાન સામે ટેસ્ટ રમી રહી છે. છેલ્લી ટેસ્ટમાં ભારતની જે પ્લેઈંગ ઈલેવન હતી, તેમાંથી આ વખતે ૧૦ ખેલાડીઓ રમતા નહીં જોવા ન મળ્યા.

ભારત અને અફઘાનિસ્તાન ટેસ્ટ ક્રિકેટમાં બીજી વખત એકબીજા સામે ટકરાઈ રહી છે. બંને વચ્ચે પહેલી ટેસ્ટ ૨૦૧૮ માં બેંગલુરુ ખાતે રમાઈ હતી, જે ભારત-અફઘાનિસ્તાન વચ્ચે રમાયેલી છેલ્લી અને એકમાત્ર ટેસ્ટ હતી. હવે બંને ટીમો ન્યુ ચંદીગઢમાં બીજી વખત ટેસ્ટ મેચમાં આજે ટકરાઈ છે. પહેલી અને બીજી ટેસ્ટ વચ્ચે આઠ વર્ષ વીતી ગયા છે. પ્રશ્ન એ છે કે, આ દરમિયાન ટીમ ઈન્ડિયામાં કેટલો ફેરફાર થયો છે? અહીં, પરિવર્તનનો અર્થ પ્લેઈંગ ઈલેવનમાં રમતા ખેલાડીઓનો થાય છે.

અફઘાનિસ્તાન સામેની પહેલી ટેસ્ટમાં ટીમ ઈન્ડિયાના પ્લેઈંગ ઈલેવનના ૧૧ ખેલાડીઓમાંથી દસ ખેલાડીઓ આ વખતે પ્લેઈંગ ઈલેવનનો ભાગ નહીં હોય. કેએલ રાહુલ એકમાત્ર ખેલાડી છે જે આ વખતે પણ રમતો જોવા મળશે. કેએલ રાહુલ ભારતની વર્તમાન ટેસ્ટ ટીમનો વાઈસ કેપ્ટન પણ છે. અફઘાનિસ્તાન સામેની છેલ્લી ટેસ્ટમાં રમનાર પ્લેઈંગ ઈલેવન પર એક નજર કરીએ તો મુરલી વિજય, શિખર ધવન, કેએલ રાહુલ, ચેતેશ્વર પુજારા, અજિંક્ય રહાણે (કેપ્ટન), દિનેશ કાર્તિક, હાર્દિક પંડ્યા, આર.અશ્વિન, રવિન્દ્ર જાડેજા, ઈશાંત શર્મા અને ઉમેશ યાદવ.

અફઘાનિસ્તાન સામેની છેલ્લી ટેસ્ટ માટે પ્લેઈંગ ઈલેવનનો ભાગ રહેલા મુરલી વિજય, શિખર ધવન, દિનેશ કાર્તિક અને આર. અશ્વિન આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ ચૂક્યા છે. પૂજારા, રહાણે, ઈશાંત અને ઉમેશે નિવૃત્તિની જાહેરાત કરી નથી, પરંતુ લાંબા સમયથી ટેસ્ટ ક્રિકેટથી દૂર છે. રવિન્દ્ર જાડેજાને અફઘાનિસ્તાન સામેની ટેસ્ટ મેચમાંથી આરામ આપવામાં આવ્યો છે. દરમિયાન, હાર્દિક પંડ્યાએ ફિટનેસની ચિંતાઓને કારણે ઘણા સમય પહેલા જ ટેસ્ટ ક્રિકેટથી દૂરી બનાવી લીધી છે.

# નિવૃત્તિ લેતાં જ વિદેશી લીગમાં રમતા પ્લેયર્સ પર બીસીસીઆઈ લાલઘૂમ : ૫ વર્ષનો કડક નિયમ લાવવાની તૈયારી

(એજન્સી દ્વારા)


નવીદિલ્હી : ભારતીય ક્રિકેટ બોર્ડની તાજેતરમાં ૪ જૂનના રોજ એપેક્સ કાઉન્સિલની એક મહત્ત્વની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ઘણા મોટા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી, જેમાં સૌથી મહત્ત્વનો મુદ્દો એ હતો કે ભારતીય ખેલાડીઓ નિવૃત્તિ લીધા પછી તરત જ વિદેશી લીગમાં રમવા જતા રહે છે તેને કેવી રીતે રોકવા. બોર્ડ હવે આવા ખેલાડીઓ માટે ‘કૂલિંગ ઓફ પીરિયડ’નો કડક નિયમ લાગુ કરવાની તૈયારી કરી રહ્યું છે.

તાજેતરમાં જ ભારતીય ક્રિકેટ ટીમના ઓલરાઉન્ડર વિજય શંકરે નિવૃત્તિની જાહેરાત કરી હતી. આ જાહેરાતના તરત જ બાદ સમાચાર આવ્યા કે તેઓ લંકા પ્રીમિયર લીગમાં રમતા જોવા મળશે. સમાચારની આ ટાઈમિંગ સ્પષ્ટ ઈશારો કરે છે કે તેમણે વિદેશી લીગમાં રમવા માટે જ સંન્યાસ લીધો છે. હવે બીસીસીઆઈએ આવા કિસ્સાઓનો સામનો કરવા માટે એક મોટો પ્લાન તૈયાર કર્યો છે.

એક રિપોર્ટ મુજબ બીસીસીઆઈ નિવૃત્ત થયેલા ખેલાડીઓ માટે ૫ વર્ષનો ‘કૂલિંગ ઓફ પીરિયડ’ નિયમ લાગુ કરવાનું વિચારી રહ્યું છે. આ નિયમનો અર્થ એ થશે કે જો કોઈ ખેલાડી નિવૃત્તિ જાહેર કર્યા પછી વિદેશની કોઈ લીગમાં રમશે, તો તે આગામી ૫ વર્ષ સુધી ભારતીય ક્રિકેટના કોઈ પણ ભાગ અથવા પ્રવૃત્તિ સાથે જોડાઈ શકશે નહીં. આ મુદ્દે અંતિમ નિર્ણય બીસીસીઆઈ પ્રમુખ મિથુન મન્હાસ અને સેક્રેટરી દેવજીત સૈકિયા લેવાના છે.

બીસીસીઆઈની વર્તમાન પોલિસી અનુસાર કોઈ પણ સક્રિય આંતરરાષ્ટ્રીય ભારતીય ખેલાડી, ડોમેસ્ટિક ક્રિકેટર કે આઈપીએલ રમતો ખેલાડી વિદેશી લીગમાં ભાગ લઈ શકતો નથી. ખેલાડીઓ વિદેશી લીગમાં માત્ર એક જ શરતે રમી શકે છે, જ્યારે તેઓ ભારતીય ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી સત્તાવાર રીતે સંન્યાસ લઈ લે.

# “ઉંમર નહીં, જુસ્સો જુઓ...” આલોચકો પર વરસ્યા રોહિત શર્માના બાળપણના કોચ, ૨૦૨૭ વર્લ્ડ કપ અંગે કર્યો મોટો દાવો



(એજન્સી દ્વારા) નવીદિલ્હી : ટીમ ઈન્ડિયાના પૂર્વ કેપ્ટન રોહિત શર્માની ફિટનેસ અને ભવિષ્યને લગતા પ્રશ્નો વચ્ચે તેના બાળપણના કોચ દિનેશ લાડે એક મહત્વપૂર્ણ નિવેદન આપ્યું છે. લાડ માને છે કે અનુભવી બેટ્સમેન રોહિત શર્માને કંઈપણ સાબિત કરવાની જરૂર નથી અને તે ચોક્કસપણે ૨૦૨૭ વન ડે વર્લ્ડ કપમાં રમશે. તેમણે ટીકાકારોને પણ જવાબ આપતા કહ્યું કે રોહિતે ફક્ત તેની રમતનો આનંદ માણવો જોઈએ અને બહારની વાત પર ધ્યાન આપવું ન જોઈએ. તાજેતરના મહિનાઓમાં રોહિત શર્માની ફિટનેસ અને ફોર્મ અંગે પ્રશ્નો ઉભા થયા છે. ન્યુઝીલેન્ડ સામેની છેલ્લી વન ડે શ્રેણીમાં તેનું પ્રદર્શન અપેક્ષાઓ પર ખરું ઉતર્યું ન હતું, જેના કારણે ઘણા પૂર્વ ખેલાડીઓ અને નિષ્ણાતો તેના ભવિષ્યની ચર્ચા કરવા લાગ્યા. જોકે દિનેશ લાડ આ ટીકાઓ સાથે અસંમત છે. એક સમાચાર એજન્સી સાથે વાત કરતા દિનેશ લાડે કહ્યું, "કોચ તરીકે મને નથી લાગતું કે રોહિત શર્માને કોઈને કંઈ સાબિત કરવાની જરૂર છે. તે ૨૦૨૭નો વનડે વર્લ્ડ કપ જીતવા માંગે છે અને તે લક્ષ્ય વિશે સંપૂર્ણપણે સ્પષ્ટ છે. તેની ઉંમર વિશે વાતો થઈ રહી છે, પરંતુ તે હજુ પણ સંપૂર્ણપણે ફિટ છે." દિનેશ લાડે કહ્યું કે ભારતીય ટીમને મોટી ટુર્નામેન્ટમાં રોહિત શર્માના અનુભવની જરૂર પડશે. તેમણે કહ્યું કે રોહિતની ટેકનિકમા કોઇ કમી આવી નથી. ૫૦ ઓવરના ક્રિકેટમાં તેની બેટિંગ શૈલી હજુ પણ ખૂબ અસરકારક છે. તેમણે કહ્યું, "ટીકા કરવી લોકોનું કામ છે, પરંતુ જો ભારત ફાઈનલમાં પહોંચવા માંગે છે, તો તેમને રોહિત જેવા ખેલાડીની જરૂર પડશે. તેની ટેકનિક શાનદાર છે. તે ઈનિંગ્સ કેવી રીતે સંભાળવી તે જાણે છે અને મોટા શોટ પણ રમી શકે છે." આઈપીએલમાં પણ તેણે ફક્ત ચોગ્ગા અને છગ્ગા જ નહીં, પણ જવાબદારીપૂર્વક બેટિંગ પણ કરી, સિંગલ્સ અને ડબલ્સ લીધા.

## ટી૨૦ વર્લ્ડ કપ પહેલાં ભારતીય મહિલા ટીમની ઓપનિંગ જોડીનો ફ્લોપ શો ચિંતાજનક



(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : વિમેન્સ ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં ભારતીય ટીમના વિજયી અભિયાન માટે ઓપનિંગ ભાગીદારી મહત્ત્વપૂર્ણ સાબિત થશે. જોકે ૧૨ જૂનથી શરૂ થતા વર્લ્ડ કપના ગણતરીના દિવસો પહેલાં ભારતની ઓપનિંગ જોડીનો ફ્લૉપ શો જોવા મળ્યો છે. સ્મૃતિ માન્ધના અને શફાલી વર્માએ ઇંગ્લૅન્ડ સામે ત્રણ ટી૨૦ મૅચમાં અનુક્રમે ૦, ૨૭ અને ૧૯ રનની જ ભાગીદારી કરી છે.

ઇંગ્લૅન્ડ સામેની સિરીઝમાં ઓપનર્સ સ્મૃતિ માન્ધનાએ ૧૧૪.૨૮ના સ્ટ્રાઇક-રેટથી ૪૦ રન અને શફાલી વર્માએ ૧૫૨.૧૭ના સ્ટ્રાઇક-રેટથી માત્ર ૩૫ રન કર્યા છે. આ જોડી વિમેન્સ ટી૨૦ ઇન્ટરનૅશનલમાં ૩૦૦૦ પ્લસ રનની ભાગીદારી કરનાર પહેલી જોડી છે.

## પ્રજ્ઞાનાનંદા બન્યા નોર્વેના ચેસ ચેમ્પિયન, પ્રજ્ઞાનનું શું છે વૈભવ સૂર્યવંશી કનેક્શન



(એજન્સી દ્વારા)

નવી દિલ્હીઃ ચેસની દુનિયાની સૌથી પ્રતિષ્ઠિત ’નોર્વે ચેસ’ ચેમ્પિયનશીપમાં તમિલનાડુના ગ્રાન્ડમાસ્ટર આર. પ્રજ્ઞાનાનંદાએ ભારતનો ડંકો વગાડી દીધો છે. પ્રજ્ઞાનાનંદાએ ટૂર્નામેન્ટની પોતાની છેલ્લી મેચમાં જર્મનીના વિન્સેન્ટ કેમરને હરાવીને ૩ પોઈન્ટ મેળવ્યા અને ૧૮ પોઈન્ટ સાથે નોર્વે ચેસ ચેમ્પિયન બની ગયા.

ટૂર્નામેન્ટના ૧૦મા એટલે કે ફાઈનલ રાઉન્ડ પહેલાં ૨૦ વર્ષના ગ્રાન્ડમાસ્ટર પ્રજ્ઞા ૧૫ પોઈન્ટ સાથે ટૂર્નામેન્ટમાં ફિલિપિનો-અમેરિકન ગ્રાન્ડમાસ્ટર વેસ્લી સો (૧૫.૫) કરતાં અડધો પોઈન્ટ પાછળ ચાલી રહ્યા હતા.

## આઈપીએલ પ્રત્યે સખત વલણ અપનાવીશું તો કદાચ જોફ્રા આર્ચર જેવા ખેલાડીઓ અમારા માટે ફરી નહીં રમેઃ બેન સ્ટોક્સ



(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : આઈપીએલ ૨૦૨૬માં રાજસ્થાન રૉયલ્સ માટે રમનાર ફાસ્ટ બોલર જોફ્રા આર્ચરને ગઈ કાલે ન્યુ ઝીલૅન્ડ સામેની પહેલી ટેસ્ટ-મૅચમાં ઇંગ્લૅન્ડ ટીમ-મૅનેજમેન્ટે આરામ આપ્યો હતો. ભારતની લીગમાં ભાગ લેવાને કારણે જોફ્રા આર્ચર નૅશનલ ડ્યુટી ચૂકી રહ્યો છે એ વાતને લઈને ક્રિકેટ-નિષ્ણાતોએ પ્રશ્નો ઊભા કર્યા છે. ઇંગ્લૅન્ડના પ્લેયર્સના આઇપીએલમાં રમવા માટેના નિયમો સખત બનાવવાની પણ માગણી થઈ રહી છે. આ બાબતે અંગ્રેજ ટીમનો કૅપ્ટન બેન સ્ટોક્સ કહે છે, ‘હવે ક્રિકેટરો પાસે રમવા માટે ઘણી તકો છે જે ૧૦, ૧૫, ૨૦ વર્ષ પહેલાં નહોતી. તમે ઇચ્છો તે દરેક વ્યક્તિ તમારા માટે ટીમમાં રમે એ એક આદર્શ પરિસ્થિતિ છે.

**યુદ્ધ અને મોંઘા ઇંધણની મહામારી**

# કચ્છમાં શાળાના યુનિફોર્મ, બેગ અને શૂઝ-મોજાના ભાવમાં ૧૦ ટકા સુધીનો તોતિંગ વધારો

## આગામી ૮ જૂનથી નવા શૈક્ષણિક સત્રના શ્રીગણેશ પૂર્વે ખરીદી માટે બજારોમાં વાલીઓની ભીડ જામી : મધ્યમવર્ગીય કચ્છી પરિવારોનું બજેટ ખોરવાયું

ભુજ - કચ્છઉદય : અમેરિકા અને ઇઝરાયેલ દ્વારા ઇરાન સાથે ચાલી રહેલા વૈશ્વિક યુદ્ધ તેમજ પેટ્રોલ-ડીઝલના સતત વધતા ભાવની સીધી અને આકરી અસર હવે સરહદી જિલ્લા કચ્છના વિદ્યાર્થીઓના અભ્યાસક્રમની ચીજવસ્તુઓ પર જોવા મળી રહી છે.

આગામી ૮ જૂનના રોજ ઉનાળુ વેકેશન પૂર્ણ થતાંની સાથે જ સમગ્ર કચ્છ જિલ્લામાં નવું શૈક્ષણિક સત્ર શરૂ થવા જઈ રહ્યું છે. આ પૂર્વે ભુજ, ગાંધીધામ અને અંજાર સહિતના મુખ્ય મથકો પર બાળકોના શાળાના યુનિફોર્મ, બેગ, શૂઝ તેમજ મોજાની ખરીદી માટે વાલીઓની ભારે ભીડ ઉમટી રહી છે.

જોકે, ચાલુ વર્ષે વિદ્યાર્થીઓની સ્કૂલ યુનિફોર્મ સહિતની સામગ્રીમાં ૭ ટકા થી ૧૦ ટકા જેટલો તોતિંગ ભાવવધારો ઝીંકાયો હોવાથી આ મોંઘવારી વચ્ચે પોતાના સંતાનોને શિક્ષણ આપવું કચ્છી વાલીઓ માટે અત્યંત આકરૂં સાબિત થઈ રહ્યું છે.

વર્ષો જૂના કપડાં બજારના વેપારીઓના જણાવ્યા અનુસાર, આજથી એકાદ દાયકા પહેલા પરિસ્થિતિ એવી હતી કે શાળા શરૂ થવાના બે મહિના અગાઉથી જ ખરીદીની સીઝન શરૂ થઈ જતી હતી. પરંતુ હવે સમય બદલાયો છે અને વાલીઓ છેલ્લી ઘડીએ જ બજારમાં ધસારો કરતા હોવાથી આ સીઝનનો ગાળો ટૂંકો થઈને માત્ર ૮થી ૧૦ દિવસનો જ રહી ગયો છે. વૈશ્વિક સ્તરે ચાલી રહેલા યુદ્ધના કારણે રો-મટીરિયલ એટલે કે કાચો માલ મોંઘો થયો છે.

ગુજરાત અને કચ્છમાં મોટાભાગે મહારાષ્ટ્ર, ભિવંડી, ભીલવાડા અને લુધિયાણાથી કાપડ અને તૈયાર યુનિફોર્મ મંગાવવામાં આવે છે. ત્યાંથી જ ટ્રાન્સપોર્ટેશન અને કોસ્ટિંગ ઊંચું આવતા સ્થાનિક બજારમાં ભાવ વધારવાની વેપારીઓને ફરજ પડી છે. હાલની સ્થિતિએ પ્રાથમિક અને કે.જી.ના નાના બાળકના સ્કૂલ યુનિફોર્મ, શૂઝ અને મોજાનો એક સેટ જ રૂ.૧,૧૦૦થી રૂ.૧,૫૦૦ સુધીની ઊંચી કિંમતે પહોંચી ગયો છે. સ્થાનિક બજારોમાં ખરીદી કરવા આવેલા મધ્યમવર્ગીય વાલીઓએ પોતાની વ્યથા ઠાલવતા જણાવ્યું હતું કે, મોંઘવારી અત્યારે આસમાને પહોંચી છે.

મર્યાદિત પગાર અને આવકમાં ઘર ચલાવવું કે બાળકોની મોંઘી ફી અને કપડાં-બેગના ખર્ચાને પહોંચી વળવું તે એક મોટો સવાલ છે. માસિક બજેટ સંપૂર્ણપણે ખોરવાઈ ગયું હોવા છતાં, બાળકોના ભવિષ્ય અને શિક્ષણ સાથે બાંધછોડ ન કરી શકાય એટલે ગમે તેમ કરીને, પેટે પાટા બાંધીને પણ વાલીઓએ આ ખર્ચ એડજસ્ટ કરવો પડી રહ્યો છે.

## વાલીઓ માટે રાહત : સરકારી પાઠ્યપુસ્તકોના ભાવ સ્થિર

ભુજ - કચ્છઉદય : મોંઘવારીના આ કપરા સમયમાં કચ્છના વાલીઓ માટે એકમાત્ર રાહતના સમાચાર પાઠ્યપુસ્તક બજારમાંથી આવ્યા છે. આ વર્ષે પાઠ્યપુસ્તકોનો સ્ટોક પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ હોવાથી વાલીઓએ પુસ્તકો મેળવવા માટે અગાઉની જેમ હેરાન થવું નહીં પડે. બુક સ્ટોર્સના સંચાલકોના જણાવ્યા મુજબ, સરકારી ટેક્સ્ટ બુક જીએસટી મુક્ત હોવાના કારણે આ વખતે પુસ્તકોની કિંમતમાં કોઈ જ વધારો કરવામાં આવ્યો નથી. હાલમાં સરકારના એક પાઠ્યપુસ્તકનો વધુમાં વધુ ભાવ માત્ર રૂ.૬૫ જ રાખવામાં આવ્યો છે, જેથી પુસ્તકોની ખરીદીમાં વાલીઓના ગજવા પર વધારાનો બોજ નહીં પડે.

# ભુજ-નલિયા રેલવે લાઇન પર મુસાફર ટ્રેન શરૂ કરવામાં રેલવે તંત્રની ઉદાસીનતા

નલિયા - કચ્છઉદય : કચ્છના મહત્વકાંક્ષી ભુજ-નલિયા રેલવે લાઇન પ્રોજેક્ટ પર માળખાગત સુવિધાઓ તૈયાર હોવા છતાં અને કમિશનર ઓફ રેલવે સેફટી (સીઆરએસ) દ્વારા મંજૂરી મળી ગઈ હોવા છતાં મુસાફર ટ્રેન સેવાઓ શરૂ કરવામાં થઈ રહેલા અસાધારણ વિલંબ સામે સ્થાનિક જનતામાં વ્યાપક રોષ જોવા મળી રહ્યો છે. આ સમગ્ર મામલે રેલવે પ્રશાસન દ્વારા દાખવવામાં આવી રહેલી બિનપારદર્શક નીતિ અને માહિતી છુપાવવાના પ્રયાસો હવે કેન્દ્રીય માહિતી આયોગ (સીઆઈસી) સમક્ષ પહોંચ્યા છે.

મુંબઈના ઘાટકોપર ખાતે રહેતા જાગૃત નાગરિક મહેન્દ્ર બી. ભાનુશાલીએ ભુજ-નલિયા રેલવે લાઇન અંગે માહિતી અધિકાર (આરટીઆઈ) હેઠળ માગેલી વિગતોમાં રેલવેના અધિકારીઓ દ્વારા અધૂરા, અસ્પષ્ટ અને ગેરમાર્ગે દોરનારા જવાબો આપવામાં આવતા તેમણે નવી દિલ્હી સ્થિત સેન્ટ્રલ ઈન્ફોર્મેશન કમિશનમાં દ્વિતીય અપીલ દાખલ કરી છે. અરજદાર દ્વારા ભુજ-નલિયા રેલવે લાઇનના પ્રારંભિક આયોજન, મંજૂરીઓ, માલગાડીઓથી થયેલી આવક અને મુસાફર ટ્રેન શરૂ ન થવા પાછળના કારણો તેમજ સમયમર્યાદા અંગે પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝન પાસે વિગતવાર માહિતી માગવામાં આવી હતી. આ પ્રોજેક્ટ પર ઓક્ટોબર ૨૦૨૪થી મુસાફર ટ્રેનો દોડાવવા માટે સીઆરએસની લીલી ઝંડી મળી ગઈ હોવાની સત્તાવાર કબૂલાત રેલવે તંત્રએ કરી છે, પરંતુ ટ્રેન ક્યારથી શરૂ થશે તેની કોઈ ચોક્કસ સમયરેખા કે વિલંબના કારણો આપવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો છે. પશ્ચિમ રેલવેના સેન્ટ્રલ પબ્લિક ઈન્ફોર્મેશન ઓફિસર (સીપીઆઈઓ) અને પ્રથમ અપીલીય સત્તાધિકારી દ્વારા આરટીઆઈ હેઠળના પ્રશ્નોના જવાબોમાં માત્ર પદચ્છેદનો હવાલો આપીને વારંવાર અસ્પષ્ટ જવાબો આપવામાં આવ્યા હતા, જે પારદર્શિતાના કાયદાના હેતુને જ પરાસ્ત કરે છે. રેલવેના સ્થાનિક અધિકારીઓએ એવો બચાવ કર્યો છે કે ભુજ-નલિયા રૂટ પર મુસાફર ટ્રેનો શરૂ કરવાનો નિર્ણય રેલવે બોર્ડના કાર્યક્ષેત્રમાં આવે છે. જોકે, નિયમ અનુસાર આ અરજી સંબંધિત સત્તામંડળને ટ્રાન્સફર કરવાને બદલે રેલવે તંત્રએ અરજદારને અધૂરી વિગતો આપીને સંતોષ માનવા મજબૂર કર્યા હતા. અખબારોમાં ટૂંક સમયમાં ટ્રેન શરૂ થવાના અહેવાલો અંગે પણ રેલવે પ્રશાસને પોતાની સત્તાવાર સ્થિતિ સ્પષ્ટ કરી નથી. કરોડો રૂપિયાના ખર્ચે તૈયાર થયેલું રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ધૂળ ખાઈ રહ્યું છે અને જાહેર જનતા હજુ પણ સુવિધાથી વંચિત છે ત્યારે આ મામલે વ્યાપક જાહેર હિત સંકળાયેલું હોવાનું જણાવી બેજવાબદાર સત્તાધીશો સામે કાયદાકીય પગલાં લેવામાં આવે અને ભુજ-નલિયા રેલવે લાઇનના વિલંબ પાછળની તમામ ફાઈલો તેમજ આયોજનની વિગતો સાર્વજનિક કરવામાં આવે તેવી અરજદારે કેન્દ્રીય માહિતી આયોગ પાસે માગ કરી હતી.

# ૧૧મી જૂનથી કચ્છમાં ધો.૧૦-૧૨ની પૂરક પરીક્ષાઓ યોજાશે

ભુજ - કચ્છઉદય : ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ધોરણ-૧૦ અને ધોરણ-૧ ની જૂન-૨૦૨૬ પૂરક પરીક્ષાઓ તા.૧૧/૬ થી તા.૨૦/૬ દરમિયાન યોજાનારી છે. આ પરીક્ષાઓ દરમિયાન પરીક્ષા કેન્દ્રના સ્થળ તથા તેની આજુબાજુના વિસ્તારમાં સલામતીની વ્યવસ્થા ગોઠવવા સરકાર દ્વારા જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે જેને લઈને અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા ડી.પી. ચૌહાણ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે, જેમાં આ પ્રતિબંધો ૨૧ પરીક્ષા કેન્દ્રો તથા બિલ્ડીંગોના ૧૦૦ મીટર ત્રિજ્યાના વિસ્તારમાં તા.૧૧/૬ના સવારના ૬ થી તા.૨૦/૬ના રાત્રિના ૮ કલાક સુધી અમલમાં રહેશે. જાહેરનામા મુજબ પરીક્ષા કેન્દ્રોની આસપાસ ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં કોઈ પણ માર્ગ ઉપર ચોકમાં કે ગલીમાં ચાર કરતા વધારે લોકોએ એકઠા થવું નહીં, સરઘસો કાઢવા નહીં તેમ જ મોટા અવાજે લાઉડ સ્પીકર વગાડવા નહીં. પરીક્ષા કેન્દ્રોની આસપાસના ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં કોપીઈંગ મશીન દ્વારા કોપીઓ કરવાનો વ્યવસાય કરતા ધંધાર્થીઓ -કોપીઈંગ મશીન ધારકોએ તેઓના કોપીઈંગ મશીનો ચલાવવા નહીં તથા પરીક્ષા કેન્દ્રોમાં કોઈપણ વ્યક્તિએ વાયરલેસ ડીવાઈસીસ જેવા કે બ્લુટુથ, પેન કેમેરા, મોબાઈલ કે ઈન્ટરનેટ સાથે કનેક્ટેડ ઈલેક્ટ્રોનિક ઉપકરણો લઈ જવા મનાઈ ફરમાવાઈ છે.

# ભુજની મથુરા ગ્રીન્સ સોસાયટી ખાતે માટી પટ્ટી થેરાપી અને મેડિટેશન શિબિરનું આયોજન





ભુજ - કચ્છઉદય : શહેરની મથુરા ગ્રીન્સ સોસાયટી ખાતે જલિયાણ વેલનેસ સેન્ટરના ઉપક્રમે એક વિશેષ સ્વાસ્થ્યલક્ષી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં સોસાયટીના રહેવાસીઓ માટે માટી પટ્ટી થેરાપી અને ધ્યાન એટલે કે મેડિટેશન સેશનનું આયોજન કરવામાં આવ્યું છે, જેનો લાભ મોટી સંખ્યામાં રહેવાસીઓ લઈ રહ્યા છે. આ અંગે પોતાના પ્રતિભાવ આપતા સોસાયટીના રહેવાસી અને નગરપાલિકાના પૂર્વ ઉપપ્રમુખ ઘનશ્યામભાઈ સી. ઠક્કરે જણાવ્યું હતું કે, જલિયાણ વેલનેસ સેન્ટર દ્વારા સોસાયટીના લોકો માટે માટી પટ્ટીનો જે અદભુત કાર્યક્રમ યોજાયો છે તેની અનુભૂતિ અત્યંત સકારાત્મક રહી છે. પ્રથમ વખત આ પ્રકારનો અનુભવ કરી રહેલા લોકોને પોતાના સ્વાસ્થ્ય માટે આ થેરાપી ખૂબ જ જરૂરી અને

**જલિયાણ વેલનેસ સેન્ટરના ઉપક્રમે આયોજિત શિબિરનો સોસાયટીના રહેવાસીઓ ઉત્સાહભેર લઈ રહ્યા છે ભાગ**

ઉપયોગી લાગી હતી. આ ઉપરાંત, કાર્યક્રમમાં ઉપસ્થિત મહિલાઓએ પણ પોતાના અનુભવને વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, આ સેશન આંખ અને પેટના સ્વાસ્થ્ય માટે ખૂબ જ ગુણકારી રહ્યું છે અને દરરોજ આ પ્રકારના અભ્યાસ કરવાથી ઉત્તમ પરિણામો મળી શકે તેમ છે.

કુદરતી ઉપચાર અને વૈકલ્પિક થેરાપી તરફ લોકોનું ઝુકાવ વધતા આ પ્રાચીન પદ્ધતિ ફરીથી લોકપ્રિય બની રહી છે. ઉનાળાની ઋતુમાં શરીરને શીતળતા આપતી થેરાપી તરીકે લોકો તેને અપનાવી રહ્યા છે. મથુરા ગ્રીસમાં પણ લોકો નેચરોપેથી માટી પટ્ટી થેરાપી કરાવી રહ્યા છે. માટી પટ્ટીમાં શરીરના વિવિધ ભાગો પર માટીનો લેપ લગાવવામાં આવે છે ખાસ કરીને આંખો, પેટ, માથું અને પગ પર આ પ્રયોગ કરવામાં આવે છે. નેચરોપેથી નિષ્ણાતોનું માનવું છે કે માટી શરીરમાંથી ગરમી ઘટાડવામાં મદદરૂપ થાય છે અને શરીરને આરામ આપે છે. ઉનાળાની ઋતુમાં થાક, તણાવ અને ગરમીથી થતી અસવસ્થતામાં લોકો આ થેરાપી તરફ વધુ આકર્ષાઈ રહ્યા છે. આ થેરાપીમાં મિનરલ્સ યુક્ત માટીનો ઉપયોગ કરવામાં આવે છે. તેનો લેખ બનાવી શરીરના વિવિધ અંગો પર લગાડવામાં આવે છે. મથુરા ગ્રીન્સ સોસાયટીના રહેવાસીઓએ ભુજ સહિત કચ્છની જનતાને જલિયાણ મેડિટેશનનો સંપર્ક કરી નિયમિત રીતે આ થેરાપીનો લાભ લેવા પર ભાર મૂક્યો હતો.

# ૭મી જૂને કચ્છમાં જીપીએસસીની પરીક્ષા યોજાશે

ભુજ - કચ્છઉદય : ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા આયોજિત કુલ ચાર જાહેરાતોની સામાન્ય અભ્યાસની સંયુક્ત પરીક્ષાની પ્રિલિમિનરી પરીક્ષા તા.૭/૬ના સવારે ૧૧ થી ૧૪ દરમિયાન યોજાનાર છે. આ પરીક્ષા દરમિયાન પરીક્ષા કેન્દ્રના સ્થળ તથા તેની આજુબાજુના વિસ્તારમાં સલામતીની વ્યવસ્થા ગોઠવવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ ડી.પી.ચૌહાણ દ્વારા ભુજ શહેરના ૯ પરીક્ષા કેન્દ્રો ઓલ્ફ્રેડ હાઈસ્કૂલ, સેન્ટર-એ (મહાદેવ ગેટ પાસે, હમીરસર તળાવની સામે, ભુજ-કચ્છ), ઓલ્ફ્રેડ હાઈસ્કૂલ, સેન્ટર-બી (મહાદેવ ગેટ પાસે, હમીરસર તળાવની સામે, ભુજ-કચ્છ), ઈન્દ્રાબાઈ ગર્લ્સ હાઈસ્કૂલ, ભુજ યુનિટ-૧ (નવા એસ.ટી.બસ સ્ટેશન સામે, ભુજ-કચ્છ), ઈન્દ્રાબાઈ ગર્લ્સ હાઈસ્કૂલ, ભુજ યુનિટ-૨ (નવા એસ.ટી.બસ સ્ટેશન સામે, ભુજ-કચ્છ), શેઠ વી.ડી.હાઈસ્કૂલ, ભુજ (ઈન્દ્રાબાઈ પાર્ક સામે, માતૃછાયા માર્ગ, ભુજ-કચ્છ), માતૃછાયા કન્યા વિદ્યાલય, ભુજ (માતૃછાયા માર્ગ, સંતોષીમાના મંદિર પાસે, ભુજ-કચ્છ), જૈનાચાર્ય અજરામરજી સ્કૂલ, ભુજ (અજરામરજી ચોક, રોટરી હોલ સામે, હોસ્પિટલ રોડ, ભુજ-કચ્છ), સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ, ભુજ (આરટીઓ ઓફિસની સામે, કેમ્પ એરિયા, માધાપર હાઈવે, ભુજ-કચ્છ) અને સેન્ટ એન્ડ્રૂઝ હાઈસ્કુલ, ભુજ (હરીપર-ટપકેશ્વરી રોડ, ભુજ-કચ્છ) ખાતે બિલ્ડીંગના ૧૦૦ મીટર ત્રિજ્યાના વિસ્તારમાં તા.૭/૬ના સવારના ૬ કલાકથી સાંજના ૬ કલાક સુધી વિવિધ પ્રતિબંધ ફરમાવેલ છે.

# પીવાના પાણી અંગે ધારાસભ્ય કેશુભાઈની અધ્યક્ષતામાં બેઠક મળી



**પાણી પુરવઠા અધિકારીઓ સાથે ચર્ચા કરાઈ : કાયમી ધોરણે નિયમિત પાણી પુરવઠો પુરો પાડવા ચર્ચા કરાઈ**

ભુજ ખાતે નાયબ કલેકટરની કચેરીએ ધારાસભ્ય કેશુભાઈ પટેલ, નાયબ કલેકટર અને પાણી પુરવઠા બોર્ડના ઉચ્ચ અધિકારીઓ સાથે પીવાના પાણીની સમસ્યા અંગે બેઠક મળી હતી, જેમાં કાયમી ધોરણે નિયમિત પાણી પુરવઠો પુરતા પ્રમાણમાં મળી રહે તે બાબતે અધિકારીઓ સાથે ચર્ચા કરવામાં આવી હતી.

તમામ નાગરિકોને અને પશુધન ને પાણી પુરવઠો સમયસર મળી રહે તે હેતુથી વિવિધ ભુજ તાલુકાના ગ્રામીણ વિસ્તારના જીલ્લા, તાલુકા પંચાયતના સદસ્યો અને સરપંચ અને વિવિધ આગેવાનો હાજરીમાં વિવિધ સુચનાઓ આપી વહેલી તકે પાણી પુરવઠો મળે તે બાબતે ખાસ ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

# ભુજના જેબુનીશા ખત્રીને સરકારે માર્કેટીંગ પ્લેટફોર્મ આપતા બાંધણીના બિઝનેસને મળી નવી ઓળખ

**ઘર બેઠા વેચાણ કરતા જેબુનીશા બેનને બજાર મળતા ભારત ભરના ગ્રાહકો સાથે જોડાયો નાતો**




ભુજ - કચ્છઉદય : ચાર પેઢીથી બાંધણીના વ્યવસાય સાથે સંકળાયેલા પરિવારના જેબુનીશાબેન ખત્રી ઘેરથી બાંધણીની વિવિધ પ્રોડક્ટના વેંચાણનું કામ કરતા હતા પરંતુ રાજ્ય સરકારનો સાથ મળતા આજે ભુજના જેબુનીશાબેન પોતાનો વ્યવસાય સમગ્ર ભારત સુધી વિસ્તારી શક્યા છે. કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા મળતા માર્કેટીંગ પ્લેટફોર્મ થકી તેમને ઓળખ મળતા તેમની સિમિત આવકમાં નોંધપાત્ર વધારો થયો છે.

જેબુનીશાબેન ખત્રીએ જણાવ્યું હતું કે, બંધેજનું કામ અમારા લોહીમાં છે. અમારી ચાર પેઢી બાંધણીની કલાકારીગરી સાથે સંકળાયેલી છે. સાડી, દુપટ્ટા, ડ્રેસ, કુર્તા જેવી અનેક વેરાયટી અમે બનાવીએ છીએ. કંઈક આવક થઈ શકે તે માટે હું ઘર બેઠા જ આ બધી પ્રોડક્ટનું વેંચાણ કરતી હતી. પરંતુ કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા મહિલા તથા કારીગરોને અપાતા યોજનાકીય પ્રોત્સાહન થકી મને પણ ખૂબ લાભ થયો છે.

ઘરની ચાર દિવાલ બહાર નીકળીને આજે હું મારા નાનકડા બિઝનેસ દેશના વિવિધ રાજ્યોના ગ્રાહકો સુધી લઈ જઈ શકી છું. કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા આયોજીત થતાં વેચાણ મેળામાં ભાગ લઈને સમગ્ર ભારત સુધી કચ્છની બાંધણીને ઓળખ અપાવી છે. તેઓએ ઉમેર્યું હતું કે, પહેલા ભુજ સુધી ગ્રાહકો સિમિત હતાં પરંતુ હવે અનેક રાજ્યોમાં વેચાણમેળામાં ભાગ લીધો હોવાથી ઘર બેઠા ઓર્ડર મળતા રહે છે. આમ, ઘર બેઠા થતી સિમિત આવકમાં નોંધપાત્ર વધારો થયો છે. ગ્રાહકો સાથે સીધું જોડાણ હોવાથી નફો પણ સારો મળી રહે છે. તેમણે માર્કેટીંગ પ્લેટફોર્મ તથા અન્ય યોજનાકીય લાભ આપવા બદલ કેન્દ્ર અને રાજ્ય સરકારનો આભાર વ્યકત કર્યો હતો.

# રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ હેઠળ પાલનપુરની ૪ માસની આર્યાને મળ્યું નવજીવન



**જન્મજાત હૃદયની ગંભીર ખામી ધરાવતી બાળકીને અમદાવાદ ખાતે નિ:શુલ્ક સારવાર આપી જીવન સુરક્ષિત કરાયું**

ભુજ - કચ્છઉદય : સરકારનો રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ બાળકો માટે વરદાનરૂપ છે. તાજેતરમાં કચ્છના નખત્રાણા તાલુકાની આરબીએસટી દ્વારા આંગણવાડીની નિયમિત મુલાકાત દરમિયાન પાલનપુર ગામની બાળકી આર્યા મીત પટેલને જન્મજાત હૃદયની ખામી હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી હતી.

બાળકીની વધુ તપાસ માટે વાલીઓને સમજાવી હોવાનું નિદાન થયું. ટીમે તાત્કાલિક જરૂરી દસ્તાવેજી કાર્યવાહી પૂર્ણ કરીને બાળકીનો કેસ ઉચ્ચ કક્ષાની સારવાર માટે મોકલ્યો. ત્યારબાદ તા. ૨૧-૪ના સારવારની પ્રક્રિયા શરૂ કરવામાં આવી અને તા. ૧૬/૦૫/૨૦૨૬ ના રોજ અમદાવાદ સ્થિત યુએન મહેતા હોસ્પિટલ ખાતે સફળ હૃદય સર્જરી કરવામાં આવી. સર્જરી બાદ બાળકીના સ્વાસ્થ્યમાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે અને હાલમાં તે સ્વસ્થ જીવન તરફ આગળ વધી રહી છે. આ સમગ્ર પ્રક્રિયામાં આરબીએસકે ટીમ, પીએચસી નિરોણા, તાલુકા આરોગ્ય તંત્ર અને વાલીઓના સહકારથી બાળકીને સમયસર જીવનદાયી સારવાર મળી શકી. આ કામગીરી મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, આરસીએચઓ કચ્છ તથા તાલુકા આરોગ્ય અધિકારી નખત્રાણાના માર્ગદર્શન અને દેખરેખ હેઠળ સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી હતી. તેમના સતત માર્ગદર્શન, મોનિટરિંગ અને આરોગ્ય વિભાગના સંકલિત પ્રયાસોના પરિણામે બાળકીને સમયસર નિદાન, રેફરલ અને ઉચ્ચ કક્ષાની સારવાર ઉપલબ્ધ બની શકી.

આ સફળતા એ સાબિત કરે છે કે, આરબીએસકે કાર્યક્રમ અંતર્ગત કરવામાં આવતી નિયમિત સ્ક્રીનિંગ અને સમયસર રેફરલ દ્વારા ગંભીર જન્મજાત ખામીઓ ધરાવતા બાળકોને પણ નવી જિંદગી આપી શકાય છે. ટીમની સતર્કતા, વાલીઓના સહકાર તથા આરોગ્ય વિભાગના સમયસરના પ્રયાસોથી એક બાળકીનું જીવન સુરક્ષિત બન્યું અને તેને નવી જિંદગી મળી. સફળતા આરોગ્ય વિભાગની પ્રતિબદ્ધતા અને સમયસરની કામગીરીનું ઉત્તમ ઉદાહરણ છે. કામગીરીમાં સહભાગી ડૉ. રાધિકા ચૌહાણ, ડૉ. અજય આર. ત્રિવેદી, જયશ્રીબેન લાબડિયા, ડૉ. રાહુલસિંહ ચૌહાણ, હર્ષાબેન જોષીએ જહેમત ઉઠાવી હતી.

# અમદાવાદમાં કચ્છી ભાનુશાલી સેવા સમાજ દ્વારા દર્દીઓના સગા માટે બે ફ્લેટની વ્યવસ્થા કરાઈ



**સહયોગ કરનારનું સન્માન કરાયું : દાતા તરીકે ગાંધીધામનો ચાંદ્રા પરિવાર રહ્યો**

ભુજ - કચ્છઉદય : અમદાવાદ સારવાર અર્થે આવતા દર્દીઓના પરિવારજનોને આશરો મળી રહે એવા ઉમદા હેતુથી શ્રી કચ્છી ભાનુશાળી સેવા સમાજ અમદાવાદને બે ફ્લેટ ખરીદવાની પવિત્ર જવાબદારી સોંપવામાં આવી હતી. સમાજ દ્વારા પૂર્વ અમદાવાદમાં સિવિલ હોસ્પિટલ નજીક પ્રથમ ફ્લેટની ખરીદી પૂર્ણ કરી લેવામાં આવી છે.

પશ્ચિમ અમદાવાદ માટે ફ્લેટ મેળવવામાં સમાજના યુવા કાર્યકર્તા ખિરાંશુ મનીષ ખીચડા ભાનુશાળીનો મહત્વનો ફાળો રહ્યો છે. ગુરૂકુલ મેટ્રો સ્ટેશનથી ચાલતા અંતરે, નવનિર્મિત શ્રી શૈલ્યરાજ એપાર્ટમેન્ટ્સમાં આ ફ્લેટ આવેલો છે. જે સ્ટર્લિંગ, એસએએલ, સનફ્લાવર, ડીએચએસ, આઈકોનિક, ઝાયડસ અને સિમ્સ હોસ્પિટલની એકદમ નજીક છે. અમદાવાદ સમાજના પ્રમુખ મહેન્દ્રભાઈ, ઉપપ્રમુખ મોહનભાઈ, મહામંત્રી વિશાલભાઈ તથા ટ્રસ્ટી મનીષભાઈએ સ્થળ મુલાકાત લઈ ફ્લેટ કન્ફર્મ કર્યો, ટોકન આપ્યું તથા ખિરાંશુનું સન્માન કર્યું હતું. બીજા ફ્લેટની ટાઈટલ પ્રોસેસ ચાલુ છે અને ૧૫ દિવસમાં સેલ ડીડ પૂર્ણ કરવામાં આવશે. બંને ફ્લેટ માટે દાતા તરીકે રામપર અબડાવાળી હાલે ગાંધીધામનો ચાંદ્રા પરિવારનો સહયોગ આપ્યો છે. શ્રી કચ્છી ભાનુશાળી સેવા સમાજ અમદાવાદ મહાજન ચાંદ્રા પરિવારનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

# ભુજ શહેરમાં બંધ પડેલી સીટી બસ સેવા તાત્કાલિક શરૂ કરવા માંગ



ભુજ - કચ્છઉદય : ભુજ શહેરમાં છેલ્લા કેટલાક સમયથી બંધ પડેલી સીટી બસ સેવાને તાત્કાલિક ધોરણે પુન: શરૂ કરવા માટે સર્વોત્તમ ભુજ સંઘર્ષ સમિતિ દ્વારા ભુજ નગરપાલિકાના પ્રમુખશ્રીને એક લેખિત રજૂઆત કરવામાં આવી છે. સમિતિ દ્વારા પાઠવવામાં આવેલા પત્રમાં જણાવ્યા અનુસાર સીટી બસ સેવા બંધ હોવાને કારણે સ્થાનિક વિદ્યાર્થીઓ, વડીલો અને મહિલાઓને પોતાની રોજિંદી અવરજવરમાં ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. જાહેર પરિવહનની પૂરતી સુવિધા ન હોવાથી નાગરિકોએ ફરજિયાતપણે ખાનગી વાહનો અથવા મોંઘા ભાડાના સાધનો પર આધાર રાખવો પડે છે, જેનાથી સામાન્ય જનતા પર આર્થિક બોજ પણ વધી રહ્યો છે.

સંઘર્ષ સમિતિએ રજૂઆતમાં સીટી બસ સેવા ફરી શરૂ કરવાથી શહેરને થનારા વિવિધ ફાયદાઓ વિશે પણ પ્રકાશ પાડ્યો છે. જો શહેરમાં બસ સેવા નિયમિત બને તો ખાનગી વાહનોનો વપરાશ ઘટશે, જેના કારણે ટ્રાફિકની સમસ્યા હળવી થશે અને માર્ગ અકસ્માતોનું પ્રમાણ પણ નોંધપાત્ર રીતે ઘટાડી શકાશે. આ ઉપરાંત જાહેર પરિવહનનો ઉપયોગ વધવાથી વાહનોના ધુમાડા અને વાયુ પ્રદૂષણ પર નિયંત્રણ લાવી શકાશે, જે શહેરના પર્યાવરણને સ્વચ્છ અને સુધારેલું રાખવામાં મદદરૂપ સાબિત થશે.શહેરના જાગૃત નાગરિકો સાથે કરાયેલી આ રજૂઆતમાં નગરપાલિકાના સત્તાધીશોને પ્રજાના હિત અને સુવિધાને સર્વોપરી ગણીને ભુજમાં સીટી બસ સેવા તાત્કાલિક તેમજ નિયમિત ધોરણે ફરી શરૂ કરવા માટેના જરૂરી આદેશો કરવા અનુરોધ કરાયો હતો. આ વેળાએ ભુપેન્દ્રભાઈ મહેતા, નેહલ વૈદ્ય, દતેશ ભાવસાર, ધર્મેન્દ્રસિંહ ઝાલા, એસ. આઈ. સમા વગેરે હાજર રહ્યા હતા.

**અમિતાભ બચ્ચને ફેસબુક પર સમય બદલાવા અને શીઘ્ર નિર્ણય લેવા અંગે પોસ્ટ મૂકી**

# કામ મળતું રહેશે તો કરવાનો પ્રયત્ન કરીશ: ભુજના ચાહકની 'આરામ' કરવાની સલાહ પર અમિતાભ બચ્ચનનો જવાબ

ભુજ - કચ્છ ઉદય : બોલિવૂડના શહેનશાહ અને 'મેગાસ્ટાર' અમિતાભ બચ્ચન સોશિયલ મીડિયા પર તેમના ચાહકો સાથે અવારનવાર જોડાયેલા રહે છે. તાજેતરમાં તેમણે ફેસબુક પર કરેલી એક પોસ્ટ પર ભુજના તેમના એક ચાહકે તેમને હવે ઉંમરને ધ્યાનમાં રાખીને આરામ કરવાની સલાહ આપી હતી. જેના જવાબમાં સદીના મહાનાયકે એવો રિપ્લાય આપ્યો છે, જે આજે દરેક વ્યક્તિ માટે પ્રેરણારૂપ બની ગયો છે.

શું હતો સમગ્ર મામલો અમિતાભ બચ્ચને ફેસબુક પેજ પર પોતાની એક પોસ્ટ શેર કરી હતી જેમાં તેમણે લખ્યું હતું: "એફબી -૪૬૮૦ 'મહિને કે અંદર સમા બદલ જાતા હૈ, ઈસ લીએ શીઘ્ર નિર્ણય'.

આ પોસ્ટ વાંચીને ભુજના રહેવાસી અને તેમના ચાહક હસુ ઠક્કરે તેમને ટેગ કરતા એક કમેન્ટ કરી હતી. તેમણે લખ્યું હતું કે, બીગબી તો ક્યા સોચા, 'વક્ત ક્યા સોચા... વક્ત કા તકાજા યહી કહતા હૈ અબ આરામ ફરમાએ હુએ દિશા વન પ્રસ્થાન કી ઓર' અમિતાભ બચ્ચન (બિગ બી, સમયનો તકાજો છે કે હવે તમારે આરામ ફરમાવીને નવી દિશા એટલે કે વનપ્રસ્થાન તરફ આગળ વધવું જોઈએ). બિગ બીનો માર્મિક અને પ્રેરણાદાયક રિપ્લાય.

સામાન્ય રીતે સેલિબ્રિટીઝ દરેક કમેન્ટનો જવાબ આપતા નથી, પરંતુ ભુજના ચાહકની આ કમેન્ટનો અમિતાભ બચ્ચને જાતે જ રિપ્લાય આપ્યો હતો.

સાંજે અંદાજિત ૫ વાગ્યાના અરસામાં તેમણે હસુ ઠક્કરને ટેગ કરીને લખ્યું: હશુ ઠક્કર 'જી નહીં, કામ મિલતા રહેગા તો કરને કા પ્રયત્ન હોગા' (જી નહીં, કામ મળતું રહેશે તો તે કરવાનો મારો પ્રયત્ન રહેશે). બિગ બીના આ જવાબ બાદ હસુ ઠક્કરે પણ તેમનો આભાર વ્યક્ત કરતા તેમને સન્માન પૂર્વક પ્રત્યુત્તર (વીથ રિસ્પેક્ટ સરજી થેન્કયુ) આપ્યો હતો.

# રાપર તાલુકા સંકલન સમિતિની બેઠકમાં પ્રશ્નોની ભરમાર



## પીવાના પાણી, વીજ લાઈન, દબાણ, રસ્તાની ઝાડી કટીંગ સહિત ૪૫ પ્રશ્નો ઉઠ્યા

ગાંધીધામ - કચ્છઉદય : રાપર તાલુકા મામલતદાર કચેરીના પ્રાંગણમાં આવેલ રાપર એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટીના સભાખંડ ખાતે રાપર તાલુકા સંકલન સમિતિની બેઠક મામલતદાર એચ.બી. વાઘેલાના અધ્યક્ષ સ્થાને મળી હતી.

બેઠકમાં સરણેશ્વરવાંઢમાં જ્યોતિગ્રામ વિજ પુરવઠો પુરો પાડવો, સઈથી બાદલપર સુધીની રેલ્વેને દરખાસ્ત જણાવતાં અધિકારીને રેલ્વેની રૂબરૂ મુલાકાત લેવા જણાવ્યું હતું. તાલુકાની વિવિધ વાંઢોમાં જ્યોતિગ્રામ કનેક્શન આપવા, પંચાયત દ્વારા પ્રમાણિત વાંઢોમાં કનેક્શન આપવા તાલુકા વિકાસ અધિકારીએ દરખાસ્ત આગળ મોકલવા જણાવવ્યું હતું. બાલાસર સંદર્ભે સર્કલ ઓફીસર દ્વારા ખરાઈ કરી રીપોર્ટ કરવા, અધ્યક્ષ દ્વારા અરજીઓનો સત્વરે નિકાલ કરવા, રવ બાજુના કેનાલનું પાણી રોડ પર આવતું હોઈ નિકાલ કરવા,પેચવર્ક તાત્કાલિક કરાવવું તથા મેટલ કામ તાત્કાલિક કરવા, રાપર-ફતેહગઢ- આડેસર રોડના ઝાડ કટીંગ તાત્કાલિક કરવા, સપેડાવાંઢમા નવા જ્યોતિગ્રામ કનેકશન બાબતે પડતર અરજીઓ તાત્કાલિક નિકાલ કરવા, કીમીલાઈન નવી ઉભી કરવા, મહીનામાં કામ પુર્ણ કરવા, ત્રિકમનગર આંગણવાડી સર્વે થયેલ છે.

આગળની કાર્યવાહી માટે ચીફ ઓફીસર રાપરને ૧૦ દિવસમાં દબાણ દુર કરવા, પંડયાગઢ ટાંકાના કનેક્શન બાબતે ટેન્ડર પ્રક્રિયા ચાલુ છે. તે માટે આગળની કાર્યવાહી કરવા, રવમાં કેબલ બદલવાની કામગીરી બાકીમાં છે તે એજન્સી મારફતે પુર્ણ કરવા, બનિયારા - ફતેહગઢ ડેમમાં ભીમાસર ગામ માટે પાણીનો જથ્થો અનામત રાખવા, ભીમાસર ગામ આઈઓસીએલ કંમ્પની દ્વારા જમીન લેવલિંગ, બંધ પાળાનું કામ પુર્ણ કરવા તથા ખેડુતોનું બાકી વળતર ચુકવવા, મોમાયમોરા નદી વાળા તળાવનું ઓગન રીપેરીંગ, પીવાના પાણીની તકલીફ, આડેસર ગામે ૬૬ કેવી સબસ્ટેશનનું કામ બંધ છે એ તાત્કાલિક પૂર્ણ કરાવા, આડેસર ગામે ૩-૪ નવા ફીડર બનાવવા લો વોલ્ટેજની તકલીફ, આડેસરના નંદાધાર વિસ્તારમાં જર્જરિત વીજ લાઈન અને વીજ પોલસણવાના ફૂલપરા, પરકારાવાંઢ, જુનેજાવાંઢમાં પીવાના પાણીની તકલીફ અને નળ સે જળ યોજનામાં કનેક્શન બાકી છે એ કરાવવા, સુખપર ગામે પાણીની લાઈન રીપેરીંગ, લાખાગઢના રબારકા વાંઢમાં પીવાના પાણી માટે તળાવમાં નવો કૂવો બનાવવા, આડેસર રોડ ઉપર ટ્રાફિકજામ રહેતો હોવાના કારણ દિવસના એક ટ્રાફિક જવાન રાખવા, આડેસર પંચાયત દ્વારા નાના લારી રેકડી ગલ્લાના ખૂબ ઊંચા ભાડા લઈને નાના વર્ગના ગરીબ માણસોને હેરાનગતિ થતી હોય તપાસ કરવી અને અહેવાલ આપવો, તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી એક પણ રૂપિયો ભાડું લેવું નહીં, પરા અને વાંઢ વિસ્તારમાં પાણીની તકલીફ, આડેસરમાં ડૉક્ટરની ઘટ અને સ્ટાફ રેગ્યુલર હાજર ન રહેવા, નંદાધાર વિસ્તારમાં દેવીપૂજક સમાજના સ્મશાન જતા રસ્તામાં અસામાજિક તત્વો દ્વારા દબાણ કરેલ છે તાત્કાલિક દબાણ હટાવવા, ભીમાસરના ખેડૂતોના રૂપિયા કેડીસીસી બેંક ભીમાસર ઉચાપતમાં ૭ વર્ષથી હજુ સુધી ફસાયેલા છે વ્યાજ સહિત પરત મળે એવી માંગ, પ્રાગપર ગામે લો વોલ્ટેજ પ્રશ્ન છે, આંગડવાડી વાર ટ્રાન્સફોર્મર વોલ્ટેજ વધારવા, ટગા ગામે પ્રાથમિક શાળાના નવા રૂમ મંજુર થયેલા છે એ ગામની નજીક અને ઉંચાણ વારી જગ્યામાં બનવા જોઈએ તળાવ અંદર પ્રાથમિક સાળા ન બનાવ, લાખાગઢ પ્રાથમિક શાળા ગામથી ૧થી ૫ ધોરણના વિદ્યાર્થીઓ માટે ગામમાં જૂની પ્રાથમિક શાળા હતી ત્યાં નવા રૂમ બનાવવા, વરણું ગામે માધ્યમિક શાળાની નવી બિલ્ડિંગ બનાવવા, આડેસર ફતેગઢ રાપર રોડ રિસર્ફેસિંગના થાય ત્યાં સુધી તાત્કાલિક રીપેરીંગ કરાવવા, ખેડૂતોના નવા વીજ કનેક્શન તાત્કાલિક ઊભા કરવા માંગ, ચોમાસામાં રસ્તાઓના ધોવાણ થયેલાએ બધા રસ્તાઓ ચોમાસા પહેલા પૂર્ણ કરવા, પલાસવા ગામે પીવાના પાણીની તકલીફ, ભંગેરા સંપથી ફરીથી કનેક્શન આપવા, નાની હમીરપર ગામે પીવાના પાણીનો સ્ત્રોત ન હોવાના કારણ નવો કૂવો બનાવવા, પંચાયત અને સ્ટેટમાં આવતા રસ્તાઓમાં ઝાડી કટિંગ કરાવવા, ઘુડખર અભ્યારણ વિસ્તારની હદ નક્કી કરવી જેથી ખેડૂતોને હેરાનગતિ ન થાય, ગૌચર પર થયેલ દબાણો દૂર કરાવવા, રેશનકાર્ડ, આધારકાર્ડ નામ સુધારા, કમી કરાવવા, વધારા વગેરેના અઠવાડિયામાં ૨ દિવસ આડેસર, ભીમાસર, બાલાસર, ગાગોદર, ફતેગઢ ચિત્રોડ, ગેડી,રામવાવ વગેરે ગામોમાં કેમ્પ રાખવા, મોડા ગામે લાલા વારા ડેમથી ગામના સંપ સુધી પીવાના પાણીની પાઈપલાઈન નાખવા, ભીમાસર બારડ અને સોઢાવાસમા લો વોલ્ટેજની સમસ્યાના કારણ નવું ટ્રાન્સફોર્મર લગાવવા, પ્રધાનમંત્રી આવાસ યોજનામાં બાકી રહેતા હપ્તા તાત્કાલિક ચૂકવવા અને બામણસર ગામે તળાવ ઊંડું ઉતારવાના કામ અંગે રજૂઆત કરવા સહિતના ૪૫ પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા હતા. લાગતા વળગતા તમામ વિભાગો ના અધિકારી ઓ ને તાત્કાલિક અસરથી પૂર્ણ કરવા માટે સુચનાઓ આપવામાં આવી હતી.

બેઠકમાં ઈન્ચાર્જ પીઆઇ એમ.જે. હુણ, પાલિકાના પ્રમુખ ચાંદભાઈ ભીંડે, તાલુકા પંચાયત પ્રમુખ રાજેશ ઢીલા, ધારાસભ્યના પીએ વિનુભાઈ થાનકી, નશાભાઈ દૈયા, ડેપો મેનેજર જે.બી. જોશી, આઈએફઓ અરવિંદભાઈ ભાટીયા, નાયબ કાર્યપાલક ઈજનેર એસ.પી. રામજીયાણી, ડો. પ્રજાપતિ, નાયબ કાર્યપાલક ઈજનેર બાંભણીયા, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી સામતભાઇ વસરા, મદદનીશ તાલુકા વિકાસ અધિકારી હુશેન જીએજા, લલિતાબેન વાઘેલા, પીએસઆઈ વી.એ. ઝા, પાણી પુરવઠા બોર્ડના અજય મેવાડા, આર.એમ. સોલકી, ડી.એમ. સોલંકી વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# ગુજરાત એસ.ટી. નિગમમાં બમ્પર ભરતીની જાહેરાત

## ડ્રાઈવર અને કંડક્ટરની કુલ ૮,૯૧૭ જગ્યાઓ પર થશે સીધી ભરતી : રાજ્યમાં પરિવહન વ્યવસ્થા સુદ્રઢ કરવા અને દૈનિક મુસાફરોની સંખ્યા ૩૦ લાખ સુધી પહોંચાડવાના લક્ષ્યાંક સાથે સરકારનો નિર્ણય

ભુજ - કચ્છઉદય : ગુજરાત સરકાર દ્વારા રાજ્યની પ્રજાલક્ષી સેવાઓ અને જાહેર પરિવહન વ્યવસ્થાને વધુ મજબૂત તથા સુદ્રઢ બનાવવા માટે એક અત્યંત મહત્વપૂર્ણ અને મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા સત્તાવાર જાહેરાત કરીને કંડક્ટર અને ડ્રાઈવરની કક્ષામાં ફિક્સ પગારથી સીધી ભરતી માટે ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવી છે. આ મહાભરતી અંતર્ગત નિગમ દ્વારા કુલ ૮,૯૧૭ જગ્યાઓ પર વ્યાપક સ્તરે ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે, જે અંતર્ગત કંડક્ટરની ૪,૩૧૮ જગ્યાઓ અને ડ્રાઈવરની ૪,૫૯૯ જગ્યાઓ પર ઉમેદવારોની ભરતી કરી રાજ્યના વાહન વ્યવહારને નવી ગતિ આપવામાં આવશે. સરકારના આ મક્કમ પગલાં પાછળ એસ.ટી. પરિવહન સેવામાં હાલના દૈનિક આશરે ૨૭ લાખ મુસાફરોની સંખ્યાને વધારીને ૩૦ લાખ સુધી પહોંચાડવાનો એક દૂરોગામી અને પ્રગતિશીલ લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

આ સીધી ભરતી પ્રક્રિયા અંતર્ગત પસંદગી પામનારા ઉમેદવારોને શરૂઆતના પાંચ વર્ષ માટે કરાર આધારિત નિયુક્તિ આપવામાં આવશે, જેમાં કંડક્ટર કક્ષાના કર્મચારીઓને પાંચ વર્ષ સુધી માસિક રૂપિયા ૨૬,૦૦૦ નો ફિક્સ પગાર ચૂકવવામાં આવશે. કંડક્ટરની જગ્યા માટે લઘુત્તમ શૈક્ષણિક લાયકાત ધોરણ ૧૨ પાસ નક્કી કરવામાં આવી છે અને ઉમેદવાર પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી તરફથી મળેલું વેલિડ કંડક્ટર લાયસન્સ તેમજ બેઝ ધરાવતો હોવો અનિવાર્ય છે. વયમર્યાદાની વાત કરીએ તો લઘુત્તમ ૧૮ વર્ષ અને સામાન્ય વર્ગના પુરુષો માટે મહત્તમ ૩૫ વર્ષની વય નક્કી કરાઈ છે, જ્યારે અનામત વર્ગના પુરુષો તેમજ સામાન્ય વર્ગની મહિલા ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં નિયમાનુસાર પાંચ વર્ષની છૂટછાટ આપવામાં આવશે. આ ઉપરાંત, અનામત વર્ગની મહિલા ઉમેદવારો અને દિવ્યાંગ તેમજ માજી સૈનિકોને પણ સરકારના પ્રવર્તમાન નિયમો મુજબ વયમર્યાદામાં વિશેષ છૂટછાટો મળવાપાત્ર રહેશે, પરંતુ કોઈપણ સંજોગોમાં મહત્તમ ઉંમર ૪૫ વર્ષથી વધુ હોવી જોઈએ નહીં. ઉમેદવારો પાસે કોમ્પ્યુટર અંગેનું બેઝિક નોલેજ હોવું પણ ફરજિયાત છે. ભરતી પ્રક્રિયાને સંપૂર્ણ પારદર્શક બનાવવા માટે નિગમ દ્વારા ૧૦૦ ગુણની ઓપ્ટિકલ માર્ક રીડિંગ પદ્ધતિ આધારિત સ્પર્ધાત્મક હેતુલક્ષી લેખિત પરીક્ષા લેવામાં આવશે. આ એક કલાકની પરીક્ષાના પ્રશ્નપત્રનું સ્તર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડના ધોરણ ૧૨ ના સ્તરનું રહેશે, જેમાં સામાન્ય જ્ઞાન, ગુજરાતનો ઇતિહાસ, ભૂગોળ, વર્તમાન પ્રવાહો, રોડ સેફ્ટી, ગુજરાતી અને અંગ્રેજી વ્યાકરણ, ક્વોન્ટિટેટિવ એપ્ટિટ્યુડ, રીઝનિંગ, કોમ્પ્યુટરની પાયાની જાણકારી તેમજ મોટર વ્હીકલ એક્ટ અને નિગમને લગતી પ્રાથમિક માહિતી જેવા વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે. પરીક્ષામાં ખોટા ઉત્તર બદલ પ્રત્યેક પ્રશ્નદીઠ શૂન્ય પોઈન્ટ પંચીસ ગુણની નેગેટિવ માર્કિંગ પદ્ધતિ અમલમાં રહેશે. પરીક્ષાના મેરિટના આધારે દસ્તાવેજ ચકાસણી માટે જગ્યાના પ્રમાણમાં દોઢ ગણા ઉમેદવારોને બોલાવી પ્રોવિઝનલ પસંદગી યાદી તૈયાર કરાશે અને નિમણૂક મેળવનાર કર્મચારીઓની બે વર્ષની કામગીરીની સમીક્ષા બાદ જ તેમની સેવાઓ આગળ ચાલુ રાખવામાં આવશે. લાયકાત ધરાવતા અને ઉત્સુક ઉમેદવારોએ ઓનલાઈન અરજી કરવા માટે ઓજસની સત્તાવાર વેબસાઈટ પર જઈને નિયત સમયગાળામાં ફોર્મ ભરવાનું રહેશે. આ ભરતી માટે ઓનલાઈન અરજી કરવાનો સમયગાળો તારીખ ૦૬ જૂન થી શરૂ થઈને તારીખ ૦૫ જુલાઈના રોજ રાત્રે ૨૩:૫૯ કલાક સુધીનો રહેશે, જ્યારે અરજીપત્રકની ફી સ્વીકારવાનો સમયગાળો તારીખ ૬ થી ૭ જુલાઈ સુધી ઉપલબ્ધ રહેશે. રાજ્યના યુવાનો માટે સરકારી સેવામાં જોડાવાની આ એક સુવર્ણ તક છે, જે ગ્રામીણ અને શહેરી સ્તરે રોજગારીની નવી તકો ઉભી કરશે અને ગુજરાતની પરિવહન વ્યવસ્થાને વધુ લોકભોગ્ય બનાવશે.

# અંજાર ખાતે પણ જમીન દફતર નિરિક્ષકની કચેરીને સત્તાવાર મંજૂરી



## ભુજના ધક્કામાંથી મુક્તિ, અંજાર તાલુકાના ૭૬ ગામોના લોકોને સ્થાનિક સ્તરે મળશે જમીન રેકોર્ડ સંબંધિત સેવાઓ

અંજાર : રાજ્ય સરકાર દ્વારા જમીન રેકોર્ડ વ્યવસ્થાને વધુ સરળ, સુલભ અને લોકોની નજીક પહોંચાડવાના હેતુથી જિલ્લાકક્ષાની વ્યવસ્થા ઉપરાંત તાલુકા મથકો પર પણ જમીન દફતર નિરિક્ષક કચેરીઓ શરૂ કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણયના અનુસંધાને અંજાર ખાતે પણ જમીન દફતર નિરિક્ષકની કચેરીને સત્તાવાર મંજૂરી આપવામાં આવી છે, જેના કારણે શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારના હજારો નાગરિકોને મોટી રાહત મળશે.

અત્યાર સુધી જમીન રેકોર્ડ સંબંધિત અનેક કામગીરી માટે લોકોને ભુજ સ્થિત જિલ્લા જમીન દફતર નિરિક્ષક કચેરી સુધી જવું પડતું હતું. પ્રમાણપત્રો, જમીન રેકોર્ડની વિગતો, નકશા તથા અન્ય વહીવટી પ્રક્રિયાઓ માટે લાંબા અંતરની મુસાફરી અને સમયનો વ્યય થતો હતો. હવે અંજારમાં કચેરી કાર્યરત થતાં આ તમામ સેવાઓ સ્થાનિક સ્તરે ઉપલબ્ધ બનશે અને નાગરિકોને ઝડપથી કામગીરી પૂર્ણ કરાવવામાં સહાય મળશે.

મળતી માહિતી મુજબ રાજ્ય સરકારે જિલ્લા નિરિક્ષક જમીન દફતરનું નામ પરિવર્તિત કરીને જમીન દફતર નિરિક્ષક તરીકે ઓળખ આપવાનો નિર્ણય પણ કર્યો છે. રાજ્યભરમાં તમામ તાલુકા મથકો પર આવી કચેરીઓ સ્થાપિત કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે, જેના ભાગરૂપે અંજારને પણ આ મહત્વપૂર્ણ સુવિધાનો લાભ મળ્યો છે.

અંજારમાં કચેરી શરૂ કરવા માટે રાજ્યના ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મંત્રી તેમજ અંજારના ધારાસભ્ય ત્રિકમભાઈ છાંગા દ્વારા રાજ્ય સરકાર સમક્ષ સતત અને ભારપૂર્વક રજૂઆતો કરવામાં આવી હતી. અંજાર તાલુકાની વિશાળ વસ્તી, ઔદ્યોગિક વિકાસ અને ગ્રામ્ય વિસ્તારની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને સરકાર દ્વારા આ માંગણી સ્વીકારી કચેરીને મંજૂરી આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

આ નવી કચેરીના પ્રારંભથી અંજાર શહેર ઉપરાંત તાલુકાના ૭૬ ગામોના ખેડૂતો, જમીનધારકો અને સામાન્ય નાગરિકોને સીધો લાભ મળશે. જમીન સંબંધિત દસ્તાવેજી કામગીરી માટે હવે ભુજ સુધી જવાની જરૂરિયાતમાં નોંધપાત્ર ઘટાડો થશે, જેના કારણે સમય, નાણાં અને શ્રમની પણ બચત થશે. ખાસ કરીને ખેડૂતો માટે આ નિર્ણય ખૂબ જ ઉપયોગી સાબિત થશે, કારણ કે જમીન રેકોર્ડ સંબંધિત વિવિધ પ્રક્રિયાઓ હવે સ્થાનિક સ્તરે સરળતાથી પૂર્ણ થઈ શકશે.

આ મહત્વપૂર્ણ મંજૂરી બદલ રાજ્ય મંત્રી ત્રિકમભાઈ છાંગાએ મુખ્યમંત્રી અને રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે સરકાર લોકોની સુવિધાને કેન્દ્રસ્થાને રાખીને વહીવટી સેવાઓને તાલુકા સ્તરે પહોંચાડવા પ્રતિબદ્ધ છે અને અંજારને મળેલી આ કચેરી વિકાસની દિશામાં વધુ એક મહત્વપૂર્ણ પગલું સાબિત થશે. રાજ્ય સરકારના આ નિર્ણયને અંજાર શહેર અને તાલુકાભરના લોકો દ્વારા આવકાર મળ્યો છે અને તેને જનસુવિધા વધારતું લોકહિતનું પગલું ગણાવવામાં આવી રહ્યું છે.

# રમતગમત માત્ર મનોરંજન નહીં, સફળ જીવનનું ઘડતર કરતું શક્તિશાળી માધ્યમ

## ભુજ રાજગોર યુવા સ્પોર્ટ્સ ક્લબની સિઝન-૨ બોક્સ ક્રિકેટ ટૂર્નામેન્ટનો ભવ્ય સમાપન : આત્મવિશ્વાસ, શિસ્ત અને ખેલદિલીના સંસ્કારો માટે યુવાનોને રમતગમત સાથે જોડાવા અપીલ

ભુજ - કચ્છ ઉદય : આજના સ્પર્ધાત્મક યુગમાં યુવાનોમાં આત્મવિશ્વાસ, નેતૃત્વ ક્ષમતા, શિસ્ત, સહનશીલતા અને ટીમભાવનાના ગુણો વિકસાવવા માટે રમતગમતનું મહત્વ સતત વધી રહ્યું છે. રમતગમત વ્યક્તિના શારીરિક વિકાસની સાથે માનસિક અને સામાજિક વિકાસમાં પણ મહત્વની ભૂમિકા ભજવે છે. યુવાનો જીવનમાં પડકારોનો સામનો કરી સફળતા પ્રાપ્ત કરી શકે તે માટે બાળપણથી જ રમતગમત પ્રત્યે રસ અને લગાવ કેળવવો જરૂરી છે. આ મત ભુજ રાજગોર સમાજ પ્રેરિત અને ભુજ રાજગોર યુવા સ્પોર્ટ્સ ક્લબ દ્વારા આયોજિત સિઝન-૨ બોક્સ ક્રિકેટ ટૂર્નામેન્ટના સમાપન પ્રસંગે ઉપસ્થિત આગેવાનો દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો હતો.

ભુજ ખાતે માતા મુક્તાબેન ઉમિયાશંકર રાજગોર સમાજવાડીના કસ્તૂરબા પાર્ટી પ્લોટમાં યોજાયેલી આ ટૂર્નામેન્ટમાં ભુજ સહિત કચ્છના વિવિધ શહેરો અને ગામડાંઓમાંથી મોટી સંખ્યામાં ટીમોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. અનેક દિવસો સુધી ચાલેલી સ્પર્ધાઓમાં ખેલાડીઓએ પોતાની રમત કુશળતા, ટીમ વર્ક અને રમત પ્રત્યેની પ્રતિબદ્ધતાનું ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. ટૂર્નામેન્ટ દરમિયાન ખેલાડીઓ અને દર્શકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.

સ્પર્ધાના બાળ વિભાગમાં ફોરલેસ ફાઈટર ટીમે શાનદાર રમત પ્રદર્શન કરીને ચેમ્પિયન બનવાનો ગૌરવ મેળવ્યો હતો, જ્યારે સામાન્ય વિભાગમાં ઝીબા કમ્ફર્ટ ટીમે ઉત્તમ દેખાવ સાથે વિજેતા ટ્રોફી પોતાના નામે કરી હતી. ટૂર્નામેન્ટ દરમિયાન અનેક ખેલાડીઓએ યાદગાર પ્રદર્શન કરીને પોતાની પ્રતિભાની છાપ છોડી હતી.

સમાપન સમારોહમાં ભુજ રાજગોર સમાજના પ્રમુખ વિજય ગોર, મહામંત્રી ભરત ગોર, મંત્રી નિખિલ પેથાણી, કપિલ ગોર, પૂજન ગોર, મયૂર ગોર, અરવિંદ ગોર, યુવા સ્પોર્ટ્સ ક્લબના પ્રમુખ ચિંતન વિઠ્ઠા, ઉત્તમ મોતા, મંથન ગોર, રાહુલ પેથાણી, દીપ શિણાઈ, દિલીપ અજાણી, અંકિત શિણાઈ, વિવેક બાવા સહિતના આગેવાનોના હસ્તે વિજેતા અને ઉપવિજેતા ટીમો તેમજ સમગ્ર ટૂર્નામેન્ટ દરમિયાન શ્રેષ્ઠ પ્રદર્શન કરનારા ખેલાડીઓને ટ્રોફી, સ્મૃતિચિહ્નો અને સન્માનપત્રો અર્પણ કરવામાં આવ્યા હતા.

પ્રસંગે વક્તાઓએ જણાવ્યું હતું કે રમતગમત યુવાનોને માત્ર જીતનો આનંદ જ નથી આપતી, પરંતુ નિષ્ફળતા સામે લડવાની શક્તિ પણ આપે છે. મેદાનમાં મળતા અનુભવો વ્યક્તિના જીવનમાં મહત્વપૂર્ણ સાબિત થાય છે. ખેલાડીમાં સમયપાલન, જવાબદારી, સંયમ, પરિશ્રમ અને ટીમ સાથે કાર્ય કરવાની ભાવના વિકસે છે, જે જીવનના દરેક ક્ષેત્રમાં સફળતા માટે જરૂરી ગુણો છે.

આ અવસરે મસ્કા સ્પોર્ટ્સ ક્લબના આગેવાન તથા માંડવી તાલુકા પંચાયતના શાસક પક્ષના નેતા કીર્તિ ગોરે રમતવીરોને પ્રોત્સાહન આપતાં ભવિષ્યમાં રમતગમત ક્ષેત્રે જરૂરી સહયોગ અને માર્ગદર્શન આપવાની તૈયારી દર્શાવી હતી. આ અંગે માહિતી આપતા ભુજ રાજગોર યુવા સ્પોર્ટ્સ ક્લબના સ્થાપક પ્રમુખ વસંત અજાણીએ જણાવ્યું હતું કે સમાજના યુવાનોમાં રમતગમત પ્રત્યે જાગૃતિ લાવવા અને તેમની પ્રતિભાને યોગ્ય મંચ પૂરું પાડવાના હેતુથી ક્લબ દ્વારા સતત વિવિધ સ્પર્ધાત્મક અને પ્રેરણાત્મક કાર્યક્રમો યોજવામાં આવે છે.

સમગ્ર કાર્યક્રમ ખેલદિલી, ઉત્સાહ અને ગૌરવપૂર્ણ વાતાવરણ વચ્ચે સંપન્ન થયો હતો. ટૂર્નામેન્ટે માત્ર ખેલાડીઓની પ્રતિભાને જ ઉજાગર કરી નથી, પરંતુ સમાજમાં રમતગમતના મહત્વ અંગે પણ સકારાત્મક સંદેશ પહોંચાડ્યો હતો. યુવાનોમાં આત્મવિશ્વાસ અને સંસ્કારનું સિંચન કરતી આવી પ્રવૃત્તિઓ ભવિષ્યમાં વધુ મજબૂત અને સજાગ પેઢી ઘડવામાં મહત્વપૂર્ણ સાબિત થશે.

# વ્યંગ્ય અને સર્જનાત્મકતાનું અનોખું દસ્તાવેજ : ‘કાર્ટૂન દર્શન’નું લોકાર્પણ

## ભુજમાં યોજાયેલા સમારોહમાં કચ્છની કાર્ટૂન પરંપરાને કરાયો ભાવભર્યો નમન

ભુજ - કચ્છ ઉદય : કચ્છની સમૃદ્ધ કાર્ટૂન પરંપરાને નવી પેઢી સાથે જોડતો અને વ્યંગ્યકળાની સર્જનાત્મક શક્તિને ઉજાગર કરતો યુવા કાર્ટૂનિસ્ટ દર્શન મહેતાનો કાર્ટૂન સંગ્રહ ‘કાર્ટૂન દર્શન’ ભુજ ખાતે યોજાયેલા ભવ્ય સમારોહમાં લોકાર્પિત કરવામાં આવ્યો હતો. વિવિધ ક્ષેત્રના આગેવાનો, સાહિત્યપ્રેમીઓ, કાર્ટૂન કલાના રસિકો અને સર્જકોની ઉપસ્થિતિમાં યોજાયેલ આ કાર્યક્રમ કચ્છના કલાજગત માટે યાદગાર બની રહ્યો હતો.

કાર્યક્રમમાં સાંસદ વિનોદભાઈ ચાવડા, રાજેન્દ્રસિંહ જાડેજા, ઉપેન્દ્રભાઈ ઉપાધ્યાય, દીપકભાઈ માંકડ, મુકેશભાઈ ધોળકિયા, પ્રબોધભાઈ મુનવર, ચેતનસિંહ પરમાર, જયમલસિંહ જાડેજા સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં દીપપ્રાગટ્ય બાદ પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. પુસ્તકના સર્જક દર્શન મહેતાએ પોતાના સંબોધનમાં કાર્ટૂન કળાની અભિવ્યક્તિ, સમાજમાં તેની ભૂમિકા અને પુસ્તક તૈયાર કરવાની સફર અંગે રસપ્રદ વિગતો રજૂ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે કાર્ટૂન માત્ર હાસ્ય ઉત્પન્ન કરતું માધ્યમ નથી, પરંતુ સમાજના પ્રશ્નો, વિસંગતીઓ અને વાસ્તવિકતાઓને સરળ ભાષામાં લોકો સુધી પહોંચાડતું અસરકારક સાધન છે.

આ પ્રસંગે બોલતાં વિનોદભાઈ ચાવડાએ યુવા સર્જકોને પ્રોત્સાહન આપવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે દર્શન મહેતાની કલાત્મક પ્રતિભાને બિરદાવી તેમના પુસ્તકને સફળતા માટે શુભેચ્છા પાઠવી હતી. સમારોહ દરમિયાન કચ્છના પ્રખ્યાત કાર્ટૂનિસ્ટો દેવ ગઢવી, નારદ, રૂપમ, શનિ, કિરણ ધોળકિયા, અશોક અદેપાલ, કલ્પેશ ધોળકિયા, કિરણ મહેતા અને મદનસિંહના નોંધપાત્ર યોગદાનને યાદ કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત મહાનુભાવોએ તેમના સર્જનાત્મક કાર્યને કચ્છની સાંસ્કૃતિક ધરોહરનો મહત્વપૂર્ણ હિસ્સો ગણાવ્યો હતો.

કાર્યક્રમમાં શહેરના અગ્રણી નાગરિકો, સાહિત્યકારો, કાર્ટૂનિસ્ટો અને વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ દરમિયાન કળા, સાહિત્ય અને વ્યંગ્ય અભિવ્યક્તિના મહત્વ અંગે સકારાત્મક ચર્ચા થઈ હતી, જેના કારણે કાર્યક્રમ માત્ર પુસ્તક વિમોચન પૂરતો મર્યાદિત ન રહી સર્જનાત્મક વિચારવિમર્શનું મંચ બની ગયો હતો. કાર્યક્રમનું સંચાલન પ્રતીકભાઈ છાયા દ્વારા કરવામાં આવ્યું હતું, જ્યારે અંતે રાજીવભાઈ મહેતાએ આભારવિધિ વ્યક્ત કરી હતી. ‘કાર્ટૂન દર્શન’ પુસ્તકના પ્રકાશન સાથે કચ્છની કાર્ટૂન કળાને એક નવું દસ્તાવેજ મળ્યું હોવાનું ઉપસ્થિતોએ જણાવ્યું હતું.

# ગીતા જીવનને અજ્ઞાનમાંથી જ્ઞાન તરફ લઈ જતો દિવ્ય માર્ગ

## મૌનીબાપુની સ્મૃતિમાં યોજાયેલા જ્ઞાનયજ્ઞમાં વિશ્વરૂપ દર્શન યોગનું કરાયું રસપ્રદ નિરૂપણ, અન્નકૂટ મહોત્સવ યોજાયો

ભુજ - કચ્છ ઉદય : ભુજ શહેરમાં એકતા સોસાયટી નજીક આવેલા સ્વયંભૂ બિહારીલાલ (દૂધેશ્વર) મંદિર ખાતે બ્રહ્મલીન મહંત પૂજ્ય મૌનીબાપુની સ્મૃતિમાં તથા મૌનીકૃપા ગૌશાળાના લાભાર્થે આયોજિત પંચદિવસીય સંગીતમય શ્રીમદ્ ભગવદ્ગીતા જ્ઞાનયજ્ઞ ભક્તિમય અને આધ્યાત્મિક માહોલ વચ્ચે આગળ વધી રહ્યો છે. જ્ઞાનયજ્ઞના તૃતીય દિવસે કાશી અભ્યાસી આચાર્ય પૂજ્ય મૌલીશ્વરજી મહારાજે ગીતાના અગિયારમા અધ્યાય ‘વિશ્વરૂપ દર્શન યોગ’નું હૃદયસ્પર્શી અને તત્ત્વજ્ઞાનપૂર્ણ નિરૂપણ કરતાં જણાવ્યું હતું કે ગીતા મનુષ્યને અજ્ઞાનના અંધકારમાંથી જ્ઞાનના પ્રકાશ તરફ લઈ જતો દિવ્ય માર્ગ છે.

વ્યાસપીઠ પરથી પ્રવચન આપતાં આચાયશ્રીએ જણાવ્યું હતું કે મહાભારતના યુદ્ધક્ષેત્રમાં અર્જુન જ્યારે કર્તવ્ય અને સંબંધોની દ્વિધામાં ફસાઈ ગયા હતા ત્યારે ભગવાન શ્રીકૃષ્ણે તેમને ગીતા રૂપે જીવનનું અમૂલ્ય જ્ઞાન આપ્યું હતું. આ જ્ઞાનના પ્રભાવથી અર્જુનનો મોહ દૂર થયો અને તેમને પોતાના કર્તવ્યનું ભાન થયું. ગીતા એ માત્ર એક ધાર્મિક ગ્રંથ નથી, પરંતુ સમગ્ર માનવજાત માટે જીવન જીવવાની કળા શીખવતો અમર ગ્રંથ છે.

વિશ્વરૂપ દર્શન યોગનું મહાત્મ્ય સમજાવતા તેમણે કહ્યું હતું કે ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને દિવ્ય દૃષ્ટિ આપ્યા બાદ પોતાનું વિરાટ સ્વરૂપ દર્શાવ્યું હતું. આ પ્રસંગ માનવજીવનને એ સંદેશ આપે છે કે જ્યારે મનુષ્યના અંતઃકરણમાં જ્ઞાનનો પ્રકાશ પ્રગટે છે ત્યારે તેને સમગ્ર સૃષ્ટિમાં પરમાત્માનું અસ્તિત્વ અનુભવાય છે. જ્ઞાન વિના વિશ્વને માત્ર ભૌતિક દૃષ્ટિથી જોવામાં આવે છે, જ્યારે જ્ઞાન પ્રાપ્ત થયા પછી દરેક જીવ અને દરેક ઘટનામાં ઈશ્વરીય તત્ત્વના દર્શન થવા લાગે છે.

આચાયશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે આજના સમયમાં માનવી ભૌતિક સુખ-સગવડો મેળવવાની દોડમાં આધ્યાત્મિક મૂલ્યોને ભૂલતો જઈ રહ્યો છે. આવી સ્થિતિમાં ગીતા જીવનમાં સંતુલન, કર્તવ્યનિષ્ઠા, સમભાવ અને આત્મવિશ્વાસ પ્રદાન કરે છે. ગીતા મનુષ્યને શીખવે છે કે પરિણામની ચિંતા કર્યા વિના નિષ્ઠાપૂર્વક કર્મ કરવું એ જ સાચો ધર્મ છે.

ધાર્મિક આયોજન દરમિયાન ભાવિકો દ્વારા વિવિધ પ્રકારની વાનગીઓ ભગવાન દ્વારિકાધીશને અર્પણ કરવામાં આવી હતી. આ અવસરે ભવ્ય અન્નકૂટ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં ભક્તોએ ભાગ લઈને ભગવાનના દર્શન તથા પ્રસાદનો લાભ લીધો હતો. અન્નકૂટના દર્શનથી સમગ્ર મંદિર પરિસર ભક્તિ અને શ્રદ્ધાના રંગે રંગાઈ ગયું હતું.

જ્ઞાનયજ્ઞને સંગીતમય બનાવવામાં ભજનિક કાંતિભાર ગોર પોતાની મધુર ભજનસેવા આપી રહ્યા છે, જ્યારે કિશનભાઈ ત્રિપાઠીના તબલાના તાલથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બની રહ્યું છે. ભજન, કીર્તન અને ગીતા જ્ઞાનના સંગમથી ઉપસ્થિત શ્રોતાજનો આધ્યાત્મિક આનંદનો અનુભવ કરી રહ્યા છે.

કાર્યક્રમ દરમિયાન દરરોજ આરતી અને પૂજનવિધિનું આયોજન કરવામાં આવે છે, જેમાં મંદિરના પૂજારી મુકુંદભાઈ પંડયા તેમજ ગુરુ વલ્લભપુરી ગોસ્વામી સેવા આપી રહ્યા છે. સમગ્ર આયોજનની જવાબદારી બિહારીલાલ મંદિર મૌનીબાપુ સેવા સમિતિ દ્વારા નિભાવવામાં આવી રહી છે.

સમિતિના આગેવાનો રૂપભાઈ ઠક્કર અને નિકુંજભાઈ ધોળકિયાએ જણાવ્યું હતું કે મૌનીબાપુના જીવનમૂલ્યો અને ગૌસેવાના સંદેશને સમાજ સુધી પહોંચાડવા માટે આ જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમમાં ભુજ સહિત આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહી રહ્યા છે અને ગીતા જ્ઞાનનો અમૂલ્ય લાભ મેળવી રહ્યા છે.

# ભચાઉ હાટકેશ્વર મહાદેવ મંદિરના પૂજારીનું બહુમાન કરાયું

ભુજ - કચ્છ ઉદય : ભુજના હાટકેશ અંબિકા મહિલા મંડળ અને હાટકેશ સેવા મંડળ દ્વારા ભચાઉ હાટકેશ્વર મહાદેવ મંદિર ખાતે ધાર્મિક કાર્યક્રમ ભજન કીર્તન, અભિષેકનો કાર્યક્રમ વારીશભાઈ પટણીના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. જેમાં ધાર્મિક વિધિમાં શ્રદ્ધાબેન તુષારભાઈ ધોળકિયા અને લ્યુનાબેન આશિષ વૈદ્ય મુખ્ય યજમાન પદે રહ્યા હતા.ધાર્મિકવિધિ મંદિરના પૂજારી ગોસ્વામી ભરતપુરી નેણપુરીએ કરી હતી. આ પ્રસંગે મંડળ દ્વારા મંદિરના પૂજારીનું સન્માન સંસ્થાના જયશ્રીબેન હાથી અને ભચાઉના નાગર જ્ઞાતિના અગ્રણી રૂપેશભાઈ વસાવડાના હસ્તે કરાયું હતું. સંચાલન તૃપ્તિબેન અક્ષયભાઈ અંતાણીએ કર્યું હતું. આભારવિધિ પૂજાબેન વસાવડાએ કરી હતી.વ્યવસ્થા નેહલભાઈ પટણી અને અશિતભાઈ અંતાણીએ સંભાળી હતી.તેવું હેમાંશુભાઈ અંતાણીએ જણાવ્યું હતું.

# વસંતકુંવરબા જાડેજાને માજી મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાની રૂબરૂ શ્રદ્ધાંજલિ અર્પી

ભુજ - કચ્છ ઉદય : ક્ષત્રિય સમાજના વિકાસ અને સામાજિક પ્રતિષ્ઠાને મજબૂત બનાવવા મહત્વપૂર્ણ યોગદાન આપનાર સ્વ. સાવજસિંહ વખતસિંહ જાડેજા પરિવારની વરિષ્ઠ મહિલા મોભી સ્વ. વસંતકુંવરબા સાવજસિંહ જાડેજાના અવસાનને લઈને સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી વ્યાપી છે.તેમના અવસાન બાદ અનેક સામાજિક અને રાજકીય આગેવાનો દ્વારા શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી રહી છે. આ સંદર્ભમાં રાજ્યના માજી મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા ભુજ ખાતે જાડેજા પરિવારના નિવાસસ્થાને રૂબરૂ પહોંચ્યા હતા અને સ્વ. વસંતકુંવરબાને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.શંકરસિંહ વાઘેલાએ પરિવારના સભ્યો સાથે મુલાકાત કરીને તેમને સાંત્વના પાઠવી હતી તેમજ આ દુઃખદ ઘડીમાં ધૈર્ય રાખવા માટે હિંમત આપી હતી. તેમણે પરિવારની નારીશક્તિ તથા સામાજિક યોગદાનને પણ વંદન કર્યું હતું. સ્વ. વસંતકુંવરબાએ પરિવાર અને સમાજજીવનમાં ગૌરવપૂર્ણ ભૂમિકા નિભાવી હતી. તેમના અવસાનથી જાડેજા પરિવાર સહિત સમગ્ર ક્ષત્રિય સમાજમાં શોકનો માહોલ છવાયો છે. આ પ્રસંગે કિશોરસિંહ સોલંકી તથા ઘનશ્યામસિંહ વાઘેલા સહિત પરિવારજનો અને સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા અને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય ગાંધીધામ

તા.૦૬-૦૬-૨૦૨૬

**સમરથ કો નહીં દોષ..નો તાલ તો નથી ને..!**

# ધોળાવીરાના ખારોડાના કરોડોના જમીનકૌભાંડની તપાસ ઠંડાબક્ષામાં? જમીન શ્રીસરકાર થઈ, બાબુઓ કેમ આબાદ?

**૧૩૦ એકરથી વધુની સરકારી જમીન ખાનગી પાર્ટીને તાસકમાં ધરી દેવાયાની જાગૃત લોકો, ગ્રામજનો, સહિતનાઓને અરજી બાદ કચ્છના તત્કાલીન કલેકટરશ્રીએ આ જમીન રાજયસાત કરવાનો ઓર્ડર કરી દીધો છે, તો પછી સરકારી કરોડોની જમીનનો વેપલો કરનારા પૂર્વ કચ્છના મહેસુલી અધિકારી, જવાબદારો સામે હજુ સુધી કેમ કોઈ પગલા નહી?**

**ખાટલે મોટી ખોટ : મામલતદા, નાયબ કલેક્ટર સહિતનાઓ પર હજુ સુધી કેમ કોઈ જ ધાક બેસાડતા પગલા નહી? જમીન રાજયસાત કરાઈ તેનો મતલબ કે ખોટી રીતે જ સરકારી જમીન વેંચી દેવાઈ હતી? તો આ દસ્તાવેજોમાં સહીકર્તા મહેસુલી તમામ જવાબદારોને કેમ હજુ સુધી સસ્પેન્ડ કરી અને તેમની સામે ફોજદારી રાહે કાર્યવાહી નથી થઈ?**

**રાજયના મહેસુલ વિભાગ, રાજયના એન્ટી કરપ્શન બ્યુરો સુધી ફરીયાદો પહોચી છે, સ્થાનિક અધિકારીઓએ અરજદારોના નિવેદનો પણ લઈ લીધા છે, તમામઆધાર-પુરાવાઓ રજુ કરી દેવાયા છે છતા ભચાઉના આ કેસના ઓર્ડર પાસ કર્તા નાયબ કલેકટર, મામલતદાર સહિતના રેવેન્યુ અધિકારીઓનો કેમ કોઈ વાળ પણ વાંકો નથી કરી શકતુ? : શું મોટાપાયે ઉચ્ચકક્ષાએ પૈસા ફેંક-તમાસા દેખનો ખેલ ખેલાઈ ગયો છે?**

ગાંધીધામ : પૂર્વ કચ્છના ધોળાવીરાના ખારોડામાં ૧૩૦ એકર જેટલી સરકારી જમીન ખોટા આધારો ઉભા કરી અને બારોબાર જ ખાનગી પાર્ટીને પધરાવી દેવાનો મુદો થોડા સમય પહેલા બરાબરનો ચર્ચામાં આવ્યો હતો. જાગૃત ગ્રામજનોની ધારદાર અવીરત રજુઆતો બાદ તંત્રને તેમાં કાર્યવાહી કરવાની ફરજ પડી જ હતી. ભચાઉના તત્કાલીન જવાબાદર મહેસુલના અધિકારીઓની ગુનાહિત લાપરવાહીથી આ કૃત્ય આચરાયુ છે અને તેમની સામે કડક રાહે પગલા લેવાની માંગ પણ જાગૃત વર્ગ્ દ્વારા કરવામાં આવતી હતી.

દરમ્યાન જ આ આખાય કેસમાં અભ્યાસ કરી અને તત્કાલીન કચ્છ કલેકટરશ્રી ડો. આનંદ પટેલે આ જમીનને રાજયસાત-શ્રી સરકાર કરવાનો હુકમ કરી દીધો હતો અને તે બાદ તરત જ સૌમાં આશાવાદ જન્મયો હતો કે, આ પ્રકારે કરોડોની ૧૩૦ એકર જેટલી સરકારી જમીન ખાનગી પાર્ટીને ખોટા આધારો ઉભા કરી અને પધરાવાયા હોવાનુ તો ફલિત કલેકટરના શ્રી સરકાર કરવાના આદેશથી થઈ જ રહ્યો છે ,પરંતુ આ પ્રકારના કૃત્ય કરનારા તે વખતના નાયબ કલેકટર, મામલતદાર સહિતના રેવેન્યુ અધિકારીઓની સામે પણ ધાક બેસાડતી કાર્યવાહી થવાની સૌ આશા સેવી રહ્યા હતા.

પરંતુ આ જમીન રાજય સરકાર હસ્તક લેવાનો આદેશ થઈ ગયાને આજે છ માસનો સમય કદાચ વીતી જવા આવ્યો હશે પરંતુ હજુ સુધી આ પ્રકારે કરોડોની સરકારી જમીનનો વેપલો જેમની સહીઓથી થવા પામી ગયો હશે તેવા ભચાઉના તે વખતના મામલતદાર, નાયબ કલેકટર સહિતનાઓ હજુય આબાદ ફરી રહ્યા છે અને જમીન રાજય સાત કર્યા બાદ જાણે કે આખેઆખા પ્રકરણ પણ એકચોટથી પડદો જ પાડી દેવાયો હોય તેમ તપાસ ઠંડાબક્ષામાં જ જતી રહી હોવાનુ દર્શાય છે. આ આખાય પ્રકરણમં જમીન પ્રકરણોથી લઈ અને લાપરવાહ અધિકારીઓની સામે ભ્રષ્ટાચાર સબબના પણ સવાલો ન માત્ર ઉભા થયા હતા બલ્કે તેને લઈને જાગૃત વર્ગ્ દ્વારા એન્ટી કરપ્શન બ્યુરો સુધી તથા રાજયના મહેસુલી વિભાગ સુધી અનેકવીધ આધાર પુરાવાઓ સાથે ફરીયાદ-અરજી કરવામાં આવી હતી. પરંતુ હજુ સુધી મહેસુલીતંત્ર તરફથી કે પછી એસીબી તરફથી પણ કોઈ ધારદાર અહેવાલ રજુ કરી અને ધાક બેસાડતી કાર્યવાહી આ કેસમાં થવા પામી નથી. રાજય કક્ષાએ અરજી-ફરીયાદો કરાઈ હોવાથી સ્થાનિકે આ મામલે જાગૃત વર્ગના નિવેદન લેવાયા પરંતુ તે બાદ કાઈ જ ઠોસ કાર્યવાહી સરકારી બાબુઓ સામે થતી જોવાઈ ન હોવાથી સવાલો વધુ ઘેરાઈ રહ્યા છે.

સરકારી જમીન ખાનગી પાર્ટીને અપાઈ એ તો જમીન કલેકટરશ્રીએ શ્રી સરકાર કરી હોવાથી ફલિત થયુ, તો આ કૃત્ય મહેસુલી અધિકારી-કર્મચારીઓની સંડોવણી વિના તો થઈ જ ન શકે? તેમની સહીઓ રહેલી હોય તો જ આ કૃત્યો થઈ શકે છે? પરંતુ નાયબ કલેકટર ભચાઉ, મામલતદાર ભચાઉ સામે કોઈ જ પ્રકારની લાલઆંખ ભરી કાર્યવાહી ન થતા સૌ કોઈમાં આશ્ચર્ય ઉભા થવા પામ્યુ છે અને અલગ અલગના સવાલો પણ સર્જાવવા પામી રહ્યા છે.

## ગાંધીધામ આવતો ૪૭.૮૨ લાખનો દારૂ વિરમગામ પાસે પકડાયો

**વિરમગામ પોલીસે હાંસલપુર ચોકડી પર વોચ ગોઠવી રાજસ્થાનના બૂટલેગરને દબોચી લીધો : ટ્રેલર સહિત ૫૮ લાખનો મુદ્દામાલ કબજે કરાયો**



ગાંધીધામ - કચ્છઉદય : અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં પ્રોહિબિશન સંબંધિત ગુનાઓને ડામવા માટે પોલીસ દ્વારા આદરેલી કડક ઝુંબેશ અંતર્ગત વિરમગામ રૂરલ પોલીસને મોટી સફળતા સાંપડી છે. ચોક્કસ ખાનગી બાતમીના આધારે પોલીસે એક ટાટા ટ્રેલરમાં છુપાવીને લઈ જવાતો ભારતીય બનાવટના વિદેશી દારૂનો મસમોટો જથ્થો ઝડપી પાડી કુલ ૫૮ લાખથી વધુની કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, અમદાવાદ રેન્જના આઈજી રાઘવેન્દ્ર વત્સ અને ગ્રામ્ય પોલીસ અધિક્ષક ઓમપ્રકાશ જાટના માર્ગદર્શન હેઠળ વિરમગામ વિભાગના ડીવાયએસપી તપન ડોડીયાની સૂચનાથી રૂરલ પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી. આ દરમિયાન આસિસ્ટન્ટ હેડ કોન્સ્ટેબલ કલ્પેશભાઈ કરમશીભાઈને બાતમી મળી હતી કે,એક ટાટા ટ્રેલર નંબર એમએચ-૪૩-બીએક્સ-૮૭૬૯માં વિદેશી દારૂનો જથ્થો ભરીને વિરમગામ થઈ હાંસલપુર ચોકડી માર્ગે ગાંધીધામ તરફ જઈ રહ્યું છે. બાતમીના આધારે પોલીસ ઈન્સ્પેક્ટર વી.એમ.ઝાલા, પીએસઆઈ એચ.એસ.રાવત અને કલ્પેશભાઈ સહિતના સ્ટાફે હાઈવે પર વોચ ગોઠવી હતી. શકમંદ ટ્રેલરને આંતરીને તપાસ કરતા તેના પાછળના ભાગમાંથી ૧૮૦ મિલીની કંપની સીલબંધ વિદેશી દારૂની કુલ ૩૮,૨૫૬ બોટલો (આશરે ૬૮૮૬ લીટર) મળી આવી હતી. પોલીસે ૪૭.૮૨ લાખની કિંમતનો આ દારૂનો જથ્થો, ૧૦ લાખનું ટ્રેલર, બે મોબાઈલ અને રોકડ રકમ મળીને કુલ ૫૮ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. આ મામલે પોલીસે ટ્રેલર ચલાવતા રાજસ્થાનના બાડમેર જિલ્લાના રહેવાસી મુસ્તાક મમદરહીમ જમાલ પઠાણની ધરપકડ કરી છે, જ્યારે દારૂ મોકલનાર અને મંગાવનાર અન્ય વોન્ટેડ આરોપીઓને ઝડપી પાડવા માટે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

## કચ્છમાં સરકારી પ્રોજેક્ટ હેઠળ સંપાદિત થનારી ખેતીની જમીનો એક વર્ષ સુધી બિનખેતી નહીં થઈ શકે

**રાજ્ય સરકારનો મહત્વનો પરિપત્ર : મોટા સરકારી પ્રોજેક્ટોમાં વળતરનો ખેલ રોકવા કલેક્ટર પ્રક્રિયા શરૂ થયાના ૬૦ દિવસમાં જ સર્વે નંબરોનું લિસ્ટ જાહેર કરશે : સામાન્ય ખેડૂતોએ મુંઝાવાની જરૂર ન હોવાનો રાજ્ય સરકારનો સધિયારો**

ભુજ - કચ્છઉદય : ગુજરાત સરકાર દ્વારા જમીન સંપાદન અને બિનખેતી પ્રક્રિયાને લઈને એક અત્યંત મહત્વનો અને મોટો પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે, જેની સીધી અસર હવે કચ્છ જિલ્લાના જમીન બજાર અને સરકારી પ્રોજેક્ટો પર જોવા મળશે. રાજ્ય સરકારના નવા નિયમ અનુસાર, જ્યારે પણ કોઈ મોટા સરકારી પ્રોજેક્ટ માટે જમીન સંપાદનની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે, ત્યારે તે વિસ્તારની ખેતીની જમીન આગામી એક વર્ષ સુધી બિનખેતી કરાવી શકાશે નહીં. કચ્છ જિલ્લો હાલ ઔદ્યોગિક વિકાસ, ગ્રીન એનર્જી, મોટા હાઈવે અને સરકારી પ્રોજેક્ટોનું કેન્દ્ર બન્યો છે, ત્યારે આ પરિપત્ર સ્થાનિક જમીન માલિકો અને રોકાણકારો માટે ખૂબ જ અગત્યનો સાબિત થશે.

સામાન્ય રીતે એવું જોવા મળતું હોય છે કે જ્યારે પણ કોઈ વિસ્તારમાંથી નવો સરકારી રોડ, હાઈવે, વીજ લાઈનના મોટા થાંભલા કે સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ જેવા મોટા સરકારી પ્રોજેક્ટો પસાર થવાના હોય, ત્યારે કેટલાક જમીન માલિકો અને તત્વો પોતાની ખેતીની જમીનને તાબડતોબ બિનખેતી કરાવવાની પ્રક્રિયા શરૂ કરી દેતા હોય છે. ખેતીની જમીન કરતાં બિનખેતી થયેલી જમીનનું સરકારી વળતર ઘણું વધારે મળતું હોવાને કારણે સરકાર પર મોટો આર્થિક બોજો પડતો હતો. સરકારના કરોડો રૂપિયાના વળતરનો આ ખેલ રોકવા માટે જ હવે નવો કાયદાકીય વળાંક લાવવામાં આવ્યો છે, જેથી પ્રોજેક્ટની જાહેરાત થતાં જ લોકો વળતર મેળવવાની લાલચે જમીન બિનખેતી ન કરાવી લે.

કચ્છ જિલ્લાના વહીવટી તંત્ર અને કલેક્ટર હસ્તક આ નવી પ્રક્રિયા ખૂબ જ કડક રીતે લાગુ કરવામાં આવશે. જે અંતર્ગત, જિલ્લામાં જ્યારે પણ કોઈ સરકારી પ્રોજેક્ટ અંતર્ગત જમીન સંપાદનની પ્રક્રિયા શરૂ થશે, ત્યારે કલેક્ટર દ્વારા પ્રાથમિક તબક્કે જ ૬૦ દિવસ માટે જે તે પ્રોજેક્ટ વિસ્તારની બિનખેતીની તમામ પ્રક્રિયાઓ અટકાવી દેવામાં આવશે. આ ૬૦ દિવસના સમયગાળા દરમિયાન તંત્ર દ્વારા એ નક્કી કરવામાં આવશે કે કયા કયા સર્વે નંબરો સંપાદન હેઠળ આવી રહ્યા છે. આ સર્વે નંબરો નક્કી થઈ ગયા બાદ તેનું એક અલગ લિસ્ટ તૈયાર કરવામાં આવશે અને આ લિસ્ટમાં સામેલ તમામ સર્વે નંબરોની જમીન પર આગામી એક વર્ષ સુધી બિનખેતી કરાવવા પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે.

કચ્છના અંતરિયાળ વિસ્તારોના ખેડુતોએ આ પરિપત્રથી બિલકુલ મૂંઝાવાની કે ચિંતા કરવાની જરૂર નથી, કારણ કે આ નિયમ સામાન્ય ખેતીની જમીનોને કે સામાન્ય ખેડૂતોને કોઈ જ રીતે લાગુ પડતો નથી. જે ખેડૂતો પોતાની જમીનમાં નિયમિત ખેતી કરે છે કે પોતાના અંગત વ્યાપારી હેતુ માટે સામાન્ય સંજોગોમાં બિનખેતી કરાવવા માંગે છે, તેમને કોઈ અડચણ નહીં આવે. આ પ્રતિબંધ માત્ર અને માત્ર એવા જ સર્વે નંબરો પર લાગશે જે સરકારી પ્રોજેક્ટના સંપાદન વિસ્તારની સીમામાં આવતા હશે. કચ્છમાં અવારનવાર બનતા રાષ્ટ્રીય ધોરીમાર્ગો, રેલવે લાઈનો અને ઉદ્યોગોના વળતરના કિસ્સાઓ વચ્ચે આ પરિપત્ર જમીન બજારની ગતિવિધિઓમાં મોટો ફેરફાર લાવશે તે નક્કી છે.

## અંતરજાળ દુર્ઘટના : ERCની ભૂમિકા ચર્ચામાં : તંત્રના હસ્તક્ષેપ બાદ ૧૬ કલાકે મૃતદેહ મળ્યો !





ગાંધીધામ : અંતરજાળના પાતળીયા હનુમાન નજીક તળાવમાં ડૂબી ગયેલા ૧૪ વર્ષીય બાળકની શોધખોળ દરમિયાન ગાંધીધામ સ્થિત ERC (ઈમર્જન્સી રિસ્પોન્સ સેન્ટર)ની કામગીરી ચર્ચાના કેન્દ્રમાં આવી છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ રાત્રિના અંધારાને કારણ દર્શાવી શોધખોળની કામગીરી સ્થગિત કરવામાં આવી હતી. જોકે ગાંધીધામ મહાનગરપાલિકાના મેયર દિવ્યાબેન નાથાણી , ડેપ્યુટી કમિશનર શ્રી રામાનુજ અને ગાંધીધામ મામલતદાર જાવેદભાઈ સિંધીના હસ્તક્ષેપ બાદ ફરીથી રેસ્ક્યૂ ઓપરેશન શરૂ કરાયું હતું.સતત ૧૬ કલાક સુધી ચાલેલી શોધખોળ બાદ બાળકનો મૃતદેહ મળી આવ્યો હતો. ઘટનાએ સ્થાનિકોમાં સવાલ ઊભા કર્યા છે કે અદ્યતન સાધનો અને વિશેષ તાલીમ ધરાવતી ઈઈઝ જેવી એજન્સી રાત્રિના સમયે અસરકારક કામગીરી કરવામાં કેમ અસમર્થ રહી? બીજી તરફ સ્થાનિકો તંત્રના અધિકારીઓની સમયસૂચકતા અને સતત દેખરેખને કારણે કામગીરીને ફરી ગતિ મળી હોવાનું જણાવી રહ્યા છે.

## મહિલા મેયરની સંવેદનશીલતાના દર્શન : મધરાતે માસુમની શોધખોળ માટે ખુદ ઘટનાસ્થળે ધસી ગયા

**માસૂમ બાળકને શોધવા માટે દિવ્યાબેન નાથાણીએ ઘટનાસ્થળે દોડી જઈને તંત્રને દોડતું કર્યું**

**મેયર દિવ્યાબેન નાથાણી ઘટનાસ્થળે પહોચ્યા બાદ અધિકારીઓ પણ દોડતા થયા : બંધ કરી દેવાયેલ રેસ્કયુ કામ-ઓપરેશન પણ ફટાફટ હાથ ધરાતા અંતે કલાકોની જહેમત બાદ બાળકનો મળ્યો મૃતદેહ**

**પ્રાંત અધિકારી, મામલતદાર, મનપાના ડે.કમિશ્નર સહિતનાઓ ઘટનાસ્થળે રહ્યા હાજર : ઈઆરસીએ તો અંધારાનું કારણ આગળ ધરી અને રેસ્કયુ કાર્ય બંધ કરી દીધુ હતુ, જનરેટર તથા લાઈટ જેવી સુવિધાઓ પણ સ્થાનીકના જાગૃત લોકોએ કરી હતી**

ગાંધીધામ : એક તરફ વહીવટી તંત્રની બેદરકારી તો બીજી તરફ પ્રથમ મહિલા મેયરની સંવેદનશીલતા! હાલમાં જ એક હૃદયદ્રાવક ઘટનામાં જ્યારે તંત્રએ અંધારાનું બહાનું કાઢીને બાળકને શોધવાની કામગીરી અધવચ્ચે અટકાવી દીધી હતી, ત્યારે મેયર દિવ્યાબેન નાથાણીએ જાતે ઘટનાસ્થળે પહોંચીને આખા ઓપરેશનમાં નવી ગતિ ભરી હતી. ઘટના એવી બની હતી કે, એક માસૂમ બાળકની શોધખોળ માટે રેસ્ક્યુ ઓપરેશન ચાલી રહ્યું હતું. જોકે, ત્યાં હાજર રહેલી જીઙઈહ્ન જેવી બચાવ ટીમોએ ‘અંધારું છે’ તેવું કારણ આપીને કામગીરી સ્થગિત કરી દીધી હતી. જ્યારે આ વાતની જાણ મેયર દિવ્યાબેન નાથાણીને થઈ, ત્યારે તેઓ જરા પણ વિલંબ કર્યા વિના મધ્યરાત્રિએ સીધા ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. મેયરના આગમન બાદ આખી પરિસ્થિતિ પલટાઈ ગઈ હતી. તેમની તત્પરતા અને આદેશને પગલે પ્રાંત અધિકારી, મામલતદાર અને મહાનગરપાલિકાના ડેપ્યુટી કમિશનર સહિતનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. સ્થાનિક લોકોએ પણ સહયોગ આપીને જનરેટર અને લાઈટની વ્યવસ્થા કરી હતી, જેથી અંધારામાં પણ શોધખોળ શરૂ કરી શકાય. મેયરની અંગત દેખરેખ અને સક્રિયતાના કારણે જે રેસ્ક્યુ ઓપરેશન ખોરંભે ચડ્યું હતું, તેને ફરી વેગ મળ્યો. પરિણામે, ગણતરીના કલાકોમાં જ માસૂમ બાળકની ભાળ મળી ગઈ હતી. એક તરફ જે બચાવ ટીમો ‘શોભાના ગાંઠિયા’ સમાન સાબિત થઈ હતી, તેની સામે મેયર દિવ્યાબેન નાથાણીની જાગૃતિ અને એક બાળક પ્રત્યેની તેમની સંવેદનશીલતાની સમગ્ર વિસ્તારમાં ભારે પ્રશંસા થઈ રહી છે. મધ્યરાત્રિએ પણ નાગરિકની મદદ માટે દોડી જનારા મેયરના આ પગલાએ સાબિત કર્યું છે કે જ્યારે વહીવટી તંત્ર નિષ્ફળ જાય, ત્યારે લોકપ્રતિનિધિની સક્રિયતા ઘણી મહત્વની બની જાય છે.

## કચ્છની મીની સંસદમાં હવે કસદાર સમિતિઓ માટે સળવળાટ : રાજકિય ઉત્કંઠાઓ તેજ

**જિલ્લા પંચાયતમાં હવે ‘સમિતિ’ના અધ્યક્ષપદ માટે આંતરિક ખેંચતાણ : કામે લાગ્યા લોબિંગના ‘કિંગ‘ : સત્તાની વહેંચણી પછી હવે સમિતિઓ માટે દોડધામ શરૂ**

**મુખ્ય હોદ્દેદારોમાં પ્રમુખ અંજાર, ઉપપ્રમુખ અબડાસા, કારોબારી ચેરમેન ભુજ વિસ્તાર, શાશકપક્ષના નેતા પણ ભુજ વિસ્તારમાથી અને દંડક માંડવીના પસંદગી પામી ચુકયા છે, એટલે હવે લખપત, મુંદરા-રાપર-ભચાઉ, નખત્રાણા વિસ્તારને મળી શકે છે સમીતીઓમાં પ્રાધાન્ય : જ્ઞાતિવાર ચિત્રમાં પણ એસટી, પાટીદાર, ક્ષત્રીય, અને આહીર સમુદાયને મળી ચૂકયુ છે પ્રતિનિધિત્વ : સામાજિક ન્યાય સમિતિ નખત્રાણા, સિંચાઈ મુંદરા વિસ્તારને ફાળે જઈ શકે છે**

**વિધાનસભા ૨૦૨૭ને લક્ષ્યમાં રાખી જ્ઞાતિ-જાતી-વિસ્તાર, પક્ષના મોભીઓ-આગેવાનો સહિતનાઓને ધ્યાને રાખી સમતોલ રીતે કરાશે વરણીઓ : બાંધકામ-સીંચાઈ, શિક્ષણ, આરોગ્ય જેવી કસદાર સમિતિઓ માટે એડી ચોટ્ટીના લાગી રહ્યા છે જોર**

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લા પંચાયતમાં પ્રમુખ, ઉપપ્રમુખ અને કારોબારી સમિતિના ચેરમેન સહિતના મહત્વના પદોની વરણી બાદ હવે રાજકીય વાતાવરણ વધુ ગરમાયું છે. આગામી દિવસોમાં વિવિધ સાત સમિતિઓની રચના થવાની હોઈ, સત્તાધારી પક્ષમાં હવે સમિતિઓના ‘ચેયરમેન’ બનવા માટે સભ્યોએ અત્યારથી જ એડીચોટીનું જોર લગાવવાનું શરૂ કરી દીધું છે.જિલ્લા પંચાયતના પ્રમુખ પદે પ્રભાબેન મેરામણ રબારી (ભીમાસર ચકાસર બેઠક), ઉપપ્રમુખ પદે મહાવીરસિંહ જુવાનસિંહ જાડેજા (નલિયા બેઠક) અને કારોબારી ચેરમેન પદે હરેશભાઈ ભંડેરી (ભુજ સુખપર બેઠક)ની વરણી બાદ રાજકીય ગતિવિધિઓ તેજ બની છે. આ ઉપરાંત ધનજીભાઈ ખીમાભાઈ ચાવડા શાસક પક્ષના નેતા અને મેઘબાઈ જીવરાજ ગઢવી દંડક તરીકે જવાબદારી સંભાળી રહ્યા છે. મુખ્ય પદોની વહેંચણી પૂર્ણ થતાં જ હવે સભ્યોની નજર મહત્વની સમિતિઓ પર મંડાઈ છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, કારોબારી સમિતિના ચેરમેન પદની ફાઈનલ જાહેરાત બાદ હવે બાકી રહેલી સમિતિઓ જેવી કે બાંધકામ, શિક્ષણ, આરોગ્ય, સિંચાઈ, મહિલા અને બાળ વિકાસ તેમજ સામાજિક ન્યાય સમિતિમાં પોતાનું નામ ફાઈનલ કરાવવા માટે સભ્યોએ ‘લોબિંગ‘ શરૂ કરી દીધું છે. ખાસ કરીને બાંધકામ સમિતિ જેવા મલાઈદાર અને મહત્વના ગણાતા પદ માટે સભ્યોમાં વધુ સ્પર્ધા જોવા મળી રહી છે.રાજકીય વર્તુળોમાં ચર્ચા છે કે, અઢી વર્ષના કાર્યકાળના સમીકરણોને ધ્યાનમાં રાખીને પણ કેટલાક સભ્યો અત્યારે શાંત બેસીને યોગ્ય સમયની રાહ જોઈ રહ્યા છે. બીજી તરફ, કારોબારી ચેરમેન પદ કે અન્ય મહત્વના હોદ્દાઓ પર સેટ થયેલા સભ્યો સાથે તાલમેલ બેસાડીને પોતાની છાપ છોડવા માટે પણ નવા ચૂંટાયેલા સભ્યો મથામણ કરી રહ્યા છે. ભાજપના આંતરિક વર્તુળોમાં આ ‘સમિતિના સંગ્રામ‘ને લઈને ભારે ઉત્તેજના જોવા મળી રહી છે. હવે જોવાનું એ રહે છે કે, પક્ષ મોવડી મંડળ દ્વારા કોના નામ પર મંજૂરીની મહોર મારવામાં આવે છે અને કોનું નસીબ ચમકે છે. જિલ્લા પંચાયતની ઓફિસમાં અત્યારે સભ્યોની અવરજવર વધી ગઈ છે, જે સ્પષ્ટ સંકેત આપે છે કે આગામી દિવસોમાં રાજકીય ગરમાવો ચરમસીમા પર હશે.

## સુથરી, ખુઅડા, લઠેડી સીમમાં ફરી એકવાર પવનચક્કીના વાયર કપાયા

**૧,૨૪,૬૫૦ ના કેબલની ચોરી થઈ : વારંવાર ઘટનાઓ બને આરોપી પકડાય પણ નક્કર કાર્યવાહી ન થતા તસ્કરો બેફામ બન્યા**

**ટીમ અંજાર પીઆઈ શ્રી જાડેજા જો રાત-ઉજાગરા કરી સિવિલ ડ્રેસમાં ચોક્કી પહેરા રાખી અને આવી કુખ્યાત કેબલ ચોર ટોળકીઓને પકડી શકતી હોય તો ભુજ પોલીસ કેમ ન પકડી શકે? જો કે, આવી કામગીરી માટે ઉજાગરા કરવા પડે, અવાવરૂં જગ્યાઓએ જીવના જોખમે પણ ફરજનિષ્ઠા દેખાડવી પડે.!**

ભુજ - કચ્છઉદય : અબડાસા તાલુકામાં ઉદ્યોગોના આગમન પછી વસ્તીમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. એકતરફ સરકાર કહે છે કે સરહદો ધમધમવી જોઈએ પરંતુ અબડાસા વિસ્તારમાં ગામડાઓ ખાલી થઈ રહ્યા છે. જે જગ્યાએ પહેલા ખેતી થતી ત્યાં હવે પવનચક્કી અને સોલાર પાર્ક બની રહ્યા છે. જો કે પવનચક્કીના આગમન પછી અહીં આયોજનબદ્ધ ગુનાખોરીમાં વધારો થયો છે, તેમાં કેબલ ચોરી મુખ્ય છે. ખાસ કરીને ગામડાઓમાં સીમ વિસ્તારમાં પસાર થતી પવનચક્કી અને વીજપોલના કેબલ ચોરાય છે. આરોપી પકડાય તેની પાસેથી થોડો ઘણો મુદ્દામાલ રિકવર થાય અને બાદમાં આરોપીઓ છુટી જાય અને ફરી કેબલ ચોરાય. આ સીલસીલો લાંબા સમયથી ચાલી રહ્યો છે. અબડાસા તાલુકાના સુથરી સીમ વિસ્તારમાં આવેલી સુઝલોન કંપનીની પવનચક્કી નંબર એમ. ૧૮૫, એમ. ૨૪૪, ખુઅડા સીમમાં આવેલી પવનચક્કી નંબર એમ.૨૫૧, એમ. ૨૫૬, લઠેડી સીમમાં આવેલી પવનચક્કી નંબર એમ. ૩૦૩, એમ.૨૮૯ માં ચોરીનો બનાવ બન્યો હતો. ફરીયાદી આરીખાણામાં રહેતા ફિલ્ડ સુપરવાઈઝર નારૂભા હરીસંગ જાડેજાના જણાવ્યા પ્રમાણે કોઈ અજાણ્યા ઈસમોએ પવનચક્કીની કેબીનો અને કંટ્રોલ રૂમના તાળા તોડી અંદર પ્રવેશ કરી ટાવરમાં લગાવેલા ૨૪૦ સ્કવેર એમએમના ૧૯૨૦ મીટર કેબલ વાયર, ૩૦૦ સ્કવેર એમએમના ૩૩૦ મીટર વાયર, ૧૮૫ સ્કવેર એમએમના ૨૦૦ મીટર વાયર, ૧૫૦ સ્કવેર એમએમના ૬૪૦ મીટર વાયર, ૧૦, ૫, ૨.૫ સ્કવેર એમએમના ૩૪૫ મીટર સ્કવેર વાયર મળી કુલ્લ ૧,૨૪,૬૫૦ ના વાયરની ચોરી કરવામાં આવી હતી. જે બાબતે કોઠારા પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

### ભંગારીયા અને માલ ખરીદનારા સંચાલકો સુધી રેલો પહોંચતો નથી

અત્યાર સુધીના ઘટનાક્રમો અને પકડાયેલા આરોપીઓની કબુલાત પર નજર કરીએ તો તેઓ સીમ વિસ્તારમાં લાઈન ટ્રીપ કરીને વીજ વાયર ચોરી કરે છે. સીમ વિસ્તારમાં વાયર સળગાવી તેમાંથી કોપર કાઢી લેવામાં આવે છે. તે ભંગારીયા અથવા ભુજમાં ભંગારના વાડાના સંચાલકોને આપી દેવામાં આવે છે. મોબાઈલ વાહન કે અન્ય કોઈ વસ્તુ હોય તો તેને ટ્રેસ કરી શકાય. પરંતુ બળેલો કોપર વાયર કયાંથી ચોરાયો છે ? તે સામે આવતું નથી. વારંવાર આવી ઘટનાઓ બનતી હોવા છતં ભંગારના વાડાના સંચાલકો સામે પગલા લેવાતા નથી. વીજ વાયરો ચોરી થાય અને વેચાણ થાય તેમાં વીજ તંત્રના કેટલાક ભ્રષ્ટ કર્મચારીઓ સંડોવાયેલા હોવાનું પણ જાણકારો જણાવે છે.